વર્ષ : ૩૮ ◆ અંક : ૬
જૂન - ૨૦૧૫

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 10/- Each

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં પૂ.આચાર્યશ્રી ૧૦૮ પુષ્પદંતસાગરજી મહારાજનું મંગલ આગમન
(તા. ૨૫-૫-૨૦૧૫)



## સંસ્થાના સંકુલમાં નવનિર્મિત શ્રી રાજકુટિરનું નયનરમ્ય દૃશ્ય



-: પ્રેરક :-
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-
**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫
(૨) ઉપયોગી વ્યાખ્યાઓ ......... પૂ.શ્રી આત્માનંદજી ...... ૬
(૩) શૂન્ય બનીને પૂર્ણ પામીએ .. ડૉ. કુમારપાળ દેસાઈ ...... ૮
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૧
(૫) શ્રી આનંદઘન ચોવીશી.... .. શ્રી અશોકભાઈ શાહ .... ૧૪
(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .......શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૧૮
(૭) સમ્યક્ જ્ઞાન ................. બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૩
(૮) જ્ઞાનશક્તિ ................. શ્રી વલભજી હીરજી .... ૨૬
(૯) સામાયિક વ્રત ........... શ્રી નિરૂપમાબેન ડગલી .... ૨૭
(૧૦) મુનિશ્રી સંતબાલજીના જીવનસંદર્ભે જૈનધર્મમાં સેવાભાવ ...........શ્રી ગુણવંતભાઈ બરવાળિયા .... ૨૮
(૧૧) શ્રદ્ધા ...................... શ્રી વિભાબેન મહેતા .... ૩૦
(૧૨) સત્સંગ વગર વિકારમુક્તિ અશક્ય ............ ........................... શ્રી ધૂની માંડલિયા .... ૩૨
(૧૩) બાળવિભાગ ...............શ્રી મિતેશભાઈ શાહ .... ૩૩
(૧૪) પુસ્તક સમાલોચના .........શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪
(૧૫) Yuva Times ..................................... ૩૫
(૧૬) સમાજ-સંસ્થા દર્શન ............................... ૩૬

**વર્ષ : ૩૯ જૂન, ૨૦૧૫ અંક - ૬**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
mail@shrimadkoba.org
www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, ''મહાઅંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કંઈ કારણયુક્ત હશે જ, એ નિઃશંક છે.''

પૂજ્ય સોભાગભાઈને સંબોધીને આપે આ વાત લખી છે, પરંતુ અમને પણ એમ લાગે છે કે આ કાળમા આપ બંનેનો જન્મ કારણયુક્ત જ છે. આ કાળમાં આપ બંને ન હોત તો અમારું શું થાત ? આપ નહોતા ત્યારે અમારી દશા કેવી હતી ! અનાદિકાળથી રખડતા, રઝળતા, અંધકારમાં આથડતા આપના નિરાધાર બાળકો માટે જ આ કાળમાં આપ બંને અવતર્યા છો ! ફરી ફરી, દિને દિને, પ્રસંગે પ્રસંગે એવો જ વિચાર આવે છે કે આપ ન હોત તો અમારું શું થાત ?

આપે આ કાળને મહાઅંધકારમય કહ્યો છે, પરંતુ સૂર્યનો ઉદય પણ રાત્રિના અંધકાર પછી જ તો થાય છે ને ? સૂર્ય ન હોય તો જગતનું શું થાય ?

તેવું જ અમારી બાબતમાં પણ છે. શ્રી વચનામૃતજીના ૯૫૫ પત્રોમાંથી ૨૪૪ પત્રો પૂજ્ય સોભાગભાઈને જ લખ્યા છે; જેમાંથી જ્ઞાનનો પ્રકાશ અને ભક્તિના ભાવ અમને લાધ્યા છે. મોક્ષમાર્ગ સમજાયો છે અને એ માર્ગે ચાલવાનું બળ પણ અમને સાંપડ્યું છે !

સવારથી સાંજ સુધીમાં ભક્તિ, સ્તુતિ, આજ્ઞા-ભક્તિ અને શ્રી આત્મસિદ્ધિ એ અમારા જીવનના અંગ જ બની ગયા છે ! અને સંસાર તો હવે અસાર જ લાગે છે. દિલમાં ભાવો ઉછળે છે અને અંતરમાંથી ઉદ્ગાર સરે છે –


''ધન્ય રે રાજપ્રભુ તું મળ્યો, તારી કરવી શી વાત રે ?
જોડ જડે જગમાં નહીં, એવો મળિયો તું તાત રે;
મેઘવર્ષા પરમાર્થની, થઈ પંચમકાળ રે,
ભાગ્ય જાગ્યાં અમ જીવોના, ઊગ્યો ચંદ્ર અમાસ રે. ધન્ય રે.''

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૪૫૯



**મુંબઈ, બીજા અષાઢ વદ ૬, ૧૯૪૯**

શ્રી કૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી. જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી. સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિશે ભ્રાંતિ થાય; અને જ્યાં સુધી પરમાર્થને વિશે ભ્રાંતિ થાય નહીં ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. સર્પને આ જગતના લોકો પૂજે છે તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતા નથી, પણ ભયથી પૂજે છે; ભાવથી પૂજતા નથી; અને ઈષ્ટદેવને લોકો અત્યંત ભાવે પૂજે છે, એમ સમ્યક્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, તે પૂર્વે નિબંધન કરેલાં એવાં પ્રારબ્ધકર્મથી દેખાય છે. વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહીં. પૂર્વકર્મના ઉદયરૂપ ભયથી ઘટે છે. જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્દૃષ્ટિપણું તે જીવને હોય છે.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયાં સંભવે નહીં; એમ જે કહેવાય છે તે યથાર્થ છે. સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહ વિના એવાં ક્રોધ, માન, માયા અને લોભ હોય નહીં, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્તતો હોય તેને કોઈ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઈ પણ ઉદય થવા સંભવે છે, અને જ્યાં સુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાં સુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય. પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે. દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.

તેવું નીરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાની-પુરુષના નિશ્ચયે થવું સંભવે છે; બીજા પ્રકારે થવું સંભવતું નથી. પરમાર્થજ્ઞાને અપરમાર્થરૂપ એવો આ સંસાર જાણી પછી તે પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા કે લોભ કોણ કરે ?કે ક્યાંથી થાય ? જે વસ્તુનું માહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે, અને જેને ભ્રાંતિ ભાસી છે તેને પછી તેનું માહાત્મ્ય શું લાગે ? એવી માહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણ પણ એ જ છે. કોઈ જ્ઞાનના આવરણને કારણે જીવને વ્યવચ્છેદક જ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન, જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે. વડનાં બીજની પેઠે પરમાર્થ-વડનું બીજ એ છે.

તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યક્દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં. જે સંસારઅર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્‌ગુરુ, દેવ, ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ થાય છે, કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી; માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે, તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે. તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસત્‌ગુર્વાદિકના આગ્રહથી, માઠા બોધથી, આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે. તેમ જ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષક રહે છે; એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.

● ● ●

# ઉપયોગી વ્યાખ્યાઓ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



- **અપારિણામિક દેહ-મમતા** એટલે વિવેકપૂર્વકની દેહસંભાળ કે જેમાં મોહાસક્તિ નથી; કારણ કે તે શરીર પછી ધર્મ કરવા માટે વાપરવું છે.
- આત્માના લક્ષે કે આત્મજ્ઞાન સહિત જે શુભ આત્મચિંતન કે અનુપ્રેક્ષા કરવામાં આવે, તેને **ધર્મધ્યાન** કહેવામાં આવે છે એમ પાત્રભેદે યથાપદવી સમજવું.
- આવેશને શમાવવો તેને **ઉપશમ** કહેવાય છે.
- **સંયમ** = સમ્ + યમ = સમ્યક્ પ્રકારે મન અને ઇન્દ્રિયોનો નિરોધ કરી આત્મા પ્રત્યે વળવું, તે સાચો સંયમ છે.
- **યમ** એટલે આખા જીવનના માટે ગ્રહણ કરેલાં વ્રતો.

  **નિયમ** એટલે પરિમિત કાળ માટે ગ્રહણ કરેલાં વ્રતો.
- જે વાંચવાથી, સમજવાથી, વિચારવાથી અને અનુસરવાથી આપણા જીવનમાં ક્ષમા, વિનય, સંતોષ, મૈત્રી, પ્રસન્નતા વગેરે સદ્‌ગુણો પ્રગટે તે **ધર્મ**નો એક રૂડો પ્રકાર છે.
- 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનો સામાન્ય અર્થ : **સહજ-આત્મસ્વરૂપ પરમ-ગુરુ**
  - ❖ પરમગુરુ શ્રી તીર્થંકર ભગવાન માટે વપરાય છે.
  - ❖ ગુરુઓના ગુરુ એ પરમગુરુ કહેવાય છે.
  - ❖ 'પરમગુરુ' એ કોઈ પણ પ્રતિભાશાળી, યુગપ્રધાન મહાપુરુષ માટે પણ વાપરવામાં આવે છે.
  - ❖ પરમગુરુ એવા તીર્થંકર ભગવાન એ સહજ આત્મસ્વરૂપને પામેલા છે – એમ સાધનાની અપેક્ષાએ અર્થ સમજવો.
  - ❖ મારું મૂળ સ્વરૂપ, શક્તિ અપેક્ષાએ, પરમગુરુના જેવું જ છે – એમ નિશ્ચયથી અર્થ સમજવો.
- સંપૂર્ણ રાગદ્વેષરહિત થવું એટલે પૂર્ણ **વીતરાગતા**.
- **દયા** = જેમની સાથે સ્વાર્થસંબંધ નથી તેમના પ્રત્યે પણ સર્વ પ્રકારે કૂણું વર્તન રાખવું.

  **મોહદયા** = જે દયામાં મોહના અંશો ભળેલા હોય તે. સામાન્ય રીતે આ પ્રકારના ભાવો નજીકના સગા પ્રત્યેના આસક્તિપૂર્ણ વ્યવહાર માટે વપરાય છે.

  જ્ઞાનીને જ મુખ્યપણે સાચી દયા હોય છે કારણ કે તેમને મોહાસક્તિ હોતી નથી; જ્યારે અન્યને તેવી દયા માત્ર સામાન્યપણે હોય છે.
- અત્યંત જ્ઞાનશાળી અને ઐશ્વર્યવાળી વ્યક્તિને **પરમ ભટ્ટારક** કહેવાય છે. આ શબ્દ મોટા ભાગે તીર્થંકર ભગવાનને માટે વપરાય છે.
- સાધકની **ગુણપ્રમોદ**ની ભાવના :

  'ગુણગ્રહણકા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોં પર જાવે.'
- **સાચો સ્વાધ્યાય** તેને કહેવાય –

  ૧. જેમાં પરની નિંદા ન હોય,

  ૨. જેમાં મૂળભૂત તત્ત્વોનો નિર્ણય થઈ શકે,

  ૩. જેમાં મનના સંકલ્પ-વિકલ્પો ઓછા થઈ જાય, અને

  ૪. જે કરતાં કરતાં ચિત્ત ધ્યાનદશા તરફ વળી

જાય.

- પોતાના સ્વરૂપમાં આચરણ કરવું તેને **સ્વરૂપાચરણ ચારિત્ર** કહેવાય છે.
- પોતાના બ્રહ્મસ્વરૂપી આત્મામાં લીન થઈ જવું તેનું નામ **નિશ્ચય બ્રહ્મચર્ય** છે.
- **સરંભ, સમારંભ** અને **આરંભ** : આ ત્રણનું સ્વરૂપ શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહ્યું છે :
  ૧. **સરંભ** : મનમાં કોઈ પ્રકારનો સંકલ્પ કરવો તે.
  ૨. **સમારંભ** : સંકલ્પને સાકાર કરવા માટે સામગ્રી ભેગી કરવી તે.
  ૩. **આરંભ** : કરેલા નિર્ણયને અમલમાં મૂકવો તે.
- **સામાયિક**નો પરમાર્થ દૃષ્ટિથી અર્થ સમતાભાવમાં રહેવાનો અભ્યાસ કરવો તે છે.
- **ભક્તિ** એટલે પરમાત્મા, સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્રની સાચી ઓળખાણ કરવી અને તેમનો નિશ્ચય-આશ્રય કરીને, નવધા ભક્તિ (શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન, લઘુતા, સમતા અને એકતા) દ્વારા પોતાના અહંભાવનો નાશ કરી, પરમવિનયને પ્રાપ્ત થવું તે.
- **વૈરાગ્ય** એટલે જગતના સર્વ પદાર્થોમાં અનાસક્તિનો ભાવ.
- **વિવેકજ્ઞાન** એટલે જડ-ચેતન, દેહ-આત્મા, પાપ-પુણ્ય, આસ્રવ-સંવર, બંધ-નિર્જરા આદિ પ્રયોજનભૂત તત્ત્વોને ગુરુગમ દ્વારા જેવાં છે તેવાં જાણવાં, સમજવાં, વિચારવાં અને અભ્યાસવાં.
- ભારતીય પરંપરામાં આત્માને પરમાત્માની સાથે જોડે તેવી બધી સાધનાને **યોગસાધના** કહેવામાં આવે છે.
- દેહ અને આત્માની ભિન્નતાનો પ્રયોગ કરવો તેનું નામ સાચો **કાયોત્સર્ગ** છે.
- **શુદ્ધોપયોગ** તે સાધન છે, સ્વભાવ નથી.
- અનાદિકાળથી મોહનીયકર્મને વશ થયેલો દરેક જીવ પોતાને શરીર માને છે, તેને **અગૃહીતમિથ્યાત્વ** કહે છે.
- શાસ્ત્રો વાંચવાં તે **વ્યવહાર સ્વાધ્યાય** છે.
- સ્વ-અધ્યયન (આત્મલક્ષી અનુપ્રેક્ષા) તે **નિશ્ચય સ્વાધ્યાય** છે.
- **પરમાર્થધર્મ** શરીરથી નથી થતો, પરંતુ આત્માના ભાવ દ્વારા થાય છે. શરીર તો ધર્મ કરવાનું એક ઉપયોગી બાહ્ય સાધન છે; તેથી તેનું તેટલું મહત્ત્વ સ્વીકારવું જોઈએ.
- કોઈ અપેક્ષાએ મુમુક્ષુને **મહાત્મા** કહી શકાય છે અને સમ્યગ્‌દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત થયા પછી તેને **ધર્માત્મા** કહી શકાય છે.
- 'ગુરુ' શબ્દનો શબ્દાર્થ મોટા, વજનદાર, ભારે, પ્રભાવશાળી એવો છે. બીજી રીતે વિચારીએ તો, ગુ = અંધારું, રુ = પ્રકાશ. અજ્ઞાનરૂપી અંધકારમાંથી સદ્‌જ્ઞાન રૂપી પ્રકાશમાં લઈ જાય તેવા મહાપુરુષને સદ્‌ગુરુ કહેવામાં આવે છે.

• • •

## સત્સંગ વગર વિકારમુક્તિ અશક્ય

**(પાના નં. ૩૨ પરથી ચાલુ...)**

પોતાની સન્માર્ગને વિશે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી અને સાંભળ્યું નથી.

પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે, તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી. કારણકે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષ જોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપ સ્થિતિ થવી સંભવિત માનીએ છીએ. તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે, કારણ મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.

મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે."

• • •

## પરમનો સ્પર્શ - ૬૮

# શૂન્ય બનીને પૂર્ણ પામીએ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ધર્મનું પ્રથમ કાર્ય છે તમારા ભીતરમાં વર્ષોથી પડેલી રહેલી સુષુપ્ત શક્તિને પ્રગટ કરવાનું અને પછી તેમને આધ્યાત્મિકતા પ્રત્યે છલાંગ લગાવવાનો 'ધક્કો મારવાનું.' બહુ અઘરી ને કપરી છે આ છલાંગ. મહાત્મા હસન એકવાર નદીકિનારે બેઠા હતા. એમણે જોયું કે નદીનાં એક ખાબોચિયાંને કૂદી જવા માટે એક કૂતરો છલાંગ મારવાનો પ્રયાસ કરતો હતો. એ પહેલીવાર દોડીને આવ્યો; પરંતુ આટલું મોટું ખાબોચિયું જોતાં નિરાશ થઈને પાછો વળી ગયો. એણે ફરી જોશભેર દોડ લગાવી. એ દોડતાં-દોડતાં ખાબોચિયાં ભણી આવ્યો અને પૂરા જોશથી છલાંગ લગાવીને ખાબોચિયું પાર કરી ગયો. નદી કિનારે બેઠેલા મહાત્મા હસન ખુશ થઈને જોરજોરથી તાળીઓ પાડવા લાગ્યા.

ભૌતિક જગતમાં ઘણા લોકો આધ્યાત્મિક છલાંગ મારવાનો ખૂબ વિચાર કરે છે; પરંતુ વારંવાર ડરીને પાછા ફરી જાય છે. આ કૂતરો એકવાર પાછો ફર્યો; પરંતુ છલાંગ મારવાની એની દૃઢતાને કારણે અંતે સફળ નીવડ્યો. મહાત્મા હસને એ માટે તાળી પાડી કે આધ્યાત્મિકતાના ગુણગાન કરનારા ઘણા હોય છે, એના ગ્રંથો વાંચનારા પંડિતો અને વિદ્વાનો હોય છે; પરંતુ એને માટે પ્રબળ પુરુષાર્થ કરીને ભૌતિકતાનો ત્યાગ કરનારા વિરલા હોય છે.

ભૌતિકતાનું પોતાનું એક પ્રબળ આકર્ષણ હોય છે તે સ્વીકારવું જોઈએ. એની સાથે આપણે આપણા બાહ્ય સુખ અને કહેવાતી શાંતિને જોડી દીધાં છે. ભૌતિક જગતમાં આપણે સુરક્ષિતતાનો ભાવ અનુભવીએ છીએ. વળી, આ ભૌતિક જગતમાં આપણને સઘળું જ્ઞાત છે. આવી જ્ઞાતમાંથી અજ્ઞાત અધ્યાત્મમાં છલાંગ લગાવવી મુશ્કેલ એ માટે બને છે કે જ્ઞાતની જાણકારી અને અજ્ઞાતનું અજાણપણું બંને વ્યક્તિને રોકી રાખે છે. ભગવાન બુદ્ધે મહાભિનિષ્ક્રમણ કર્યું, તે પહેલાં બે વાર પાછા ફર્યા. પણ ત્રીજીવાર એ નીકળ્યા અને જગતને પ્રકાશ આપ્યો. આથી એને મહાભિનિષ્ક્રમણ એટલે કે 'મહાન પ્રતિ જવું' કહેવામાં આવે છે. એમણે જીવનમાં એક છલાંગ લગાવી અને વૈભવી સાંસારિક જીવનમાંથી નીકળીને આધ્યાત્મિકતાના કિનારે પહોંચી ગયા.

પણ એમને એમ છલાંગ લગાવવાથી કશું ન વળે. એ પૂર્વે પહેલું મહત્ત્વનું કાર્ય તો આપણા ભીતરને ખાલી કરવાનું છે. જો આપણું ભીતર ભરેલું હશે, તો ભીતરમાં કોઈ નવા પ્રકાશનો પ્રાદુર્ભાવ નહીં હોય. માત્ર બાહ્ય બધું પરિવર્તન પામતું રહેશે, કિંતુ હૃદય તો એવું ને એવું જ રહેશે. આવા બાહ્ય પરિવર્તન, બાહ્ય સ્નાન કે બાહ્ય દેખાવથી કશું વળતું નથી.

મહાભારતના સંહારક યુદ્ધ પછી પાંડવો ગોત્રમર્દનના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે તીર્થાટન કરવા જવાનો વિચાર કરવા લાગ્યા. એમણે શ્રીકૃષ્ણ પાસે તીર્થાટને જવાની આજ્ઞા માગી અને તેમણે પણ તીર્થાટનમાં સાથે આવવાની પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણે કહ્યું,

"તીર્થાટનમાં મારી આ તુંબડીને મારા વતી નવરાવજો. હું હમણાં નીકળી શકું તેમ નથી."

પાંડવો જે જે તીર્થમાં ગયા, ત્યાં ત્યાં તુંબડીને નવડાવતા રહ્યા. છેલ્લે દ્વારકામાં આવીને તુંબડીને શ્રીકૃષ્ણને આપી. શ્રીકૃષ્ણે રાજસભાની નજર સમક્ષ એ તુંબડીના ટુકડા કરીને વાટીને ચૂર્ણ બનાવડાવ્યું અને સભાજનોને એક-એક ચપટી આપતાં કહ્યું,

"આ તુંબડી અડસઠ તીર્થની યાત્રા કરીને આવી છે, માટે એનો પ્રસાદ લેવો જોઈએ."

સભાજનોએ તેને મોંમાં નાખ્યું, તો બધાને ચૂર્ણ અત્યંત કડવું લાગ્યું. બધાની સિકલ બદલાઈ ગયેલી જોઈને હસતાં - હસતાં શ્રીકૃષ્ણે કહ્યું,

"હવે એ ચૂર્ણને થૂંકી નાખો. મેં તો પાંડવોને સમજાવવા માટે આ યુક્તિ રચી હતી. જેમ આ તુંબડીએ તમામ તીર્થોમાં સ્નાન કર્યું, છતાં કડવાશ ગઈ નહિ, તેમ બાહ્ય તીર્થોમાં બાહ્ય સ્નાન કર્યે અંતરાત્મા શુદ્ધ થતો નથી."

હકીકતમાં બાહ્ય ઘટના સાથે આંતર પરિવર્તનને કોઈ સંબંધ નથી. ભૌતિકતાથી ભરેલું હૃદયપાત્ર પહેલાં ખાલી થાય પછી જ એમાં અધ્યાત્મ તત્ત્વોનાં ભાવો ભરી શકાય અને એ પરમનો સ્પર્શ પામવાની પાત્રતા મેળવે. ખાલી થયા વિના જેઓ અધ્યાત્મના માર્ગે ગયા છે, તેઓ ખાલી હાથે પાછા ફર્યા છે. આનું કારણ એ કે ભૌતિક જીવન દરમિયાન સંપત્તિની લોલુપતા સન્યાસી બન્યા પછી પણ હૃદયમાં આસન જમાવીને બેઠેલી હોય છે અને જેવી તક મળ્યે કે સંજોગ ઊભા થાય કે તે પ્રગટ થતી હોય છે. ભૌતિક જીવનમાં રહેલી ધનની તૃષ્ણાનું નિવારણ કરવામાં આવ્યું ન હોય, તો ભગવાં કપડાં પહેર્યાં પછી પણ સાધુ વેપારીની જેમ દ્રવ્યોપાર્જન કરવા લાગશે. વધુને વધુ સંપત્તિ આવે, તે માટેની પ્રાપ્તિનો મંત્ર, તંત્ર, બાધા, આખડી, જ્યોતિષ દ્વારા પોતાની દુકાન ચલાવશે. આ રીતે જો ભૌતિકતાનું આકર્ષણ હૃદયમાંથી અળગુ થયું ન હોય, તો તે કોઈપણ આધ્યાત્મિક ક્ષણે એના જીવનમાં ડોકિયું કરે છે અને એની સઘળી આધ્યાત્મિકતાને ધૂળ-ધાણી કરી નાખે છે.

હૃદયમાંથી શું ખાલી કરવાનું છે ? સૌથી પહેલી બાબત તો 'જાણપણા'નો ઘમંડ દૂર કરવાની છે. સામાન્ય વ્યક્તિથી માંડીને સમર્થ વિદ્વાનો પણ એમ માનતા હોય છે કે, 'હું બધું જાણું છું.' જો કે આના જેવું અજ્ઞાન બીજું એકે નથી. વ્યક્તિનું જાણપણું જ એનું મારક બને છે, કારણ કે એકવાર જ્ઞાનનો ઘમંડ એના ચિત્તમાં આવ્યો એટલે એનું ચિત્ત બંધિયાર બની જશે, નવું જ્ઞાન મેળવવાની એની પિપાસા ચાલી જશે અને નવો પ્રકાશ પામવાનો તો એને સ્વપ્નેય વિચાર નહીં આવે. જ્ઞાનનો અહંકાર એના વાણી અને વ્યવહારમાં પણ પ્રગટ થવા લાગશે, આથી જેણે અધ્યાત્મના માર્ગે ચાલવું છે, એણે જ્ઞાનના ઘમંડને ખાલી કરવો પડે છે. ઘમંડ એ જ્ઞાનના દરવાજે લગાવેલું તાળું છે. જ્ઞાનના દરવાજા પર એ તાળું લગાડવામાં આવે એટલે કોઈ નવો પ્રકાશ, નવી ભાવના, નવો વિચાર, નવો દૃષ્ટિકોણ કે નવું દર્શન એનામાં આવતું નથી.

બીજું 'ખાલી' થવાનું છે પરંપરાગત રૂઢ સંસ્કારોથી. મનમાં પરંપરાથી કે વહેમથી કેટલાક સંસ્કારો જડ ઘાલી બેઠા હોય છે. માણસ ધીરે ધીરે એ માન્યતા પ્રમાણે ચાલવા લાગે છે અને ક્યારેક તો એ માન્યતા જ એના જીવનનું નિર્ણાયક બળ બને છે. ભારતમાં બિલાડી આડી ઊતરે એ અપશુકન ગણાય છે, તો વિદેશમાં પણ તેરનો આંકડો અપશુકનિયાળ ગણાય છે. આવા વહેમો સમાજને દૂષિત કરે છે. એને જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાયનાં બંધનોમાં બાંધી દે છે. જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રસંગનાં કેટલાય સંસ્કારો અથવા તો વિધિવિધાનો પાછળ કોઈ તર્ક કે વિચાર હોતો નથી. જે પરમનો સ્પર્શ પામવા માટે આપણે મુક્ત ચિત્ત લઈને જવાનું હોય છે, ત્યાં મનમાં આવા પરંપરાથી મળેલા કેટલાક સંસ્કારો, વહેમો અને રૂઢિઓ લઈને જઈએ, તો શું થાય ?

માનવી અમુક 'કંઠીઓ' બાંધીને ચાલતો હોય છે. એમાં પણ એ ઘણીવાર સંપ્રદાયની ચુસ્તતામાં ફસાઈ જાય છે. પછી એ આગળ-પાછળ કશું જોતો નથી. બલકે, બીજા સંપ્રદાયવાળાઓને ધિક્કારે છે અથવા તો મિથ્યાત્વી કહીને આઘા ખસેડે છે. આમ, પાંજરામાં પુરાયેલા પોપટ જેવી એની હાલત હોય

છે. એ બધું બહાર કાઢીને સાધકે એનું હૃદય ખાલી કરવાનું હોય છે.

મનુષ્ય જીવનની સામાન્ય ગતિ એ અહંકાર વૃદ્ધિની છે. એ પોતાનો અહંકાર સતત વૃદ્ધિ પામતો રહે, તે માર્ગે જતો હોય છે. મારી પાસે આટલી વિશાળ સત્તા છે કે મારી પાસે આટલી અઢળક સમૃદ્ધિ છે અથવા તો મારા જેવો કલાનો નિષ્ણાત બીજો કોઈ નથી એવો અહંકાર એ ધારણ કરતો હોય છે. સમય જતાં એના ધનભંડાર પર એ ફેણ માંડીને બેઠેલો સર્પની જેમ બેસે છે. એની સત્તાની વૃદ્ધિ અહંકારવૃદ્ધિમાં પરિણમે છે અને એનું જ્ઞાન ગર્વનું કારણ બનીને નવીન જ્ઞાન મેળવતું બંધ થઈ જાય છે. આવા અહંકારનું વિસર્જન થાય, તો જ એ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે; પરંતુ એ અહંકારને પકડવો જ જ્યાં મુશ્કેલ છે, ત્યાં એનું વિસર્જન કરવું એ અતિ વિકટ કાર્ય છે.

અમાસની ઘનઘોર કાળી રાત હોય, ક્યાંય લેશમાત્ર પ્રકાશ દૃષ્ટિગોચર થતો ન હોય અને આવી કાળી રાતે કાળા વસ્ત્ર પર કાળી કીડી ફરતી હોય, તો શું થાય ? એને શોધવી મુશ્કેલ બને. એ જ રીતે સામાન્ય મનુષ્ય પોતાના અહમ્‌નો સરળતાથી તાગ મેળવી શકતો નથી. જ્યારે સાધકે અહંકારશૂન્ય બનવાનું છે અને આ શૂન્ય બનીને જ એણે પૂર્ણને પામવાનું છે.

શક્તિની દોડ, સંપત્તિની સ્પર્ધા, સત્તાનો ગર્વ - આ બધું અનુભવીએ છીએ, ત્યારે આપણે આપણી જાતને મહાન શક્તિશાળી માનીએ છીએ અને સ્વભાવ છોડીને વિભાવમાં ડૂબી જઈએ છીએ. સાચું જીવન એ તો વિભાવ સામે સતત લડનારું હોય છે. આપણે આ બધી વસ્તુ મેળવીને પોતાની જાતને સમર્થ માનીએ છીએ; પરંતુ હકીકતમાં તો વ્યક્તિ વધુને વધુ નિર્બળ, અસહાય અને વ્યસ્ત બનતો જાય છે.

આ બધા રસ્તા બેચેનીના, અશાંતિના, અકળામણ આપનારા, દોડાવ્યે રાખનારા અને ડૂબાડી દેનારા છે. અહંકારની ગતિ વખતે તમે ખુદ તમારા જીવનની ઉપેક્ષા કરશો. જરા સ્પર્ધાની દોડ ધીમી કરશો તો જ તમે તમારા જીવનને જોઈ શકશો. બાહ્ય જગતમાં જે પ્રાપ્ત કરવા નીકળે છે એ કશુંય પ્રાપ્ત કર્યા વિના ખાલી હાથે પાછા ફરે છે. બાહ્ય જગતમાં જે ત્યાગ કરતા રહે છે તે જ પ્રાપ્ત કરતાં જાય છે. જે દોડે છે એ ધીરે - ધીરે થાકે છે, પછી હાંફે છે અને અંતે ગબડી પડે છે. જો આવી અહંકારયુક્ત દોડ હોય તો એ સ્વીકારી જ લેવાનું કે તમારું જીવન તનાવપૂર્ણ અને વ્યથિત રહેશે. જરા વિચારો કે તમારી જીવનદોડ કોઈ આવા માર્ગે ચાલી નથી રહી ને ?

● ● ●

## સામાયિક વ્રત

**(પાના નં. ૨૭ પરથી ચાલુ...)**

છે કે આજે તો ધંધો સારો મળશે અને નફો મળશે. આપણે અજ્ઞાની સાધક જીવોને સામાયિક દરમ્યાન મનને શુભધ્યાનમાં લગાવવામાં સફળતા ન મળે તો પણ સામાયિક કરવાનો પ્રયત્ન છોડી દેવાનો નથી. આવા લોકોનું કથન તો એવું થયું કે ખાવું તો શીરો-પૂરી જ ખાવા, નહીં તો ભૂખે મરી જવું. ખરેખર તો આપણા આળસ-પ્રમાદ જ વ્રત - પચ્ચક્‌ખાણ કરવામાં આડા આવે છે. હજુ આજે પણ ઘણા વડીલો મેં એવા જોયા છે કે ૮૦-૮૫ વર્ષની ઉંમર હોવા છતાં ધર્મસ્થાનક કે ઘરમાં બેસીને રોજની ૯થી ૧૧ સામાયિક કરે છે. એક લેખકે કહ્યું છે "નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન." માટે પ્રમાદ છોડી દરરોજ ઓછામાં ઓછી એક સામાયિક તો અવશ્ય કરવી. 'શ્રી રત્નકરંડ-શ્રાવકાચાર'માં સંમતભદ્રાચાર્ય કહે છે,

सामायिकं प्रतिदिवसं यथावदप्यनलसेन चेतव्यं ।

व्रतपञ्चक परिपूरण कारणमवधान युक्तेन ॥१०१॥

**ભાવાર્થ :** આલસ્યરહિત અને ચિત્તની એકાગ્રતાથી યુક્ત શ્રાવકે જે પાંચ વ્રતોની પૂર્તિના કારણ છે એવું સામાયિક દરરોજ પણ યોગ્ય વિધિ અનુસાર જ કરવું જોઈએ. **(ક્રમશઃ)**

श्री पूज्यपाद आचार्य विरचित

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૨૭)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવ કે જેમને સત્યમ્, શિવમ્, સુંદરમ્‌ની ત્રિવેણી સદા પ્રવહે છે, તેઓ હૃદયસખા શ્રી સોભાગભાઈને પત્રાંક-૩૧૯માં દર્શાવે છે, "અનંતકાળ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઈ ગયો છે. દીર્ઘકાળ સુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્યભાવની સાધારણતા ટળે છે; અર્થાત્ અન્યભાવથી ઉદાસીનપણું પ્રાપ્ત હોય છે. આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે; તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન તે તન્મયતા આપે એમાં સંદેહ નથી થતો. જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે !" શબ્દે શબ્દે પુરુષાર્થ પુરુષાર્થ છે. આપણા સૌને ભૂમિકા પ્રમાણે સામર્થ્ય અર્પે છે. જ્ઞાનજીવન કહીને વિશેષતા સમજાવે છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય સીમંધર ભગવાન પાસે અધ્યાત્મદૃષ્ટિની વાત સાંભળીને આવ્યા - તે અપૂર્વ ભાવથી સમાધિતંત્ર લખાય છે. ગાગરમાં સાગર ભરાય એવી દૃષ્ટિ પ્રૌઢ બને છે, તે વર્ણવે છે. આપણે શ્લોક સત્તરમાં યોગ-સમાધિ જે પરમાત્માનો પ્રદીપ છે તે વિચાર્યું હતું. સંક્ષેપમાં સમજાવ્યું કે જે સાધક બાહ્યજલ્પને અને સંપૂર્ણપણે અંતરજલ્પને ત્યાગે છે તે સમાધિમય આત્માને આસ્વાદે છે. પ્રત્યેક સાધકને આ વાત સ્પર્શે છે. પરમાત્મા થવાનો આ માર્ગ છે.

હવે શ્લોક અઢારમાં કહે છે કે સાધક સાધના માર્ગે આગળ વધે છે. અંતરનો માર્ગ અજાણ છે તેથી પ્રશ્ન ઉઠે છે. તેથી ટીકાકાર પ્રશ્ન કરે છે. અમારે બાહ્યવાચાનો ત્યાગ કરવો છે તેનો ઉપાય દર્શાવો કે જેથી એવું પરિણમન અમે પામી શકીએ.

**यन्मया दृश्यते रुपं तन्न जानाति सर्वथा ।**

**जानन्न दृश्यते रुपं ततः केन ब्रवीम्यहम् ॥१८॥**

**અન્વયઃ** मया यत् रुपं दृष्यते तत् सर्वथा न जानाति ।
जानन् रुपं न दृश्यते ततः अहं केन ब्रवीमि ॥

**શબ્દાર્થ :** मया - મારા વડે, यत् रुपं - જે ઈન્દ્રિયગોચર રૂપ, दृश्यते - દેખાય છે, तत् - તે રૂપ, सर्वथा - નિશ્ચિત, न जानाति - જાણતો નથી, जानन् रूपं - જે જાણવાવાળો (ચૈતન્ય સ્વરૂપ આત્મા), न दृश्यते - દેખાતો નથી, ततः - તો, अहं - હું, केन ब्रवीमि - કોની સાથે બોલું ?

**ભાષાન્તર :** મારા વડે જે ઈન્દ્રિયગોચર રૂપ દેખાય છે તે સર્વથા કોઈને જાણતું નથી. અને જે જાણવાવાળો આત્મા છે તે દેખાતો નથી, તો હું કોની સાથે બોલું ?

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યે સમજાવ્યું કે હે સાધક ! તારે પરમાત્માને - આત્માને અનુભવવો છે તો ટૂંકમાં કહું છું કે બાહ્ય વાચા અને સંપૂર્ણપણે અંતરવાચાનો ત્યાગ કર. ત્યારે સાધકને પ્રશ્ન થાય છે કે બાહ્યવાચા અને અંતરવાચાનો ત્યાગ કેવી રીતે થઈ શકે ? શ્રી આચાર્યદેવ શ્લોક-૧૮ તેમાં બાહ્યવાચાનો ત્યાગ કેવી રીતે થઈ શકે તે સમજાવે છે અને શ્લોક ૧૯માં અંતર્વાચાનો પરિત્યાગ કેવી રીતે થઈ શકે તે સરળ અને સુગમ લાઘવ શૈલીથી

સમજાવે છે. બીજા પદાર્થોને ભોજનમાં - આહારમાં ગ્રાહ્ય કરતાં તેને ચાવીને પછી ઉતારાય છે. પદાર્થને ચાવતાં ચાવતાં થોડા પ્રવાહીરૂપે થાય પછી મુખમાંથી ગળા નીચે ઉતરે છે. પણ ઘીથી લહલહતો શીરો બનાવ્યો હોય તે મુખમાં મૂકતા તરત ગળે ઊતરી જાય છે. તેવી રીતે શ્રી પૂજ્યાદ સ્વામી સરળ ભાવથી શ્લોકો લખે છે. યથાર્થ સાધક તરત પ્રયોગમાં પરિણમન સાધી આત્માને આસ્વાદે છે.

**વિશેષાર્થ :** હવે આપણે પ્રથમ પંક્તિનો અભ્યાસ કરીએ.

**[૧]** यत् मया दृश्यते रुपं **:** મારા વડે જે રૂપ દેખાય છે અર્થાત્ હું જે પદાર્થનું બાહ્યરૂપ જોઉં છું.

**[૨]** तत् सर्वथा न जानाति - તે રૂપ - બાહ્ય પદાર્થ સર્વથા કાંઈ જાણતા નથી કારણ અચેતન છે.

જે શરીરાદિ પદાર્થો જે રૂપી છે, જોઈ શકાય તેવા છે પણ અચેતન, જડ, ભાવ વગરના છે. જેનામાં જાણવાની શક્તિ નથી. તેથી મારાથી બોલેલું જે કોઈ વચન છે તે સમજતા નથી. તો વચન - વ્યાપારની પ્રવૃત્તિ કોની સાથે કરવી ? આપણા બોલેલા વચન જે સાંભળી શકે અથવા બોલી શકે તેની સાથે વાણીનો વ્યવહાર હોઈ શકે છે. શરીર આદિ અર્થાત્ જે દેખી શકાય છે તે બધા જ રૂપી પદાર્થો - જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે છે તે રૂપી પણ છે. બધું હોવા છતાં તે અચેતન-જ્ઞાન-ભાન વગરના છે. સમજવાનો, સમજાવવાનો કે સુખ-દુઃખ વેદનાનો ગુણ તે પુદ્‌ગલ પદાર્થમાં નથી. હવે પ્રયોગ શરૂ થશે.

આ પ્રમાણે યથાર્થ વિચારી અંતરવૃત્તિ વાળતાં બાહ્યવાચા વિરામ પામે છે. દા.ત. રસેન્દ્રિયનો વિષય-મિષ્ટ ભોજન હોય, પણ મિષ્ટ ભોજનને જ્ઞાન નથી કે હું મિષ્ટ છું કે ઈષ્ટ છું. હું સારું છું તો આ મને જમો છો. મારી સારી વાત કરે, મારી માગણી કરે. તેવી રીતે અતિ આકર્ષિત અલંકારો હોય, તે અલંકાર કહેતા નથી કે મને ધારણ કરો, હું સુંદર છું. તમારી સુંદરતામાં વિશેષતા આવશે કારણ તે રૂપી હોવા છતાં ભાન વગરના અચેતન છે. ચક્ષુ ઈન્દ્રિયના જે પદાર્થો દેખાય છે, જગતમાં વર્તતા દશ્યમાન બધા જ પદાર્થો આપણી સામે બોલતાં નથી કે મને ગ્રહણ કરો, મારી સામું જુઓ, મારી પ્રશંસા કરો, મને સન્માન આપો. તેઓ સહુ ભાન વગરના છે.

કદાચ વિચાર આવે કે તે બધા રૂપી પદાર્થો અંશે તો સમજણવાળા હશે ને ? શ્રી પૂજ્યપાદ આચાર્યદેવ શ્લોકમાં સર્વથા શબ્દ પ્રયોજે છે. તે રૂપી પદાર્થો સર્વથા ભાન વગરના અચેતન છે. ત્યારે પ્રયોગરૂપે સાધક વિચારશે કે તેઓ સર્વથા અણસમજણવાળા છે માટે મારે શા માટે વચનપ્રવૃત્તિ તેઓ સાથે કરવી ? શા માટે મારા ઉપયોગને બહાર જવા દેવો ? શા માટે એ પદાર્થના નિમિત્તે રાગદ્વેષ રૂપ વ્યાપાર કરવો ? આવી સમજણ થતાં વચનસંયમ સધાય છે. બાહ્ય વાચાથી મુક્ત થવાય છે. કોઈ ઓઘે ઓઘે ઈન્દ્રિયવશતા પ્રાપ્ત કરી લે; તેમાં કોઈ સમયે સમજણના અભાવે વધુ ઈન્દ્રિયો તરફ આકર્ષણ થાય છે. તેથી શ્રી આચાર્યદેવ સમજણ - સત્ જ્ઞાન સાથે સત્‌ગુરુગમથી બાહ્યવાચા ત્યાગનો ઉપાય દર્શાવે છે.

**દૃષ્ટાંત :** એક બાળક - બાળ ભગવાન છે. તેણે બુલબુલ પક્ષી પાળ્યું છે. તે પક્ષી પણ બાળ-ભગવાનને ચાહે છે. આકાશમાં ઉડાડે તો પણ પાછું આવી બાળકને પ્રેમ કરે છે. એક દિવસ બાળકને વિચાર આવે છે અને આકાશ સાથે વાતો કરે છે, 'હે આકાશ ! તું કેટલું વિશાળ છે ! કેટલું સ્વચ્છ છે ! તારામાં મારું બુલબુલ ઊડે છે, મજા કરે છે. બીજા અનેક પક્ષીઓ તારામાં વિહાર કરે છે. નાના મોટા પક્ષીઓ તારા સ્થાનમાં ફરે છે. તું કોઈનો તિરસ્કાર કરતું નથી. બધાને પ્રેમ કરે છે. હે આકાશ !! વૃક્ષો તારી તરફ વૃદ્ધિ પામતાં વિશેષતા પામે છે. અરે આકાશ ! સૂર્ય અને ચંદ્ર તેમજ અનેક તારક-પંક્તિઓ તારી સાથે ક્રીડા કરે છે. મને જવાબ આપ, આવું અનેકને પ્રેમ કરતું કેવું છે ? કેમ છે ?' આકાશ તો તે બોલે છે તેને જાણતું નથી. સર્વથા જાણતું નથી. કેમ પ્રત્યુત્તર આપે ?

ફરી બાળ-ભગવાન બુલબુલને રમાડતાં પ્રશ્ન પૂછે છે. કોઈ જવાબ નથી. ત્રીજી વાર, ચોથી વાર પૂછે છે. જવાબ મળતો નથી. રડવા લાગે છે. હે આકાશ ! જવાબ તો આપ ! વધુ રડે છે. ઘરના વડીલની દૃષ્ટિ રડતાં બાળક ઉપર પડે છે. "બેટા ! કેમ રડે છે ?" "જુઓને આકાશને ક્યારનો પૂછું છું. તું પ્રેમાળ કેમ છે ? પણ જવાબ જ આપતું નથી. તમે કહોને મને જવાબ આપે !" ત્યારે વડીલ કહે છે, "આકાશ પાસે બોલવાની સમજણ નથી. તે અચેતન છે. તને જવાબ નહિ આપે - તેની પાસે સર્વથા શક્તિ નથી. રડતો બંધ થઈ જા. તને હું સમજાઉં કે આકાશ અચેતન જડ છે. રૂપી - દૃશ્યમાન છે પણ જ્ઞાન નથી."

હવે જે જ્ઞાન વગરના છે તેની સાથે વચનપ્રવૃત્તિ કેમ થાય ! **ઉપયોગને પાછો વાળી ભીતરમાં ભાનવાળો આત્મા છે ત્યાં પહોંચી જા. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ આદિ અનંત ગુણોનો ખજાનો ભર્યો છે.** આ રીતમાં આચાર્યદેવ બાહ્યવાચા ત્યાગનો ઉપાય બતાવે છે તથા વર્ગણાઓ પુદ્‌ગલની જાત છે. તેજસ વર્ગણા, કાર્મણ વર્ગણા, વચનવર્ગણા વગેરે વર્ગણાઓ છે. વર્ગણા એટલે રજકણોનો સમૂહ. દા.ત. ભાષાવર્ગણા. જે વર્ગણાઓમાં ભાષા થવાની લાયકાત હોય તે પ્રમાણે તે ભાષાવર્ગણાઓ ગોઠવાઈ જાય છે. તેજસવર્ગણા અને કાર્મણવર્ગણા તેની યોગ્યતા પ્રમાણે અચેતન હોવા છતાં સ્વતંત્ર ગોઠવાય છે. આ જૈનદર્શનની સ્વતંત્રતા દર્શાવતી વિશેષતા છે. આ સિદ્ધાન્ત સાધકને અંતરથી સમજાય ત્યારે બાહ્યવાચા સહજ ત્યજાય છે.

શ્રી દીપચંદજી વસ્તુ સ્વતંત્રતા દર્શાવતો ગ્રંથ 'આત્માવલોક'માં લખે છે, "કાળના નિમિત્તથી આ પુદ્‌ગલો સ્વયં આવે છે, સ્વયં જાય છે, સ્વયં મળે છે, સ્વયં વિખરાય છે. આપોઆપ પુદ્‌ગલ જોડાઈને વધે છે, આપોઆપ પુદ્‌ગલ છૂટા પડીને ઘટી જાય છે. દેખો - આ પુદ્‌ગલનો પણ પોતાના પુદ્‌ગલની જાતિ સાથે સંબંધ છે. પરંતુ આ જીવને એ પુદ્‌ગલો પણ ત્રણકાળમાં ક્યારેય સ્પર્શ્યા નથી. પુદ્‌ગલો આપો આપ જ ખેલે છે." સ્પષ્ટ સ્વતંત્રતા છે ત્યારે હું કોની સાથે બોલું ? અર્થાત્ નહિ બોલીને નિજઘરમાં વાસ સાધી લે, જે સરળ અને સુગમ છે.

પરમકૃપાળુદેવના પત્રાંક ૨૫૪નો ભાવ લઈએ. વ્યક્તિ-સાધક સ્વ-પુરુષાર્થથી નિઃશંક બન્યો તે નિર્ભય હોય છે. તેને બાહ્ય કે આંતરભય સતાવતાં નથી. જે નિર્ભય હોય છે તે નિઃસંગ હોય છે. તેના બાહ્યજલ્પ કે આંતરજલ્પ વિરામ પામે છે. અનુક્રમે ભૂમિકા વધતાં પૂર્ણજ્ઞાની, પૂર્ણદર્શની બને છે. આ જ એક કરણીય છે.

પૂ. બેનશ્રી ચંપાબહેન વચનામૃત બોલ ૩૭૫માં આલેખે છે, "આ ચૈતન્યને ઓળખવું. ચૈતન્યને ઓળખવાનો અભ્યાસ કરવો, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો-- એ જ કરવાનું છે એ અભ્યાસ કરતાં કરતાં આત્માની રાગાદિથી ભિન્નતા ભાસે તો આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય. આત્મા ચૈતન્યતત્ત્વ છે. જ્ઞાયક સ્વરૂપ છે - એને ઓળખવો. જીવને એવો ભ્રમ છે કે પરદ્રવ્યનું હું કરી શકું છું પણ પોતે પરદ્રવ્યમાં કાંઈ કરી શકતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે જાણનારો છે. જ્ઞાયક છે. પરપદાર્થમાં એનું જ્ઞાન જતું નથી. પરમાંથી કાંઈ આવતું નથી. આ સમજવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ આદિ બાહ્ય નિમિત્તો હોય છે. પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું જે પ્રગટે છે તે પોતામાંથી જ પ્રગટે છે. એ મૂળતત્ત્વને ઓળખવું. તે જ કરવાનું છે. બીજું બહારનું તો અનંતકાળમાં ઘણું કર્યું. શુભભાવની બધી ક્રિયાઓ કરી, શુભભાવમાં ધર્મ માન્યો પણ ધર્મ તો આત્માના શુદ્ધભાવમાં જ છે." તેથી શ્રી પૂજ્યપાદ આચાર્ય દર્શાવે છે કે બાહ્યવાચા અને અંતર્વાચા શુભ-અશુભભાવનો સંપૂર્ણ ત્યાગ થતાં આત્મા અનુભવાય છે. સાધક આત્માનો આસ્વાદક બને છે.

● ● ● **(ક્રમશઃ)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી નમિનાથ જિન સ્તવન

ષટ્દર્શન જિનેશ્વરના જ અંગરૂપે છે તેની પારમાર્થિક સમજણ યોગીશ્વર આનંદઘનજી આ સ્તવન દ્વારા આપી રહ્યા છે. તેમાંના પાંચ દર્શન- સાંખ્ય, યોગ (નૈયાયિક), બૌદ્ધ, મીમાંસક અને ચાર્વાક વિશે આપણે ટૂંકમાં સમજણ મેળવી કે કઈ રીતે તે જૈનદર્શનના અંશો છે. હવે શ્રી નમિજિન આદિ તીર્થંકરો દ્વારા પ્રરૂપિત એવા છઠ્ઠા જૈનદર્શન વિશે આનંદઘનજી શું કહે છે તે જોઈએ :

**જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;**
**અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે.**
**- ષટ્ દરિશણ૦ ૫**

**શબ્દાર્થ :** જૈન દર્શન તે જિનેશ્વરનું વરિષ્ઠ ઉત્તમ અંગ છે. જેનાં બે વિભાગ છે - અંતરંગ અને બહિરંગ. અક્ષર એટલે જિનવચનને (પોતાની હૃદયની) ધરામાં આરાધક જીવે સ્થાપના કરી તેના સંગમાં રહી આરાધના કરવી જોઈએ. (વર = વરિષ્ઠ, સર્વોત્તમ, મુખ્ય; અંતરંગ = આંતરિક સ્વરૂપ; બહિરંગે = બાહ્ય સ્વરૂપ; અક્ષર = જિનવચનો, દ્વાદશાંગરૂપ અક્ષરજ્ઞાન, જિનઆજ્ઞા, ગુરુઆજ્ઞા; ન્યાસ = સ્થાપના; ધરા = ભૂમિ; આરાધક = આરાધના કરનાર; ધરી સંગે = સંગમાં રહી)

**ભાવાર્થ :** માનવશરીરનું સર્વોત્તમ અંગ મસ્તકને અથવા મુખને ગણવામાં આવે છે, કારણ કે મસ્તક તે વિચારોનું, બુદ્ધિનું ઉદ્ભવસ્થાન ગણાય છે અને મુખ તે મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વનો અણસાર આપે છે. આનંદઘનજી અહીં 'વર ઉત્તમ અંગ' કહીને જૈનદર્શનને જિનેશ્વરના સર્વોત્તમ અંગ એવા મસ્તકરૂપે રજૂ કરે છે. સર્વોત્તમ એટલા માટે કે જિનેશ્વરે જે રીતે નિજાત્માનો સર્વજ્ઞપણે અનુભવ કરીને જાત અને જગતનું સત્ય સ્વરૂપ અંતરંગ અને બહિરંગપણે સ્વાદ્વાદશૈલીથી જગત સમક્ષ મૂક્યું છે તેવું સર્વ અપેક્ષાઓથી પ્રમાણભૂત આત્મસ્વરૂપ બીજા કોઈ દર્શનમાં જોવા મળતું નથી. મસ્તક તે જ્ઞાનનું દ્યોતક અંગ છે. તે જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું વીતરાગ ભગવંતના સર્વજ્ઞપણામાં છે. માટે તેમના દ્વારા પ્રરૂપિત જૈનદર્શનને જિનના સર્વોત્તમ અંગ તરીકે અહીં મૂક્યું છે તે યોગ્ય જ છે.

જૈનદર્શનની સર્વોત્તમતા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા-શિક્ષાપાઠ-૫૮, ૫૯, ૬૦ (તત્ત્વાવબોધ)માં નિષ્પક્ષપાતપણે, તત્ત્વદૃષ્ટિથી, સુયુક્તિથી અને ન્યાયપૂર્ણ રહીને સિદ્ધ કરી છે; જે વાંચવા, વિચારવાથી તેની દૃઢ શ્રદ્ધા થશે. વિશ્વનું કોઈપણ તત્ત્વ એવું બાકી નથી રહેતું કે જે જૈનના નવ તત્ત્વમાં સમાયેલું ન હોય. જૈનની સૂક્ષ્મ અહિંસા, અનેકાંતદૃષ્ટિથી વસ્તુસ્વરૂપ સમજાવવાની સ્યાદ્વાદશૈલી, સૂક્ષ્મ કર્મસિદ્ધાંત, આદિ તત્ત્વોનો કોઈ અન્ય દર્શનમાં જોટો જડે એમ નથી. તેથી શ્રીમદ્જી કોઈ પણ ભેદભાવ કે પક્ષપાત વિના કહે છે : *"નિઃશંક માનજો કે હું જે કહું છું તે અપક્ષપાતે અને પરમાર્થબુદ્ધિથી કહું છું... બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો."*

**"જૈન જિનેશ્વર...અંતરંગ બહિરંગે રે."** - જૈનદર્શન આત્માનું સ્વરૂપ માત્ર બતાવીને અટકી જતું

નથી, પરંતુ તેને સાધવા માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની અંતરંગ અને બહિરંગ, અર્થાત્ આંતર-બાહ્ય સાધનાનો માર્ગ પણ બતાવે છે. સ્વચ્છંદ, પ્રમાદ, વિષયલોલુપતા આદિ દોષોનું અવલોકન અને પ્રાયશ્ચિત્ત, તેમજ જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય આદિ અંતરંગ સાધના છે જેના વડે આત્માના પરિણામોની શુદ્ધિ થાય છે. બહિરંગ સાધના તે ગુરુઆજ્ઞા સહિતના વ્રત, જપ, તપ, સંયમ, દેવપૂજા, દાન આદિ છે કે જે અંતરંગ સાધનાને પુષ્ટિ આપે છે. આમ, મોક્ષ સુધીનું બધું માર્ગદર્શન જૈન તત્ત્વજ્ઞાનમાં હોવાથી જૈનને જિનેશ્વરનું સર્વોત્તમ અંગ કહ્યું છે.

**"અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે."** 'અક્ષર'ના બે અર્થ થાય છે : (૧) અક્ષર એટલે શબ્દ (૨) અક્ષર એટલે જે કદી ક્ષય ન થાય તેવું, અવિનાશી. સર્વ આત્મા જો કે અક્ષર સ્વરૂપ અવિનાશી છે, પરંતુ નમિનાથ જેવા જિનેશ્વર પ્રભુ 'અક્ષર પુરુષોત્તમ' છે કારણ કે તેઓ અક્ષય એવા સિદ્ધપદે બિરાજમાન છે. આરાધક જીવ તેમના જેવા વીતરાગી થવા માટે તેમની પોતાના હૃદયની ધરા પર સ્થાપના કરે છે. અર્થાત્ સત્દેવની સમ્યક્ શ્રદ્ધા કરે છે. એવા પ્રભુના વચનામૃત, શાબ્દિક બોધ તે પણ 'અક્ષર' છે, અક્ષરજ્ઞાન છે. જિનેશ્વરનું આ અક્ષરજ્ઞાન, ઉપદેશામૃત પણ અક્ષય છે, શાશ્વત છે, કારણ કે સર્વ તીર્થંકરોએ એક જ પ્રકારે મોક્ષમાર્ગની પ્રરૂપણા કરી છે. *"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ."* તે સ્વાદ્વાદમય જિનવાણી ભવરોગના ઔષધ જેવી છે, જેનું માહાત્મ્ય શ્રીમદ્જીએ શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૧૦૭ - 'જિનેશ્વરની વાણી'માં ગાયું છે.

"ઉપન્નેવા, વિઘનેવા, ધુવેવા" - અર્થાત્ "ઉત્પાદવ્યયધ્રુવ યુક્તં સત્" એમ ત્રિપદીરૂપે નીકળેલાં પ્રભુના રહસ્યમય લબ્ધિવાક્યમાંથી ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી. તે જિનવાણી આપણને પરંપરાએ સત્પુરુષોએ રચેલા સત્શાસ્ત્રોરૂપે મળી છે. જો પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ હોય તો આ અક્ષરજ્ઞાન તેમના પ્રત્યક્ષ સત્સંગથી, તેમના સ્વાનુભવમાંથી નીકળતા વચનામૃતોથી અને સૌથી ઉત્તમ તો તેમની આજ્ઞારૂપે મળે છે.

મોક્ષનો કામી આરાધક જીવ આ અક્ષરસ્વરૂપ જિનઆજ્ઞા તેમજ ગુરુઆજ્ઞાને પોતાની હૃદયની ધરા ઉપર પરમ શ્રદ્ધાથી ન્યાસ કરે છે, સ્થાપના કરે છે. 'આરાધે ધરી સંગે રે.' - પરોક્ષ જિનઆજ્ઞા અને પ્રત્યક્ષ સદ્ગુરુનો સંગ સેવીને તેમની આજ્ઞાનું તન, મન, ધનથી આરાધન કરે છે. તેમની આજ્ઞાનું તે અક્ષરશઃ પાલન કરે છે એમ પણ અર્થ 'અક્ષર ન્યાસ'નો કરી શકાય. તીર્થંકર પરમાત્મા અને સદ્ગુરુના પસાયે જે અક્ષરજ્ઞાન બોધ પ્રાપ્ત થયો છે તેનું નિરંતર ચિંતન, મનન કરી તેનો નિરંતર સંગ કરી, તે વચનોના વાચ્ય એવા શુદ્ધાત્માની દૃષ્ટિ કરી નિર્વિકલ્પ અનુભવ કરી પોતાનું કલ્યાણ કરે છે.

હવે આગળ જૈન દર્શનની સર્વોત્તમતા અને વિશાળતા એક વધુ દૃષ્ટાંત દ્વારા આનંદઘનજી સિદ્ધ કરે છે :

**જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે.**

**- ષટ્ દરિશણ૦ ૬**

**શબ્દાર્થ :** જેમ સાગરમાં બધી નદીઓ સમાયેલી છે અને નદીમાં સાગર (નો અંશ) છે એમ અપેક્ષાએ કહી શકાય છે, તેમ જિનેશ્વરમાં (જૈનદર્શનમાં) બધાં દર્શન સમાયેલા છે અને દરેક દર્શનમાં જિનવર(નો અંશ) રહેલાં છે એમ અપેક્ષાએ કહી શકાય છે. (જિનવરમાં = જિનેશ્વરમાં, જૈનદર્શનમાં; દરિશણ = દર્શન, ધર્મમત; ભજના = એવો વિકલ્પ, અપેક્ષા; તટિની = નદી)

**ભાવાર્થ :** જૈન દર્શનમાં છયે દર્શનોનાં અંશ રહેલાં છે એમ આપણે શરૂઆતની ગાથાઓમાં જોયું. એ જ વાતની પુષ્ટિ આનંદઘનજી અહીં એક દૃષ્ટાંત દ્વારા કરે છે.

બધી નદીઓ અંતે તો સમુદ્રમાં આવી મળે છે. તેથી સમુદ્રમાં તે નદીઓ જ ગર્ભિતપણે છે એ તો 'સહી' વાત છે, દેખીતી વાત છે. વળી, નદીઓમાં પણ સમુદ્રનો અંશ તો રહેલો જ છે એમ પણ અપેક્ષાથી કહી શકાય (ભજના), કારણ કે સમુદ્રના પાણીની જ વરાળ થઈ, વાદળો થઈ, તે વરસતાં નદીઓ બને છે. માટે એવો વિકલ્પ પણ સુસંગત છે.

એ જ રીતે જૈનદર્શનમાં બીજા દર્શન રહેલાં છે તે ન્યાયયુક્તપણે આપણે જોયું તેથી તે વાત નિઃસંશય છે. પરંતુ દરેક દર્શનમાં જૈન છે એ વાત ભજના અર્થાત્ અપેક્ષિત છે, સર્વથા નથી. અન્ય દર્શનોમાં જૈનનો અંશ અપેક્ષિતપણે રહેલો છે. શ્રીમદ્જી આ વિશે વ્યાખ્યાનસાર - ૨/૪/૧૧ (વચનામૃત - પૃષ્ઠ ૭૬૫)માં કહે છે : *"છયે દર્શન એક જૈનદર્શનમાં સમાય છે. તેમાં પણ જૈન એક દર્શન છે. બૌદ્ધ-ક્ષણિકવાદી = પર્યાયરૂપે 'સત્' છે. વેદાંત - સનાતન = દ્રવ્યરૂપે 'સત્' છે. ચાર્વાક નિરીશ્વરવાદી જ્યાં સુધી આત્માની પ્રતીતિ થઈ નથી ત્યાં સુધી તેને ઓળખવારૂપે 'સત્' છે."* કૃપાળુદેવના સત્સંગ વખતે એક મુમુક્ષુએ કરેલી આ નોંધ છે. તે વિશે કૃપાળુદેવે ત્યારે ઘણો ખુલાસો કર્યો હશે એવું અનુમાન કરી શકાય.

બૌદ્ધદર્શન ઉત્પાદ્-વ્યયરૂપ વસ્તુના માત્ર ક્ષણિક સ્વરૂપને માને છે. તો જૈનદર્શન **પર્યાયદષ્ટિએ** આ વાતનો સ્વીકાર કરે જ છે. પર્યાય અપેક્ષાએ, પર્યાયાર્થિક નય પ્રમાણે વસ્તુના પરિણામ ક્ષણે ક્ષણે બદલાતા હોવાથી તેની દરેક અવસ્થાઓ ક્ષણિક છે. આમ, બૌદ્ધમાં જૈનનો અંશ છે, નદીમાં સાગરના અંશની જેમ, પણ પર્યાયદષ્ટિએ, સર્વથા નહીં. વેદાંત આત્માને ધ્રુવરૂપ કૂટસ્થ નિત્ય માને છે, તો જૈન **દ્રવ્યદષ્ટિએ** આત્માને નિત્ય, શાશ્વત માને જ છે. વળી, આત્માનુભૂતિ માટે તો એ જ દ્રવ્યદષ્ટિનું અવલંબન લેવાનું કહે છે. આમ, વેદાંતમાં જૈનનો અંશ છે, તટિનીમાં સાગરના અંશની જેમ, પણ દ્રવ્યદષ્ટિએ, સર્વથા નહીં !

જિનેશ્વરની "ઉત્પાદ્વ્યયધ્રુવયુક્તં સત્"ની ત્રિપદીરૂપ અક્ષરબોધમાં ઉપરોક્ત બંને દર્શન રહેલાં જ છે. જૈનદર્શન આ રીતે સાગર સમાન વિશાળદષ્ટિ અપનાવી સર્વ દર્શનોને નદીની જેમ પોતાનામાં સમાવે છે. ખરેખર તો જડ-ચેતન સર્વ પદાર્થનું સ્વરૂપ જ આ ત્રિપદીરૂપ છે અને તેથી સર્વજ્ઞ ભગવંતે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ પ્રરૂપણા કરી. અન્ય દર્શનથી પોતાનું કંઈક જુદું, આગવું, મૌલિક સ્થાન પ્રાપ્ત કરવા માટે નહીં. જૈનદર્શનનો વિશાળ, મધ્યસ્થ અભિગમ અન્ય દર્શન પ્રત્યે દ્વેષ નહીં પણ વાત્સલ્ય તરફ પ્રેરે છે અને એ જ તેના પ્રણેતા જિનેશ્વરની પરમ વીતરાગતાની નિશાની છે.

આવા જિનેશ્વર ભગવંત જેવા વીતરાગ અને સર્વજ્ઞ થવાની શક્તિ અને સંભાવના દરેક આત્મામાં છે. તે માટેનો સાધનામાર્ગ આનંદઘનજી હવે આગળની ગાથામાં ટૂંકમાં એક સુંદર દષ્ટાંત દ્વારા બતાવે છે :

**જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.**
**- ષટ્ દરિશણ૦ ૭**

**શબ્દાર્થ :** જેમ જગતમાં એવું જોવામાં આવે છે કે ભમરી ઈયળને ચટકો ભરતાં તે ઈયળ પણ ભમરી બને છે તેમ જે જીવ જિનેશ્વર જેવા સ્વરૂપને પ્રાપ્ત કરી જિનને આરાધે છે તે નિશ્ચિતપણે જિનેશ્વર થાય છે. (જિનસ્વરૂપ થઈ = જિનવર જેવા ગુણો પ્રાપ્ત કરી; સહી = ચોક્કસ, નિશ્ચિતપણે; ભૃંગી = ભમરી; ઈલિકા =ઈયળ; ચટકાવે = ચટકો ભરે, ડંખ મારે; જગ જોવે = તેમ જગતમાં જોવામાં આવે છે અથવા તે જગતને જોઈ શકે છે)

**ભાવાર્થ :** આ ગાથાનું દષ્ટાંત અને તેનો પરમાર્થ સમજીએ તે પહેલા એક રસપ્રદ વાત એ છે કે આ ગાથા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીને અત્યંત પ્રિય હશે એવું અનુમાન કરી શકાય કારણ કે વચનામૃતમાં ચાર જગ્યાએ તેનો ઉલ્લેખ છે અને

પત્રાંક - ૩૮૭માં તેનો ટૂંકમાં ભાવાર્થ પણ તેઓશ્રીએ આ પ્રમાણે આપ્યો છે : *"જિન થઈને એટલે સાંસારિક ભાવને વિષેથી આત્મભાવ ત્યાગીને, જે કોઈ જિનને એટલે કૈવલ્યજ્ઞાનીને-વીતરાગને આરાધે છે, તે નિશ્ચયે જિનવર એટલે કૈવલ્યપદે યુક્ત હોય છે. તેને ભમરી અને ઈયળનું પ્રત્યક્ષ સમજાય એવું દૃષ્ટાંત આપ્યું છે."* પૃષ્ઠ-૩૪૦માં શ્રીમદ્‌જીએ આ દૃષ્ટાંત વિશે પણ વધુ સ્પષ્ટતા કરી છે.

જગતમાં એમ જોવામાં આવે છે (જગ જોવે) કે ભમરી ઈયળને ચટકો ભરી તેના દરમાં નાખે છે. પછી તે ચટકાની વેદનામાં જ ઇયળનું ચિત્ત એકાગ્ર થતાં ધીમે ધીમે તેનું રૂપાંતરણ થઈ ૧૭મા દિવસે પાંખ આવતા તે ભમરીની જેમ ઊડી જાય છે. પછી તે ભમરીની જેમ જગતને જોઈ શકે છે એવો અર્થ પણ 'જગ જોવે'નો થઈ શકે. વિજ્ઞાન તેને Metamorphosis કહે છે. (અમુક ઘરોમાં કે દીવાલો ઉપર ભમરીના આવા દર સૌને જોવામાં આવ્યા હશે)

હવે આ દૃષ્ટાંતનો પરમાર્થ સમજીએ. જેમ ઈયળને ચટકો લાગવાથી તેમાં રૂપાંતરણ થવા લાગે છે, તેમ જીવને જો જિનેશ્વરના કે તેમના લઘુનંદન એવા સદ્‌ગુરુના ઉપદેશનો ચટકો લાગે તો તેનામાં આમૂલ રૂપાંતરણ થવાનું શરૂ થઈ જાય. ચટકો એટલે એવી ચોટ લાગે કે સંસાર પરથી ખરેખર પ્રીતિ ઘટતી જાય. 'સદ્‌ગુરુએ માર્યા બાણ'થી તેનું હૃદય વિંધાઈ જતાં કષાયો ઉપશમ થવા માંડે, માત્ર મોક્ષની અભિલાષા રહે એવો સંવેગ પ્રગટે, સંસારમાં ઘણું ભમ્યો, હવે બસ થાઓ - એવો નિર્વેદ પ્રગટે. પણ આવી ચોટ ઉત્તમ કક્ષાની મુમુક્ષુતામાં જ લાગે અને એ લાગે પછી **'જિનસ્વરૂપ થઈ'** અર્થાત્ જિનેશ્વરના જ્ઞાન, આનંદ, ક્ષમા, શાંતિ આદિ અનેકાનેક ગુણોનો આંશિકપણે તેનામાં આવિર્ભાવ થવા માંડે. મુમુક્ષુતાના ગુણો - શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા આદિ વડે તે 'જિનસ્વરૂપ થઈ' પછી **'જિન આરાધે'** અર્થાત્ જિનની આજ્ઞાનુસાર, "આણાએ ધમ્મો, આણાએ તવો" ને અનુસરતો મોક્ષમાર્ગની અંતરંગ - બહિરંગ આરાધનામાં મંડી પડે છે. રાગ-દ્વેષના પ્રસંગોમાં હવે તે ઉદાસીન રહે છે.

મુમુક્ષુતા વર્ધમાન થતાં કોઈ સદ્‌ગુરુનો ભેટો થાય છે અને તેમની પ્રત્યક્ષ આજ્ઞા - આરાધન રૂપી 'ચટકો' લાગતાં ઈયળને જેમ ચટકાથી ભમરી બનવાની ચટપટી ઊપડે છે, તેમ આ ભવ્ય જીવને જિનેશ્વર જેવા બનવાની ચટપટી ઉપડે છે ! અર્થાત્ એવી વિરહ-વેદના ઊપડે છે કે જિનેશ્વર જેવા જ નિજ શુદ્ધાત્મસ્વરૂપી સ્વામીની પ્રાપ્તિમાં કોઈ ઢીલ હવે તેને પોસાતી નથી. તેનું હૃદય, પોતાના જ અંતરમાં રહેલા અનંત સુખના ધણીને પામવા 'પિયુ, પિયુ' પોકારી ઊઠે છે. 'તું હી તું હી'ની એવી લગન લાગે છે કે એક ધન્ય પળે તે પોતાના સદ્‌ગુરુ જેવો આત્મજ્ઞાની બને છે અને જેમ ઇયળ ૧૭મા દિવસે ભમરી બને છે તેમ આ ભવ્યાત્મા થોડા જ ભવોમાં જ્ઞાન-ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચી સ્વયં જિનેશ્વર બની જાય છે. અને 'જગ જોવે' અર્થાત્ જડ-ચેતનમય જગતને સર્વજ્ઞપણે યથાર્થરૂપે જોવે છે. ત્રણ લોકનો નાથ બને છે. આમ, સુયોગ્ય રીતથી, ગુરુગમના આશ્રયથી થતી જિન આરાધનાથી જિનસ્વરૂપ થઈ નિશ્ચિતપણે જીવ શિવ બની શકે છે એવી બાંહેધરી આનંદઘનજી આપે છે.

આ વાતનું સમર્થન કરતા શ્રી દેવચંદ્રજી મહારાજ શ્રી મહાવીર સ્તવનમાં કહે છે :

*"સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,*
*દરિશણ શુદ્ધતા તેહ પામે;*
*જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,*
*કર્મ ઝીપી વસે મુક્તિ ધામે."*

જિનેશ્વર પ્રરૂપિત ધર્મની આરાધના બાહ્યાંતર સમ્યક્‌પણે કઈ રીતે કરવી તેનું વિશેષ માર્ગદર્શન આનંદઘનજી હવે પછી આપવાના છે, તે યથાવસરે જોઈશું. **(ક્રમશઃ)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૮)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**પ્રભુનો વૈભવ અને ગુણો (ગાથા ૧૩-૧૪)**

● **મૂળ શ્લોક : ગાથા - ૧૩** (વસંતતિલકા)


**वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि,**
**निःशेषनिर्जितजगत् त्रितयोपमानम् ।**
**बिम्बं कलंकमलिनं क्व निशाकरस्य,**
**यद्वासरे भवति पांडुपलाशकल्पम् ॥ १३ ॥**

● **શબ્દાર્થ :** वक्त्रं - મુખ, क्व - ક્યાં (?) (આ અવ્યય અહીં બે વસ્તુઓ વચ્ચેનું મોટું અંતર દર્શાવે છે), ते - તમારું, सुर - દેવો, नर - મનુષ્યો, उरग - ભવનવાસી દેવો (અસુર વર્ગ), नेत्रहारि - નયનનું હરણ કરનાર, निःशेष - સંપૂર્ણ, निर्जित - જીતી લીધેલ છે, जगत्त्रितय - ત્રણ જગતની (લોકની), उपमानम् - ઉપમાઓ, જેની સાથે વસ્તુની સરખામણી થાય, बिम्बं - બિંબ, મંડલ, कलंकमलिनं - કલંક (ડાઘા)થી મલિન, निशाकरस्य - ચંદ્રનું, यत् - જે (ચંદ્રનું બિંબ), वासरे - દિવસમાં, भवति - થાય છે, पांडु - જીર્ણ થયેલું એવું (ફીક્કું), पलाश - ખાખરાનું પાંદડું, कल्पम् - જેવું, સરખું.

● **સમશ્લોકી અનુવાદ - ૧૩** (મંદાક્રાંતા) :

**જેણે જીતી ત્રિભુવનતણી ઉપમા સર્વ રીતે,**
**દેવોના ને જગગણતણા ચિત્તને ખેંચતી તે;**
**થાતો ઝાંખો શશિ પણ પ્રભુ ! આપના મુખ પાસે,**
**મેલા જેવો દિનમહીં અને છેક પીળો જ દીસે.(૧૩)**

● **ભાવાર્થ :** (હે પ્રભો !) ત્રણ જગતની સર્વ ઉપમાઓ જેણે જીતી લીધી છે (અર્થાત્ ઓછી પડે છે) તથા દેવો-મનુષ્યો-ભવનપતિ દેવો (નાગકુમારો)ની આંખોને હરી લેનાર એવું આપનું



મુખ ક્યાં ? અને કલંકથી મલિન એવું ચંદ્રનું બિંબ ક્યાં ? કે જે દિવસમાં ખાખરાના પાંદડા સમાન ફીક્કું દેખાય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્રી જિનેશ્વરદેવ નિરંતર દર્શન કરવા યોગ્ય છે તથા શાંતરસથી ભરપૂર છે, એ આગળના ૧૧-૧૨ શ્લોકમાં જણાવ્યા પછી માનતુંગાચાર્ય તેમના મુખનું વર્ણન કરે છે. આ મુખે દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવ (એટલે અસુરવર્ગ, નાગકુમાર) એમ ત્રણેય ભુવનના લોકોનું અપૂર્વ આકર્ષણ કરેલું છે. વળી, તેણે (પ્રભુના મુખે) ૧૪ રાજલોકના સર્વ ઉપમાનોને (ઉપમા આપવા યોગ્ય વસ્તુઓને) સંપૂર્ણપણે જીતી લીધી છે, એટલે

કે તેની સરખામણી કોઈ પણ વસ્તુની સાથે થઈ શકે એમ નથી. વ્યવહારમાં સુંદર મુખને મુખકમળ, મુખદર્પણ કે મુખચંદ્ર કહેવામાં આવે છે પણ કમળ તો કરમાઈ જાય, દર્પણ પર ધૂળ છવાતા તેનું સૌંદર્ય અને ઉપયોગિતા ઓછા થઈ જાય અને ચંદ્રનું મંડલ કલંકથી (ચંદ્રમાં રહેલા કાળા ડાઘા કે જે આપણને નરી આંખે પણ અહીં પૃથ્વી પરથી દેખાય છે) મલિન છે, જ્યારે શ્રી જિનેશ્વરદેવના મુખમંડલમાં કોઈ પણ કલંક નથી (આગળના ૧૨મા શ્લોકમાં કહ્યું તેમ તે પરમ ઔદારિક પરમાણુઓથી બનેલ છે). વળી, ચંદ્રનું બિંબ દિવસે પાકી ગયેલાં પાંદડાની માફક ફીક્કું (પીળું) પડી જાય છે, જ્યારે પ્રભુનું મુખ તો રાત્રિ અને દિવસ સમાન કાંતિવાળું રહે છે. તાત્પર્ય કે શ્રી જિનેશ્વરદેવનું મુખમંડલ અનુપમ કાંતિને ધારણ કરનારું છે. પરમાર્થથી પ્રભુની કાંતિ (કેવળજ્ઞાન, આભા) પૂર્ણ, શુદ્ધ, વીતરાગ, નિર્દોષ અને પવિત્ર છે.

આચાર્યશ્રીની ઊંડી પ્રભુભક્તિનો આપણને અહીં વિશેષ પરિચય થાય છે. તેઓ પ્રભુના ગુણોનું વર્ણન લાક્ષણિક શૈલીમાં કરે છે. આ જગતમાં જેનું મુખ સુંદર હોય તેના મુખને ચંદ્રની સાથે સરખાવવાનો રિવાજ છે, કારણ કે ચંદ્ર રાત્રિના સમયે શાંત પ્રકાશ અને શીતળતા પ્રસારી સર્વ જનોના હૃદયને આહ્લાદ આપે છે. પરંતુ પ્રભુના મુખને ચંદ્રની ઉપમા આપવા જતા એ મુખને કેવો અન્યાય થાય (ઉપર કહ્યું તેમ કલંકની મલિનતા અને દિવસે કાંતિવિહીન) તે વર્ણવ્યું છે. આચાર્યશ્રીને થાય છે કે પ્રભુના મુખને હું ચંદ્ર સાથે કઈ રીતે મૂકી શકું ? ક્યાં પ્રભુનું મુખ અને ક્યાં ચંદ્રમા !

જગતના પદાર્થોના ઉત્તમ ગુણો પ્રભુમાં સમાયેલા છે. અન્ય પદાર્થમાં એકાદ ગુણ વિશેષતાએ હોય, પણ સાથે અવગુણ (ખામી) પણ હોય છે (ઉપર કમળ, દર્પણ અને ચંદ્રની ખામીઓ કહી). ત્યારે પ્રભુનું મુખ એવું છે કે એમાં એક પણ અવગુણ નથી. એટલે કે જગતના ઉત્તમ પદાર્થો પણ સકલંક (ખામીવાળા) છે ત્યારે પ્રભુનું મુખ નિષ્કલંક છે. શીતળતા, સૌમ્યતા અને પરિણામે આહ્લાદકતા (વ્યવહારથી, બાહ્ય)ને કારણે ચંદ્ર એક ઉત્તમ ઉપમાન ગણાય છે પરંતુ આ ઉત્તમ ઉપમાન (ચંદ્ર) પર ઉપમેય (પ્રુભુજીનું મુખડું)ની શ્રેષ્ઠતા આચાર્યશ્રીએ બતાવી છે.

પ્રભુનું મુખ સૌમ્ય, શીતળ અને પ્રસન્ન હોય છે. તે વદનને નિહાળનાર, પોતાના આત્મામાં શાંતિ, શીતળતા અને આનંદ અનુભવે છે. પ્રભુના મુખ પરની વીતરાગતા તે નિરખનારને કલ્યાણ સન્મુખ કરે છે. આમ, ચંદ્રના સઘળા ગુણો તો પ્રભુના મુખમાં છે જ પણ તેના અવગુણ(કલંક, ફીકાશ વગેરે) એક પણ નથી. આ ઉપરાંત જે ચંદ્રમાં નથી તે (વીતરાગતા) પ્રભુમાં છે એ દર્શાવી પ્રભુ મુખની શ્રેષ્ઠતા ઇતિસિદ્ધમ્ કરેલ છે. આ વિશેષોક્તિ દ્વારા આચાર્યશ્રી આપણને પ્રભુની અનુપમતા સમજાવે છે.

અહો પ્રભુ ! કેવું આપનું અનુપમ મુખડું ! તમારું મુખ જોઈને દેવો અને દાનવો લોભાયા, મનુષ્યો મલકાયા, પ્રાણીઓ હરખાયા... કઈ ઉપમા આપવી પ્રભુ આપને (મુખને) ! આપના મુખને ઉપમા આપવામાં જગતના પદાર્થોનો પનો ટૂંકો પડે છે ! એટલે પ્રભુનું મુખ અનુપમ - ઉપમાતીત છે.

ઠીક જ કહ્યું છે કે,

**"આંખડી મારી પ્રભુ હરખાય છે,**
**જ્યાં તમારા મુખના દરશન થાય છે... આંખડી"**

તીર્થંકર ભગવાન સર્વથા અકષાયી બની કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવે છે. કેવળજ્ઞાન એકવાર પ્રગટ્યા પછી કદાપિ કોઈકાળે ચાલ્યું જતું નથી. તે અપ્રતિપાતિ છે, અર્થાત્ તેનો જ્ઞાનમય પ્રકાશ

સદાય અનંતકાળ એવો ને એવો ઝળહળી રહેવાનો છે કારણ કે તે સ્વયં પ્રકાશિત છે અને ચંદ્રની જેમ પારકા તેજે પ્રકાશતું નથી. તો પછી તેને સૂર્યની ઉપમા કેમ ન આપી ? કારણ કે સૂર્યમાં પણ કાળા ડાઘા છે, તે રાત્રે હોતો નથી અને તેનો પ્રકાશ ઉષ્ણ અને દાહક છે; જ્યારે પ્રભુના અકષાયી સ્વરૂપને લીધે તેમના વદન પર પરમ સૌમ્યતા પ્રગટે છે. પ્રભુના તન (તેમનું શરીર હજારો-લાખો-કરોડો વર્ષો સુધી રહે તો પણ છેક સુધી તેનું તેજ એવું ને એવું રહે છે) અને મન (તથા આત્મા) એવા તો શીતલીભૂત બનેલા છે કે જેથી તેમના વદન પર વીતરાગદશાની એક અપૂર્વ લહેર ઝળહળી ઉઠે છે, જે વદનના દર્શન કરવાથી જ જોનારાના આત્માઓ જે અત્યાર સુધી સંસારના ત્રિવિધ તાપથી બળીઝળી રહેલા છે તે આપમેળે શાંત બને છે, ભવોભવના મિથ્યાત્વ અને અજ્ઞાનને મંદ કરીને આત્માભિમુખ બને છે, માર્ગાનુસારીપણાને પામે છે અને આત્મકલ્યાણ સન્મુખ થાય છે. આ દર્શન સમવસરણમાં થાય છે. પરંતુ સમવસરણમાં આવવા માટે ચારે ગતિના જીવોમાંથી અધિકારી કોણ ? જિનેશ્વર પ્રભુના સમવસરણમાં ૧૨ પ્રકારની પર્ષદામાં નારકીના જીવો ન આવી શકે અને નિગોદાદિ સૂક્ષ્મજીવો તથા એકેન્દ્રિયાદિ જીવો તો સાવ અબોધ દશામાં પડ્યા છે, તે હાજર હોય તો પણ પ્રભુદર્શનનો લાભ શું પામી શકે ? માટે આચાર્યશ્રી પરમાર્થથી આપણને ચેતવે છે કે હે જીવ ! જો નરક-નિગોદાદિ ગતિમાં ન જવું હોય તો પ્રભુનું નામ લેતો રહે અને પ્રભુપ્રાર્થના કરતો રહે.

પૂ. શ્રી કાનજીસ્વામી કહે છે કે પ્રભુના આત્મામાં રાગ નથી ને શરીરમાં રોગ નથી. આત્મામાં સૌથી ઊંચી કેવળજ્ઞાન દશા થઈ છે, ને શરીરમાં સૌથી ઊંચી પરમ ઔદારિક દશા થઈ છે. આમ, આ શ્લોકમાં બંને પ્રકારે (બાહ્યમાં અને અંતરમાં) સર્વોત્કૃષ્ટપણું બતાવીને ભગવાનની પરમાર્થ સ્તુતિ કરી છે.


**● મૂળ શ્લોક : ગાથા - ૧૪** (વસંતતિલકા)

**संपूर्णमंडलशशांककलाकलाप —**
**शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयन्ति ।**
**ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं,**
**कस्तान्निवारयति संचरतो यथेष्टम् ? ॥१४॥**

**● શબ્દાર્થ :** संपूर्णमंडल - સંપૂર્ણ મંડળ (ગોળ), शशांक - પૂર્ણિમાનો ચંદ્ર, कलाकलाप - કળાનો સમૂહ, शुभ्रा - શ્વેત, ઉજ્જવળ, गुणाः - ગુણો, त्रिभुवनं - ત્રણ ભુવનને (લોકને), तव - તારા (તમારા), लंघयन्ति - ઓળંગીને (વ્યાપીને) રહેલા છે, ये - જે, संश्रिताः - આશ્રયે રહેલા છે, त्रिजगदीश्वर - ત્રણ જગતના સ્વામી, नाथम् - નાથ (અદ્વિતીય સામર્થ્યના સ્વામી)ને, एकम् - એક (અદ્વિતીય), कः - કોણ, तान् - તેને, निवारयति - રોકી શકે (?), संचरतो - વિચરતા (ફરતા), यथेष्टम् - ઇચ્છા મુજબ, સ્વેચ્છાએ.

**● સમશ્લોકી અનુવાદ - ૧૪** (મંદાક્રાંતા) :

**વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહીં હે પ્રભુ ! શુભ્ર એવા,**
**શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;**



**તારા જેવા જિનવરતણા આશરે તે રહે છે,**
**સ્વેચ્છાથી તો અહીં-તહીં જતા કોણ રોકી શકે છે?(૧૪)**

● **ભાવાર્થ :** હે ત્રણ જગતના નાથ ! પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણો ત્રણે લોકને વ્યાપીને રહેલા છે, તે યોગ્ય જ છે; કારણ કે જે અદ્વિતીય સામર્થ્યના સ્વામીના (તમારા) આશ્રિત હોય, તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વત્ર ફરી શકે છે. તેમને રોકવાને કોણ સમર્થ છે ? (અર્થાત્ સર્વગુણોના આશ્રયસ્થાન આપ જ છો અને આપના ગુણો પૂર્ણ વિકસિતપણે ૧૪ રાજલોકમાં ફેલાયા છે).

● **વિશેષાર્થ / પરમાર્થ :** ચંદ્ર સાથે પ્રભુના મુખની સરખામણી કરવી યોગ્ય નથી એમ આગળના ૧૩મા શ્લોકમાં કહ્યા પછી, માનતુંગાચાર્ય આ ૧૪મા શ્લોકમાં ચંદ્રની ઉપમા પરમાત્માના ગુણોને આપે છે ત્યારે આશ્ચર્ય તો જરૂર થાય ! તેના સમાધાનમાં, ૧૩મા શ્લોકમાં પ્રભુના મુખની સાથે ચંદ્રની સરખામણી હતી જ્યારે અહીં પ્રભુના ગુણોની વાત છે. બીજું ત્યાં સામાન્ય ચંદ્રની વાત હતી અને અહીં સોળે કળાએ ખીલેલા ચંદ્રની વાત છે. ત્રીજું જગતમાં અન્ય કોઈ ઉપમાલાયક પદાર્થ ન મળતા, પ્રભુની વિશિષ્ટતા અને ગુણોની ઉત્તમતા દર્શાવવા પૂર્ણિમાના ચંદ્રનો આશરો લીધો છે.

આચાર્યશ્રી કહે છે કે હે પ્રભુ ! શરદપૂર્ણિમાના ચંદ્રની કાંતિ જેવા તમારા પૂર્ણ વિકસિત ઉજ્જવળ ગુણો ત્રણેય લોકમાં ફેલાયેલા છે, કારણ કે આપ જ ત્રણ ભુવનના સ્વામી છો. તમારા જેવા જિનવરનો આશ્રય કરીને આ ગુણો (તમારામાં) રહે છે. તેથી તેમને પોતાની ઇચ્છા પ્રમાણે વિહાર કરતા કોઈ રોકી શકે તેમ નથી.

પ્રભુનું શરણ ગ્રહવાથી થતી ઉચ્ચ દશા આ શ્લોકમાં આચાર્યશ્રીએ દર્શાવી છે. સામાન્ય રીતે જગતમાં જીવો કાર્ય-કારણની શૃંખલામાં બંધાઈને તેને વશ વર્તતા હોવાથી પોતાની ઇચ્છા અનુસાર વર્તી શકતા નથી. તેથી પોતાની ઇચ્છા વિરુદ્ધ ઘણી જગ્યાએ તેમને વર્તવું પડે છે. પણ અહીં અપવાદરૂપે, જે જીવ પ્રભુનું શરણું લે છે અને પછી પોતાની ઇચ્છા પૂર્ણ કરવા ચાહે છે તો એ અવશ્ય પૂર્ણ થાય છે, એવો પ્રભુશરણનો મહિમા છે. અલબત્ત, પ્રભુના શરણમાં રહેનારો જીવ અન્ય કોઈ ઇચ્છાને બદલે ત્વરાએ મોક્ષપ્રાપ્તિની ઇચ્છા ધરાવે છે. પ્રભુના શરણે રહેનારને પોતાની ઇચ્છિત એવી મોક્ષગતિમાં જતા કોઈ રોકી શકતું નથી. પ્રભુનું શરણું ન હોય ત્યાં સુધી જીવ કર્મને આધીન થઈ ચાર ગતિમાં પરવશપણે ભમે છે. તાત્પર્ય એ છે કે જો પ્રભુનું અનન્યભાવે શરણું સ્વીકારવામાં આવે તો તે અવશ્ય મનુષ્ય-તિર્યંચ-દેવ-નરક ગતિમાંથી મુક્ત બની મોક્ષગતિમાં વિના અવરોધ જઈ શકે છે. આવું પ્રભુનું અપૂર્વ માહાત્મ્ય છે.

માનતુંગાચાર્યે આદિનાથ પ્રભુનું અચળ શરણું લીધું છે, તેથી પોતે પણ પોતાનું ઇચ્છિત (મોક્ષ) વિના અવરોધ પ્રાપ્ત કરવાના છે એવો ધ્વનિ આ શ્લોકમાં આપણને સંભળાય છે ! વળી, બીજી અપેક્ષાએ એ પણ સમજાય છે કે પ્રભુને શરણે રહેલાં ગુણો જેમ યથેચ્છ ફરી શકે છે તેમ આચાર્યશ્રી પણ પ્રભુના શરણે હોવાથી, જંજીરોની બંધન અવસ્થાથી છૂટી, યથેચ્છ (મુક્ત) ફરી શકશે.

શ્રી જિનેશ્વરદેવ ગુણો વડે સર્વવ્યાપી છે (કેવળજ્ઞાનની અપેક્ષાએ). પરમાર્થ એ છે કે કેવળજ્ઞાન પ્રગટ્યા પછી પ્રભુનો યશ લોકાલોકમાં વ્યાપી જાય છે. તેમના શ્રેષ્ઠ ગુણોના ગાન ત્રણેય લોકમાં થાય છે. વળી, સાચી પ્રભુભક્તિ શરીર-આશ્રિત નથી હોતી પણ ગુણ-આશ્રિત હોય છે તેમ આચાર્યશ્રી કહે છે.

ઉત્તમનો સંગ કરનારને ઉત્તમ વસ્તુ મેળવવાની જ ઇચ્છા થાય છે અને સંગ તેવો રંગ તથા મતિ તેવી ગતિ તે ન્યાયે પ્રભુનું શરણ લેનારને ત્રણેય લોકમાં ઉત્તમ વસ્તુ અર્થાત્ પ્રભુ (સિદ્ધ) પદ પ્રાપ્ત કરવાની જ મહેચ્છા થાય છે. જ્યારે જીવમાં આવી મહેચ્છા પ્રગટે ત્યારે, માનતુંગાચાર્ય કહે છે કે ત્રણ લોકમાં કોઈ એવી શક્તિ નથી – કર્મ સમૂહ કે મોહરાજા સુદ્ધાની – કે જે જીવને મોક્ષમાં જતા રોકી શકે ! એટલું બધું અપ્રતિમ માહાત્મ્ય પ્રભુ-ચરણના શરણનું અત્રે પરમાર્થથી બતાવ્યું છે.

આચાર્ય કહે છે કે પ્રભો ! અમારી સાધક પરિણતિએ આપના જેવા મહાપુરુષનો આશ્રય

(વ્યવહારથી બહારથી આપનો, પણ નિશ્ચયથી અંતરમાં પરમાત્મભાવનો) લીધો છે તેથી અમને ય હવે મોક્ષમાં પ્રવેશતા કોઈ રોકી શકશે નહીં. જેમ મોટા રાજા-મહારાજાના દૂતને રાજદરબારમાં કે નગરની હદમાં પ્રવેશતા કોઈ રોકી શકે નહીં, તેમ સાધક જીવ કહે છે કે અમે સર્વજ્ઞ પરમાત્માના દૂત છીએ અને અમને ઈચ્છાનુસાર મોક્ષમાર્ગમાં વિચરતા કોઈ રોકી શકે નહીં, કેમ કે અમે મોટાનો આશરો લીધો છે.

પ્રભુનો જન્મ થયો કે કેવળજ્ઞાન થયું ત્યાં દિવ્ય અજવાળા ત્રણ લોકમાં પથરાઈ ગયા, ને જીવોને શાતા થઈ. ત્યારે આશ્ચર્ય પામી જિનમહિમાનું ચિંતન કરતા ઘણા ય જીવો સમ્યગ્‌દર્શન પામી ગયા. એ રીતે પ્રભુના ગુણોની કીર્તિ તો ત્રણ લોકમાં ફેલાઈ ગઈ અને બીજા જીવોમાં પણ પ્રભુના નિમિત્તે ગુણનો વિસ્તાર થવા માંડ્યો. આ રીતે ભક્તને ત્રણ લોકમાં પ્રભુના ગુણો જ દેખાય છે. બાકી ભક્તિમાં તો 'ભક્તની ભાષા' હોય તેમાં પરાધીનતાની બુદ્ધિ નથી પણ ભગવાન પ્રત્યેનો વિનય છે. ભક્ત કહે છે કે પ્રભો, જગતમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આપના ગુણના ગાણા ન ગવાતા હોય ! અમે પણ જ્યાં જઈશું ત્યાં આપના ગુણના ગાણા ગાઈશું ને તે ગાતા ગાતા મોક્ષમાં આવીશું. દોષનું નામ-નિશાન અમારી પાસે નહીં રહે - જુઓ આ વીતરાગના સાચા ભક્તનો અંદરનો પડકાર, અંતરનો પોકાર ! પ્રભો, અમે સર્વગુણ- સંપન્ન એવા આપના ઉપાસક થયા... હવે અમારામાં કોઈ દોષ કેમ રહી શકે ? હવે અમારા ગુણના વિસ્તારને રોકવા જગતમાં કોઈ સમર્થ નથી. આ અદ્‌ભુત ગુણભક્તિ છે. ખરેખર, જ્ઞાન સ્વભાવની અનુભૂતિરૂપ સમ્યગ્‌દર્શન ને આત્મજ્ઞાન તે જ સર્વજ્ઞ ભગવાનની સૌથી પહેલી સ્તુતિ છે. (સમયસાર ગાથા-૩૧ અને તેના પરની ટીકા). આવી ભાવસ્તુતિ કરનારને પણ શાસ્ત્રમાં 'જિન' કહ્યા છે. પ્રભુ, અમે આપના નંદન થયા, આપના વારસ થયા, સર્વજ્ઞપદના યુવરાજ થયા. હવે મોક્ષપદ લેતા શી વાર ! મોક્ષમાર્ગ નાકની દાંડીએ છે અને મોક્ષ હથેળીમાં છે. આમ, સાધકને પોતાના મોક્ષની નિઃશંકતા થાય છે.

હવે પછીની ગાથાઓમાં પ્રભુનો ગુણવૈભવ અને તેનું માહાત્મ્ય અનેક દૃષ્ટાંતો દ્વારા આચાર્ય શ્રી સમજાવે છે તે આપણે અવસરે વિચારીશું. સર્વ જીવ પ્રભુના ચરણ-શરણનો આશ્રય લઈને કોઈ રોકટોક વિના મોક્ષપદ પામે તેવી મંગલ ભાવના સાથે, શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## મુનિશ્રી સંતબાલજીના જીવન સંદર્ભે

**(પાના નં. ૨૯ પરથી ચાલુ...)**

રક્ષણ કરે છે.

ભગવાન મહાવીરના જીવનપ્રસંગોમાં જનહિત અને લોકકલ્યાણની ભાવના અભિપ્રેત છે. મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે. મુનિ સંતબાલજી અમૃત પ્યાલાના પુરસ્કર્તા હતા.

સંત તો સંસારની બળબળતી બપોરમાં ચંદન જેવી શીતળતા આપે છે.

જૈન દર્શનમાં સ્વ-પર-કલ્યાણની વાત આવે છે. મારા કલ્યાણ સાથે વિશ્વકલ્યાણનો વિચાર આ ખ્યાલમાં અભિપ્રેત છે.

શ્રમણ સંસ્કૃતિના વિશિષ્ટ પૂર્વાચાર્યો પૂ. હેમચંદ્રાચાર્ય, પૂ. વિજયવલ્લભસૂરિ, પૂ. અમરમુનિ અને મુનિશ્રી સંતબાલજી જેવા આ દિશામાં કાર્ય કરી જૈનધર્મના સેવાભાવને ઉજાગર કર્યો છે.

આચાર્ય આનંદઋષિ, સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ, આચાર્ય તુલસીએ લોકકલ્યાણની પ્રેરણા કરી. સમયના સાંપ્રત પ્રવાહમાં પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. એ વીર સૈનિક તપોવન સંસ્કારધામ, પૂ. હેમરત્નવિજયજીના શિષ્યોએ એલર્ટ યંગ ગ્રુપ, યુગ દિવાકર, પૂ. નમ્રમુનિ મ.સા. અર્હમ્ યુવા ગ્રુપને, પૂ. નયપદ્મસાગરજી 'જીતો' દ્વારા જનહિતના કાર્યો માટે પ્રેરે છે.

• • •

# સમ્યક્જ્ઞાન

**બા.બ્ર.શ્રી સુરેશજી**

## જ્ઞાનતત્ત્વનું સ્વરૂપ

જે જાણે છે તે જ્ઞાન છે અથવા જેના દ્વારા પદાર્થને જાણવામાં આવે છે તે જ્ઞાન છે અથવા પદાર્થની જ્ઞપ્તિ અર્થાત્ જાણણક્રિયા (જાણવાની ક્રિયા) છે તે જ્ઞાન છે અથવા જાણવું માત્ર છે તે જ્ઞાન છે. અર્થાત્ જે કર્તા પદાર્થને જાણે છે તે પણ જ્ઞાન જ છે. જે પદાર્થને જાણવાનું સાધન છે તે કરણ (માધ્યમ) પણ જ્ઞાન જ છે તથા જે પદાર્થને જાણવાની ક્રિયા છે તે પણ જ્ઞાનનું જ સ્વરૂપ છે અને આ સર્વ અવસ્થાઓમાં તે જ્ઞાનમાત્ર જ રહે છે. આ રીતે જ્ઞાનનું સ્વરૂપ છે.

### -: જ્ઞાનના લક્ષણ :-

**[૧] જ્ઞાન સ્વપર પ્રકાશક છે :-**

જ્ઞાનનું પ્રધાન લક્ષણ છે - સ્વ-પર પ્રકાશકપણું અર્થાત્ પોતાના સ્વરૂપને પણ જાણવું તથા પરજ્ઞેયોને પણ જાણવાં. તે જ્ઞાનનો સ્વભાવ છે. આ સ્વ-પર પ્રકાશકપણું બે પ્રકારે જાણવું જોઇએ :- (૧) જ્યારે આત્મા સર્વ કષાય કલંકોથી નિરાવરિત થાય છે ત્યારે તે પૂર્ણ શુદ્ધજ્ઞાન પોતાના સ્વરૂપને પણ પરિપૂર્ણરૂપથી જાણે છે તથા સર્વ જ્ઞેયોને પણ પરિપૂર્ણ રૂપથી જાણે છે. આને જ કેવળજ્ઞાન કહે છે તથા (૨) જ્યારે આ આત્મા કષાયકર્મ કલંક સહિત છે તે અવસ્થામાં આ જ્ઞાન ઈન્દ્રિયો તથા મનના દ્વારથી પદાર્થનું અભિજ્ઞાન કરે છે. આ અવસ્થામાં જ્ઞાન ઈન્દ્રિયો તથા મનના દ્વારોથી જે પર પદાર્થોને જાણે છે તે તો તેનું પર પ્રકાશકપણું છે તથા જ્યારે પોતાના શુભાશુભ ભાવોનું વેદન કરે છે તે સમયે તે અશુદ્ધ નિશ્ચયનયાશ્રિત પોતાના અશુદ્ધ સ્વરૂપને જાણનાર થતું હોવાથી સ્વપ્રકાશક સંજ્ઞાને પામે છે અર્થાત્ છદ્મસ્થ અવસ્થામાં પણ જ્ઞાન પોતાના સ્વ-પર પ્રકાશકપણાના સ્વભાવને છોડતું નથી. જ્યારે આ જ્ઞાન પાંચ ઈન્દ્રિયો તથા મનના દ્વારોનો નિરોધ થતા પર જ્ઞેયોને વિષય કરવાનું છોડી દે છે તે સમયે અન્ય વિષયો તથા પર વિકલ્પોમાં ન પ્રવર્તતા સ્વયં પોતાના આત્માને જ વિષય કરે છે. તે સમયે આ જ્ઞાન આત્મજ્ઞાન કે સ્વ-સંવેદનજ્ઞાન કે સ્વ-સંવિત્તિ એવું અભિધાન (નામ) પ્રાપ્ત કરે છે. આ રીતે સર્વકાળમાં જ્ઞાનનું સ્વ-પર પ્રકાશકપણું ઘટિત કરવામાં આવ્યું છે.

**[૨] જ્ઞાન સવિકલ્પક હોય છે :-**

જ્ઞાનનું બીજું લક્ષણ છે સવિકલ્પપણું. જ્ઞાન સદૈવ સવિકલ્પક જ હોય છે. કોઇ પૂછે કે ત્યારે પાછું નિર્વિકલ્પજ્ઞાન એવું સમાધિકાળમાં કેમ નામપ્રયોગ થાય છે. તો તેનો જવાબ સમજીએ તે પહેલા જ્ઞાન સવિકલ્પક હોવાનો શું અર્થ છે તે સમજવું પડશે. વિકલ્પસહિત જાણવાનો અર્થ છે પદાર્થને વિશેષો સહિત જાણવા. એક તો પદાર્થની સત્તામાત્રનું જ્ઞાન હોય છે, જે દર્શનનો વિષય છે. આમાં માત્ર પદાર્થના અસ્તિત્વનો બોધ છે. તે પદાર્થ કેવો હોય છે ? કયા-કયા ઘટકોથી બનેલો છે? તેની શું-શું અવસ્થાઓ હોય છે ? આ બધા વિશેષોનો બોધ થતો નથી. આને જ આગમમાં પદાર્થદર્શન કહ્યું છે, જે આત્માના દર્શન ગુણનો વિષય છે. જ્યારે પદાર્થને દ્રવ્ય-ગુણ-પર્યાયો સહિત વિશેષતાઓથી જાણવામાં આવે છે ત્યારે તેને વિકલ્પસહિત જાણવું એમ આગમમાં કહ્યું છે. અહીં સ્વ તથા પર બંન્નેને તેમની વિશેષતાઓ સહિત જાણવા એમ સમજવું જોઇએ. હવે, કોઇ ફરીવાર પ્રશ્ન પૂછે કે જ્યારે જ્ઞાન પર જ્ઞેયોને પણ તેમની વિશેષતાઓ સહિત જાણશે તો બર્હિમુખ ઉપયોગ થવાથી ક્યારેય પણ સ્વરૂપ સ્થિરતા સંભવિત

થશે નહીં ? તો આનો જવાબ એ છે કે પરજ્ઞેયોને જાણવા માત્રથી ઉપયોગ બહિર્મુખ થતો નથી, પરંતુ તેમાં ઇષ્ટ-અનિષ્ટરૂપ રાગ-દ્વેષ કરવાથી ઉપયોગ બહિર્મુખ થાય છે. જો પરજ્ઞેયોને જાણવા માત્રથી ઉપયોગ બહિર્મુખ થતો હોત તો કેવળજ્ઞાની સર્વલોકાલોકના પરજ્ઞેયોને જાણે છે તો તે સર્વકાળ મહાઅસમાધિમાં હોવા જોઇએ. પરંતુ એવું નથી. કેવળજ્ઞાની સદા સર્વદા પરિપૂર્ણ સ્વરૂપલીનતામાં હોય છે, કારણ કે તે પરજ્ઞેયોને જાણે પરંતુ મોહના અભાવમાં રાગ-દ્વેષપણાનો સંપૂર્ણ અભાવ છે. તેથી અસમાધિનું કારણ પરજ્ઞેયોને જાણવા તે નહીં, પરંતુ તેમાં ઇષ્ટ - અનિષ્ટ બુદ્ધિથી ઉત્પન્ન રાગ-દ્વેષ કરવાં તે છે. જે જ્ઞાનમાં પદાર્થ પ્રત્યે ઇષ્ટ-અનિષ્ટપણું તથા રાગ દ્વેષ હોતા નથી તે જ્ઞાન સ્વરૂપ-સમાધિરૂપ જ છે. તેથી એમ ફલિત થાય છે કે **"સ્વ કે પર પદાર્થોનું જ્ઞાન બહિર્મુખતા કે અસમાધિનું કારણ નથી, પરંતુ તે પદાર્થોમાં રાગ-દ્વેષરૂપ પ્રવૃત્તિ છે તે જ અસમાધિનું મૂળ કારણ છે."** કારણ કે જ્ઞાનનો તો સ્વભાવ જ સ્વ-પરને તેમની વિશેષતાઓ સહિત જાણવાનો છે અને એને જ જ્ઞાનનું સવિકલ્પપણું કહે છે અને જ્ઞાન પોતાનો સ્વભાવ કદાપિ છોડી શકતું નથી, કારણ કે સ્વભાવનો ત્યાગ થાય એવી વસ્તુવ્યવસ્થા જ નથી. તેથી, જ્ઞાન સવિકલ્પ હોય છે એવું સિદ્ધ થાય છે. તેથી **"જેને પણ સ્વરૂપ સમાધિની ચાહ હોય તેણે મોહ-રાગ-દ્વેષનો ત્યાગ કરી જ્ઞાતામાત્ર રહેવાનો અભ્યાસ કરવો જોઇએ."**

**[3] જ્ઞાન સાકાર છે :-**

જો કે જ્ઞાન અમૂર્તિક છે અર્થાત્ સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી યુક્ત પુદ્ગલ પદાર્થોની જેમ તે મૂર્તિક નથી, કારણકે જ્ઞાન આત્માનો ગુણ છે અને આત્મા અરૂપી પદાર્થ છે તેથી તેના બધા ગુણો પણ નિશ્ચયથી અમૂર્ત સ્વરૂપી છે. કારણ કે આત્મા વાસ્તવમાં જ્ઞાનઆદિ ગુણોના સમૂહ સિવાય બીજો કોઇ સ્વતંત્ર પદાર્થ નથી. તેથી આત્મા અરૂપી હોવાથી જ્ઞાન પણ અરૂપી સિદ્ધ થાય છે, પરંતુ જ્યારે આ આત્મા જ્ઞાનરૂપ થઇને જ્ઞેયોને જાણવાનું કાર્ય કરે છે તે સમયે તેના જ્ઞાનપ્રદેશ તે જ્ઞેયના આકારરૂપ પરિણત થઇ જાય છે અર્થાત્ જ્ઞેય જે આકારના હોય છે, અરૂપી જ્ઞાનના પ્રદેશ પણ તે જ્ઞેયરૂપ આકારમાં પરિણત થઇ તે જાણે છે અર્થાત્ જ્ઞાન સદૈવ જ્ઞેયાકાર થઇને જાણે છે માટે જ્ઞાનને સાકારની ઉપમા આપી છે. જ્ઞાનના પ્રદેશ જ્ઞેયાકાર થવા છતાં પણ તે જ્ઞેય પદાર્થરૂપ પરિણત નથી થતા, માત્ર જ્ઞેયના આકારરૂપ થાય છે. બંન્નેનું અસ્તિત્વ સદૈવ ભિન્ન જ રહે છે. જ્ઞાન જ્ઞાનમાં જ રહે છે તથા જ્ઞેય-જ્ઞેયરૂપ જ રહે છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ પૃથ્વીના બધા પદાર્થોના આકારરૂપ થઇને બધાને પ્રકાશિત કરવાનું કાર્ય કરે છે પરંતુ સ્વયં પદાર્થોરૂપ થતો નથી, સ્વયં તો પ્રકાશરૂપ જ રહે છે. એવી રીતે જ્ઞાન પણ જે પદાર્થ જે આકારરૂપ છે, તે આકારરૂપ થઇને પોતાના સ્વરૂપમાં સ્થિત રહીને જ જાણે છે. જ્ઞાનને જ્ઞેય પદાર્થને જાણવા માટે ન તો જ્ઞેય પદાર્થની પાસે જવું પડે છે કે ન તે રૂપ થવું પડે છે. પોતાના પ્રદેશોમાં સ્થિત રહીને જ તે જ્ઞેયાકાર થઇ પદાર્થને જાણવાનું કાર્ય કરે છે. જેવી રીતે દર્પણને બિમ્બની પાસે જવું પડતું નથી અને ન દર્પણ તે બિમ્બરૂપ થાય છે. પરંતુ બંન્ને પોતપોતાની જગ્યાએ રહીને જ એકબીજાને પોતાનું સ્વરૂપ પ્રદાન કરે છે. અર્થાત્ દર્પણ બિમ્બને પ્રતિબિમ્બરૂપમાં સ્વીકારે છે તથા બિમ્બ પોતાના બિમ્બપણાને પ્રતિબિમ્બિત થઇને દર્પણને પ્રદાન કરે છે. દર્પણ નિર્વિકાર થઇને તે પ્રતિબિમ્બાકાર થઇને તેને પોતાનામાં સમાહિત કરે છે. તેવી રીતે જ જ્ઞાન પણ જ્ઞેયને તે આકારરૂપ થઇને જાણે છે. આ રીતે જ્ઞાનનું સાકારપણું સિદ્ધ થાય છે. **"ભાવાર્થ એ છે કે દર્પણની જેમ નિર્લિપ્ત અને નિર્વિકાર રહેવાનો અભ્યાસ કરવો જોઇએ. આ જ કર્મમલક્ષયનો સર્વોત્તમ માર્ગ છે."**

## -: જ્ઞાનની પ્રવૃત્તિ :-

જ્ઞાનનું પ્રવર્તન બે પ્રકારથી થાય છે - એક ઇન્દ્રિયોના માધ્યમથી તથા બીજું ઇન્દ્રિયો વિના સીધું આત્મા દ્વારા. ઇન્દ્રિયોના માધ્યમથી આત્મા જ્યારે જ્ઞાનક્રિયા કરે છે ત્યારે તેને ઇન્દ્રિયજ્ઞાન કહે છે. આમાં જ્ઞેય પદાર્થનો સંપર્ક પ્રથમ ઇન્દ્રિયોથી થાય છે. જે ઇન્દ્રિયથી સંબંધિત તે વિષય હોય છે તેને તે ઇન્દ્રિય પોતાની ક્ષયોપશમ શક્તિ અનુસાર ગ્રહણ કરે છે. ઇન્દ્રિય શક્તિના બહારના વિષયને આત્મા જાણી શકતો નથી. તેથી ઇન્દ્રિયજ્ઞાન અપૂર્ણ પણ હોય છે અર્થાત્ પદાર્થના સંપૂર્ણ સ્વરૂપનું જ્ઞાન નથી થઇ શકતું અને આ જ્ઞાન પરોક્ષ પણ હોય છે. વસ્તુતઃ જાણવાનું કાર્ય તો આત્મા જ કરે છે, કારણકે જ્ઞાન કરવું આત્માનો સ્વભાવ છે, જડ ઇન્દ્રિયોનો નહીં. પરંતુ ઇન્દ્રિયજ્ઞાનમાં આત્માને પદાર્થનું જ્ઞાન કરવા માટે ઇન્દ્રિયશક્તિને આધીન રહેવું પડે છે. જો ઇન્દ્રિયોની શક્તિ ઓછી કે સમાપ્ત થઇ જાય તો સામે વિષય હોવા છતાં પણ આત્મા જાણી શકતો નથી. જેવી રીતે આંધળા વ્યક્તિને વર્ણ (રંગ)નું જ્ઞાન, બહેરા વ્યક્તિને શબ્દનું જ્ઞાન નથી થઇ શકતું. જો કે વર્ણ તથા શબ્દ તેમની ઇન્દ્રિયોના સામે કે પ્રત્યક્ષ જ હોય છે. આ જ આત્માની પરાધીનતા છે. માટે ઇન્દ્રિયજ્ઞાનને પરોક્ષજ્ઞાન કહ્યું છે. એનાથી વિરુદ્ધ જ્યારે આત્મા ઇન્દ્રિયો વિના અર્થાત્ ઇન્દ્રયાતીત થઇને જાણે છે ત્યારે જ્ઞાન સ્વતંત્ર, પરિપૂર્ણ તથા નિરાકુળ હોય છે. આને જ અતીન્દ્રિયજ્ઞાન કહેવાય છે. વાસ્તવમાં ઇન્દ્રિય દ્વારોથી જાણવાનો આત્માનો સ્વભાવ નથી. વાસ્તવમાં ઇન્દ્રિયો પદાર્થના જ્ઞાનમાં સહાયક નહીં પરંતુ બાધક છે. ઇન્દ્રિયો આત્માના જ્ઞાન સ્વભાવને કે જે સર્વજ્ઞેયોમાં એક સાથે, એક જ સમયમાં પ્રવર્તન કરવાને સામર્થ્યવાન છે તેને સીમિત કરીને તે પદાર્થને કે થોડા જ પદાર્થોનું થોડુંક જ જ્ઞાન કરવા માટે વિવશ કરી દે છે; જેનાથી શેષ પદાર્થના જ્ઞાન સંબંધી આત્મા વ્યાકુળ રહ્યા કરે છે. તેથી ઇન્દ્રિયજ્ઞાન આત્મામાં વ્યાકુળતા તથા ક્ષોભ ઉત્પન્ન કરનાર હોવાથી તેને હેય મનાયું છે તથા અતીન્દ્રિયજ્ઞાન જે સ્વ-પર સર્વ પદાર્થોને એક સાથે એક જ સમયે જાણનાર હોવાથી વિશેષ જાણવાની ઇચ્છાના અભાવને પ્રાપ્ત થતું સર્વ જાણવાથી પરિતૃપ્ત તથા તેમાં સંપૂર્ણતા હોવાથી સંપૂર્ણ નિરાકુળ તથા ક્ષોભરહિત થઇને પરમ ઉપાદેયરૂપ માનવા યોગ્ય છે.

## -: અતીન્દ્રિયજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય :-

પ્રથમ તો **"હું જ્ઞાનસ્વભાવી આત્મા છું"** એવો દઢ નિર્ણય જ્ઞાની ગુરુ અથવા આગમની આજ્ઞાથી કરવો. પછી ઇન્દ્રિયો તથા મનના માધ્યમથી જે-જે જાણવાનું થાય છે તેમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરવું નહીં, માત્ર ઉદાસીનભાવયુક્ત જ્ઞાતા રહેવાનો પુરુષાર્થ કરવો તથા સાથે-સાથે "હું જ્ઞાનમાત્ર છું" આ ભાવનાનું સતત ભાવન કરતા રહેવું. આવું કરવાથી હર્ષ-શોક, સુખ-દુઃખ, નિંદા-પ્રશંસા, અનુકૂળતા-પ્રતિકૂળતા બધામાં સમત્વભાવ ઉત્પન્ન થવા લાગે છે. સમત્વભાવથી શુભાશુભ કર્મોનો ક્ષય થવા લાગે છે. જ્યારે મોહભાવનો સર્વથા નાશ થઇ જાય છે ત્યારે સમત્વભાવ પોતાની પૂર્ણતાને પ્રાપ્ત કરતો થકો સંપૂર્ણ વીતરાગતામાં સ્થિત થઇ જાય છે અને ત્યાં રાગ-દ્વેષની સંપૂર્ણ નિવૃત્તિ થઇ જાય છે. જ્યાં સુધી અંશમાત્ર પણ પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણું હોય છે ત્યાં સુધી ઇન્દ્રિયજ્ઞાન પ્રવર્તમાન રહે છે અને જ્યારે સંપૂર્ણ ઇષ્ટ-અનિષ્ટપણું નાશને પ્રાપ્ત થાય છે ત્યારે તે જ્ઞાન ઇન્દ્રિય તથા મનના દ્વારોને અતિક્રમ કરતું પરિપૂર્ણ શુદ્ધ થતું થકું પ્રવર્તે છે. પૂર્ણ શુદ્ધ તથા સ્વચ્છ હોવાથી સ્વ-પર પૂર્ણ જ્ઞેયરૂપ અસ્તિત્વનું સહજ જ્ઞાતા થઇ જાય છે. આને જ અતીન્દ્રિયજ્ઞાન કહેવાય છે. તેથી **"જો અતીન્દ્રિયજ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા હોય કે જે અતીન્દ્રિય શાશ્વત આનંદનું અવિનાભાવી છે તો પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને સર્વ જાગતિક ઇચ્છાઓ તથા કષાયોને નાશ કરતા રહેવાના ઉદ્યમમાં સતત જાગૃત રહેવું જોઇએ."** (ક્રમશઃ)

# જ્ઞાન શક્તિ - ૪

**વલભજી હીરજી 'કેવલ'**

આત્મામાં જ્ઞાનશક્તિ છે તે સાકાર ઉપયોગરૂપ છે. દર્શન ને જ્ઞાન બંને શક્તિ દરેક આત્મામાં એકસાથે છે. બંનેનું પરિણમન પણ એક સાથે છે. આત્માના જ્ઞાનમાં અચિંત્ય તાકાત છે. જગતના બધાં દ્રવ્યો, તેના અનંત ગુણો અને તેની ત્રણ કાળની પર્યાયો એ બધાને સ્પષ્ટપણે જાણવાની જ્ઞાનોપયોગની તાકાત છે. અંદર સ્વાનુભવમાં જે આનંદના તરંગ ઉલ્લસે તેને પણ જ્ઞાન જ જાણે છે. સ્વ-પરના સમસ્ત આકારોને તે જાણે છે. જ્ઞાનમાં સ્વ-પર ને જાણવાની જે વિશેષ તાકાત છે તે અપેક્ષાએ સાકાર કહેલ છે. ઇન્દ્રિયોનો ને રાગનો તે આત્માના જ્ઞાનમાં અભાવ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે ધ્રુવરૂપ રહીને પોતાની ક્ષણિક નિર્મળ પર્યાયરૂપે પરિણમે છે તે જ જ્ઞાનનું ખરું પરિણમન છે. જ્ઞાનશક્તિ અને તેનું પરિણમન આત્મા સાથે અભેદ છે. જ્ઞાનચેતના તો અંદરમાં કામ કરે છે. જ્ઞાન સ્વાધીનપણે પોતાના જ છયે કારકોથી પરિણમી રહ્યું છે. 'જ્ઞાન' તો તેને કહેવાય કે જ્ઞાન સ્વભાવ સાથે જે સંધિ જોડે ને સર્વજ્ઞપદને પમાડે. સ્વાધીનશક્તિવાળા આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આતમાનો મહિમા આવે તો પરિણતિ સ્વાશ્રય તરફ ઝૂકે ને તે પરિણતિમાં અનંતગુણની નિર્મળતા ઉલ્લસે. આનું નામ ધર્મ.

પોતાની વસ્તુ સુખથી ભરેલી છે. પણ પોતે પોતાની વસ્તુને દેખાતો નથી, તેથી સુખ થતું નથી. સુખના ભંડાર એવા નિજસ્વભાવ સામે જુએ તો સુખ પ્રગટે ને દુઃખ ટળે. અદ્‌ભુત વૈભવવાળો આત્મા-જેની એક શક્તિ નિરાકાર ઉપયોગરૂપ ને બીજી શક્તિ સાકાર ઉપયોગરૂપ, છતાં બંને શક્તિ આત્મામાં એકસાથે વર્તી રહી છે. ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંતગુણો, છતાં એક પ્રદેશે અભેદપણે દ્રવ્યમાં ભેગા રહે - એવી સ્વભાવની અદ્‌ભુતતા છે. એનો પાર અનુભવથી પમાય. સ્વાનુભવમાં સર્વગુણ સાથે સમાય છે. આત્મામાં જીવત્વશક્તિ, જ્ઞાનશક્તિ અનાદિ અનંત છે. ચૈતન્ય પ્રાણ એ જ આત્માનું જીવન છે.

સ્વ-પરને જાણવાની તાકાત જ્ઞાનમાં છે. પરચીજ આત્મામાં નથી, પણ પરને જાણે એવી તાકાત આત્મામાં છે. શુદ્ધ જીવમાં સુખ છે, અને તેને જાણતાં-અનુભવતાં જાણનારને પણ સુખ થાય છે. માટે આવો જ્ઞાનસ્વરૂપ ને સુખસ્વરૂપ આત્મા તે સાર છે. ઉપાદેય છે. ચૈતન્યના વૈભવનું લક્ષ કરતાં વિકારના અભાવરૂપ પરિણમન થાય છે ને અનંત ગુણની નિર્મળતાનો આનંદ અનુભવમાં આવે છે. જ્ઞાન સાક્ષીભાવરૂપ છે. જ્ઞાન પોતાના સિવાયના અનંત ગુણોને જાણે છે. તેથી કાંઈ અન્ય ગુણોના લક્ષણ જ્ઞાનમાં આવી જતા નથી. જ્ઞાનનું લક્ષણ જાણવું...જાણવું ને જાણવું છે. એકેક શક્તિ આખા દ્રવ્યમાં વ્યાપેલી છે. આવી અભેદની અનુભૂતિ વિના અનંતગુણનો આનંદ આવે નહિ. 'જ્યાં ચેતન ત્યાં અનંતગુણ.' અનુભૂતિમાં અનંતગુણની અભેદતા આવે ને છતાં ગુણના લક્ષણભેદનો લોપ થાય નહિ. જ્ઞાનના કારકો રાગમાં કે ઇન્દ્રિયોમાં નથી. જ્ઞાનના કારકો જ્ઞાનમાં જ છે. આત્માની શક્તિ વડે પરનાં-જડનાં કે વિકારના કાર્ય થવાનું જે માને તે આત્માની શક્તિના ચાલક છે.

પ્રત્યેક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું પૂરું જ્ઞાન કરવાની અસાધારણ તાકાત જ્ઞાનમાં ભરી છે. વિશેષપણે ત્રણકાળ, ત્રણલોકને જાણે છતાં વિકલ્પ નથી એવી સાકાર ઉપયોગરૂપ જ્ઞાનશક્તિ છે. આવી જ્ઞાનશક્તિવાળા આત્માને દેખનાર જીવ સમ્યક્‌દૃષ્ટિ છે.

**(ક્રમશઃ)**

# સામાયિક વ્રત
## (ક્રમાંક - ૧)

**નિરૂપમાબેન ડગલી**

આજના ભૌતિકવાદના યુગમાં માનવીનું જીવન અનેક સમસ્યાઓ, ગૂંચવણોથી ગુંચવાઈ ગયું છે. સુખની શોધમાં તે સ્વયં જ ખોવાઈ ગયો છે, શાંતિની શોધમાં તે સ્વયં જ અશાંત બની ગયો છે. આનંદ મેળવવાની આશામાં દિવસ-રાત જોયા વગર બસ દોડ્યે જ જાય છે પણ તેને સાંપડે છે કેવળ નિરાશા અને અજંપો. ખરેખર તો આપણને ખબર જ નથી કે વાસ્તવિક સુખ, શાંતિ અને આનંદ કયાં છે ?

વીતરાગ ભગવંતો અને જ્ઞાનીપુરુષોએ આપણને સુખ-શાંતિ-આનંદ મેળવવાનો સત્ય રાહ દેખાડ્યો છે. બસ જરૂર છે તે માર્ગે ચાલવાની. દિવસ દરમ્યાન થોડો સમય મેળવી એક આસને સ્થિર બેસીને ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા સ્થિરતાનો અભ્યાસ કરતાં શીખીએ તો શાંતિ મળે તેમ છે. તે માટે શાસ્ત્રોમાં સામાયિક વ્રત કરવાનું ઘણું મહત્ત્વ દર્શાવ્યું છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળામાં ત્રણ પાઠ લખીને સામાયિક કરવાની અગત્યતા દર્શાવી છે. શ્રાવકના બારવ્રતોમાં નવમું સામાયિક વ્રત છે તેમજ શ્રાવકના છ આવશ્યકમાં પ્રથમ આવશ્યક તે સામાયિક છે.

પ્રથમ તો સામાયિક શબ્દનો અર્થ સમજીએ. સામાયિક = સમ + આય + ઈક. સમ એટલે રાગદ્વેષ રહિત મધ્યસ્થ પરિણામ - સમભાવ. આય એટલે તે સમભાવથી ઉત્પન્ન થતો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો લાભ. ઈક એટલે ભાવ. એટલે કે જે વડે કરીને મોક્ષના માર્ગનો લાભદાયક ભાવ ઉપજે તેને સામાયિક કહેવાય છે.

શાસ્ત્રમાં સામાયિકના ત્રણ પર્યાયવાચી શબ્દો છે. સામ, સમ અને સમ્મ. **સામ** એટલે સર્વજીવો સાથે મૈત્રીના પરિણામ. **સમ** એટલે ત્રાજવા જેવા પરિણામ. સર્વ ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં, તેના સંયોગ-વિયોગમાં સમાન પરિણામ. **સમ્મ** એટલે ખીરખાંડની જેમ પરસ્પર મળી જવાના પરિણામ. જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતારૂપ પરિણામ.

સામાયિકમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું ધ્યાન રાખવું જોઈએ (૧) **દ્રવ્યથી** - સામાયિક શુદ્ધ અને સાદા વસ્ત્રોમાં(શ્રાવક માટે) તેમજ આસન, ગુચ્છો(પૂંજણી)માળા, ધાર્મિક પુસ્તકો, ઠવણી, મુંહપતિ વગેરે ઉપકરણો સહિત કરવી જોઈએ, (૨) **ક્ષેત્રથી** - નિરવધિસ્થાન, એકાંત સ્થળમાં, ધર્મસ્થાનકમાં અથવા ઘરમાં એકાંત સ્થાનમાં કરવી જોઈએ (૩) **કાળથી** - ઓછામાં ઓછી બે ઘડી (૪૮ મિનિટ) થી વધીને ચાર, છ ઘડી વગેરે ગમે તેટલી ઘડીની કરી શકાય. (૪) **ભાવથી** - સમભાવ પૂર્વક સામાયિક કરવી જોઈએ.

ઘણા લોકો એમ કહેતા હોય છે કે સામાયિક વ્રત લીધા પછી મન સ્થિર રહેતું નથી માટે સામાયિકના પચ્ચક્ખાણ લેવા કરતાં ન કરવી વધારે સારું છે. તેમનું આમ કહેવું યોગ્ય નથી. સામાયિક એ સમતાભાવ પ્રાપ્ત કરવા માટેનો અભ્યાસ છે પણ મનની ચંચળતાને કારણે સમભાવ પ્રાપ્ત કરવામાં સફળતા ન મળે એટલે તે ક્રિયા છોડી દેવી તે યોગ્ય નથી. આપણું બાળક સ્કૂલમાં પરીક્ષા આપે ત્યારે ગણિતમાં નાપાસ થાય તો એમ નથી કહેતા કે તે હવે ક્યારેય ગણિતનો વિષય નહીં ભણે. તેની માતા વધુ સમય તેને ભણાવીને કે ટ્યુશન રાખીને પણ પછીની પરીક્ષામાં પાસ કરાવે છે. વેપારી દુકાને જાય અને આખા દિવસમાં કોઈ ઘરાક ન આવે, એવું બે-ત્રણ દિવસ બને તો ચોથે દિવસે દુકાન બંધ કરીને ઘેર નથી બેસી જતો. રોજ સવારે સમયસર દુકાને પહોંચી જાય છે. આશા રાખે

**(અનુસંધાન પાના નં. ૧૦ પર...)**

# મુનિશ્રી સંતબાલજીના જીવન સંદર્ભે જૈનધર્મમાં સેવાભાવ

**ગુણવંત બરવાળિયા**

કાંતદ્રષ્ટા મુનિ સંતબાલજીએ જૈન ધર્મના પરિઘમાં રહી સેવાભાવને ઉજાગર કર્યો. તેમણે ચીંધેલા જનકલ્યાણ અને ધર્મમાર્ગ આજે પણ અનેક સંસ્થાઓ અને વ્યક્તિ માટે આદર્શ પ્રેરણારૂપ બની રહ્યા છે.

વિશ્વવાત્સલ્યના આરાધક મુનિ શ્રી સંતબાલજીનો ઈ.સ. ૧૯૩૬ નો પૂરા એક વર્ષનો સમય નર્મદા નદીના કાંઠે મૌન એકાંતવાસસહ સાધનાકાળનો હતો. આ સમય દરમિયાન તેમણે બધા ધર્મોનો અભ્યાસ કર્યો.

વિશેષમાં ધાર્મિક અને આધ્યાત્મિક સાધના ઉપરાંત સંતે સામાજિક બાબતો અંગે શું કરવું, લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓમાં કેવી રીતે સક્રિય થવું વગેરે બાબતોના સંપૂર્ણ ક્રાંતિકારક વિચારો ઉદ્ભવ્યા. આ એકાંતમાં સત્યની અને સ્વની શોધમાં તેમને વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવો સાંપડે છે. આ અંગે વધુમાં યશવંત શુક્લે નોંધ્યું છે કે દિવ્યપ્રકાશની અનુભૂતિને તેઓ વિશિષ્ટ અલૌકિક ચમત્કારરૂપે ધરાવતા નથી, પણ વિશ્વમાં વ્યાપ્ત સત્યની એક ઝલક તરીકે પ્રમાણે છે. સંતબાલ નવા અવતારે આવે છે. એક વર્ષની આ મૌન તપશ્ચર્યા જગતના અન્ય વ્યાપક ધર્મોના તત્ત્વ સાથે સંધાન કરાવે છે, તો સત્ય એ જ બધા આચારોનું પ્રેરકતત્ત્વ બની રહેવું જોઈએ એ શ્રદ્ધામાં જઈને મન ઠરે છે. જે ગાંધીનો, ટોલ્સ્ટોયનો, રામકૃષ્ણ પરમહંસનો, સ્વામી વિવેકાનંદનો ધર્માનુભવ છે તેને મળતો પૂ. સંતબાલજીનો આ ધર્માનુભવ છે.

"સંતબાલજીને વ્યાપક ધર્મના આ પરિપ્રેક્ષ્યમાં જ ઓળખવા રહ્યા."

મૌનના અનુભવ પછી મહારાજશ્રીએ જે બાહ્યાચારો હતા તે છોડી દીધા. કોઈ પણ શાકાહારી મનુષ્યના ઘરેથી ભિક્ષાગ્રહણ, મનુષ્યમાત્રની તાત્ત્વિક સમાનતા વિશે આગ્રહ, પ્રામાણિકતા, પરિશ્રમ, સ્ત્રીઓ માટે આદર અને સમાજસેવા. સંતબાલજીના એક વર્ષના મૌનના આ ચિંતનફળ જીરવવાને રૂઢ ધર્મસમાજ તૈયાર નહોતો. ગુરુ નાનચંદ્રજી મહારાજનું એને આંતરિક અનુમોદન ખરું, પરંતુ એ વ્યવહારનિપુણ ધર્મપુરુષ અદીઠ પરિવર્તનના ઉપાસક હતા એટલે સંતબાલજીના અરૂઢ નિશ્ચયોને જાહેરમાં તાળી આપવાને એ તૈયાર નહોતા. રોષે ભરાયેલા ધર્મસમાજને શાંત પાડવા ગુરુએ શિષ્યને શિષ્યત્વમાંથી જાહેર રીતે રદ કર્યા એ સંતબાલજીના જીવનની દારુણ અવસ્થાનો પ્રસંગ હતો.

ગુરુ નાનચંદ્રજીએ બાહ્ય દૃષ્ટિએ અસ્વીકાર ભલે કર્યો હોય, પણ અંતરથી શિષ્યને એમની અનુમોદના છે અને શિષ્યે તો ગુરુ કર્યા તે કર્યા જ. ગુરુને પાકી પ્રતીતિ થઈ કે શિષ્ય વિશ્વધર્મને માર્ગે છે, પણ એ લોકાચારના માર્ગે નથી, એટલે વ્યવહારદૃષ્ટિએ સંબંધના છેડા છોડવા પડે છે.

અહીં ગુરુનું પગલું માત્ર વ્યવહારધર્મ નિભાવની પ્રતિક્રિયા રૂપ છે. ગુરુજી પર દબાણ લાવવામાં આવતા, ના છૂટકે તેને આ પગલું ભરવું પડે છે. જાહેર નિવેદન અને જાહેર લોકસેવાનાં કાર્યોને લીધે તેઓ સંપ્રદાયથી અલગ થયા, પરંતુ સાધુવેશ ન છોડ્યો અને પોતાના ગુરુદેવ સાથે ભાવદૃષ્ટિએ સંબંધ રહ્યો એટલે જ અંતિમસમય સુધી સંબંધ સાચવ્યો.

પોતાના ગુરુની અંતિમ માંદગીમાં સંતબાલજી એમની સેવામાં છેલ્લા છએક માસ જેટલો સમય રહેલા. ગુરુની જન્મશતાબ્દી ઉજવણી પ્રસંગે મુંબઈના ધર્મપ્રેમીઓએ તેમના આ શિષ્યને આગ્રહ કરી ગુરુશતાબ્દી ઉજવણીમાં પધારવા વિનંતી કરેલ.

સંતબાલજી પર ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજની એટલી કૃપાદૃષ્ટિ ઉતરી કે તેઓએ ભાલનળકાંઠા વિસ્તારમાં પોતાની વિહારયાત્રા ગોઠવી હતી. તેમણે સંતબાલજીની પ્રવૃત્તિ નજરે નિહાળી અને

અંત સમયે પરમસંતોષ લઈને ગયા હતા.

પોતાનો શિષ્ય જૈન પરંપરાને આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવશે એવી પ્રતીતિ થઈ તેથી જ કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજે કહેલ કે 'સંતબાલ જૈન સાધુ નહીં, જગત સાધુ છે' ગુરુ કોઈ શિષ્ય માટે 'તે વિશ્વસંત છે' આવું ઉચ્ચારણ કરે તે શિષ્ય માટે ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ, પદવી કે સંપદા કરતાં ઓછું ન ગણાય.

જૈન સંઘો અને શ્રેષ્ઠીઓને અંતે પ્રતીતિ થઈ કે આ સંતના જીવન અને વિચારને સમજવામાં કંઈક ગેરસમજ થઈ રહી છે... અને અંતે ગેરસમજના વાદળાં વીખરાઈ ગયાં અને સમજણનો સૂરજ ઊગ્યો.

મુનિશ્રી સંતબાલજીના જીવનકાળ દરમિયાન તેમણે કરેલા જનહિતનાં કાર્યો પર એક દૃષ્ટિપાત કરીએ તો તેમની મહાનતાના દર્શન થયા વગર રહે નહીં.

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ ઉપરાંત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ દ્વારા મુંબઈમાં માતૃસમાજ અને ચીંચણના મહાવીરનગર કેન્દ્ર દ્વારા અનેક જનહિતના કાર્યોના પ્રેરક બન્યા.

લોકઘડતર માટે વિશ્વવાત્સલ્ય પાક્ષિક ૧૯૪૭ થી શરૂ કર્યું. 'અભિનવ રામાયણ', 'અભિનવ મહાભારત' અને જૈન દૃષ્ટિએ 'ગીતા દર્શન' ગ્રંથના સર્જનોએ મુનિશ્રીને લોકહૃદયમાં પ્રતિષ્ઠા આપી. જાણે મુનિશ્રી ઉત્કૃષ્ટ લોકશિક્ષકની ભૂમિકામાં રહ્યા અને પૂ. સંતબાલજીની વિવિધલક્ષી પ્રવૃત્તિમાં આપણા રાષ્ટ્રના જાણીતા સંતો પૂ. રવિશંકર મહારાજ, મુનિ નેમિચંદજી, પૂ. માનવમુનિ, પૂ. જનકવિજયજી અને પૂ. જ્ઞાનચંદ્રજી આદિ સંતોનો સહકાર મળ્યો.

મુનિશ્રી ન્યાયને પુષ્ટિ કરતાં આંદોલનો, શુદ્ધિ પ્રયોગો અને સમાજમાં નૈતિક હિંમતને પ્રબળ કરવાના સમ્યક્ પુરુષાર્થના પ્રેરક હતા.

સુધારણાના કાર્યક્રમો અને આંદોલનના અડાબીડ જંગલ વચ્ચે પણ મુનિશ્રી 'ઉત્તરાધ્યયન સૂત્ર' 'ધર્માનુબંધી વિશ્વદર્શન' અને 'આચારાંગ સૂત્ર' ની વિવેચના લખી અધ્યાત્મનું નંદનવન સર્જતા હતા. મુનિ શ્રી સંતબાલજી સ્વ-પર સાધના માટે ખૂબ જ જાગૃત હતા. પ્રત્યેક સાધક સાથે એકાત્મતાનો અનુભવ કરતાં તેઓના નીચેના શબ્દો પ્રત્યેક સાધકને પોતાના બનાવી દે છે :

**"સાધકોનો વિકાસ મારો પ્રમોદ છે, સાધકોનું સૂક્ષ્મ પતન પણ મારું આંસુડું છે."**

મુનિશ્રીએ સાધકોને લખેલા પત્રો : વિશ્વચેતના સાથે અનુસંધાન કરતાં આ પત્રો વાંચતાં મુનિશ્રીમાં ગુરુપદમાં લોકોત્તર પ્રતિષ્ઠાનું ચિંતન કરનાર આત્મસ્થ સંતના દર્શન થાય છે.

ૐ મૈયાના આરાધક અને વિશ્વવાત્સલ્યના સંદેશાવાહક મુનિ શ્રી સંતબાલજીના જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે.

મુનિશ્રીએ દર્શાવ્યું હતું કે જૈન સંત તરીકે દીક્ષા લીધા પછી તેઓ એક વિશાળ વિશ્વયોજનાઓનો ભાગ છે. જૈન સાધુએ સમાજની સુધારણા માટે કામ ન કરવું જોઈએ એવું નથી, આવા કામ માટે કોઈ મનાઈ ફરમાવવામાં આવી નથી. મુનિશ્રીનું આ વિધાન ભગવાન મહાવીરના જીવન સંદર્ભે વિચારવું રસપ્રદ થઈ પડશે. ભગવાન મહાવીરે પોતાના સંઘમાં શુદ્ર જાતિના લોકોમાંથી મેયાર્ત મુનિ અને મુનિ હરિકેશીને દીક્ષિત કરી અસ્પૃશ્યતાનિવારણના વિચારને પુષ્ટિ આપી. પશુબલિ પ્રથાને બંધ કરાવી હિંસા રોકી. ચંદનબાળાના હાથે બાકુળા વહોરાવી દાસીપ્રથાની નાબૂદી માટે પ્રેરણા કરી.

ભગવાને મોરાક ગામના તાંત્રિક અચ્છંદકના પાખંડને ખુલ્લું પાડીને લોકોને અંધશ્રદ્ધા અને વહેમની બેડીમાંથી મુક્ત કર્યા.

કૌશામ્બીની રાણી મૃગાવતીના રૂપ પર મોહિત રાજા ચંદ્રપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી મૃગાવતીને મુક્તિ અપાવી. આ યુદ્ધભૂમિનું સ્થળ અશુદ્ધિ, રુધિર અને માંસથી ખરડાયેલું હોવા છતાં ભગવાન ઉગ્ર વિહાર કરી પધાર્યા તે મહાવીરની પ્રબુદ્ધ કરુણા, સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરકબળ બની એક સ્ત્રીના શીલનું

**(અનુસંધાન પાના નં. ૨૨ પર...)**

# શ્રદ્ધા

વિભાબેન એસ. મહેતા

શ્રદ્ધા એટલે માન્યતા એમ સામાન્ય અર્થ છે. કોઈપણ વસ્તુ, વ્યક્તિ, ક્ષેત્ર, સમય કે ભાવને વિષે આપણા ચિત્તની અંદર રહેલી 'આ આમ છે' એવી જે દૃષ્ટિ તેને શ્રદ્ધા કહીએ છીએ. રુચિ, અંતરંગ, અભિપ્રાય, માન્યતા, દર્શન, પ્રતીતિ વગેરે શબ્દો પણ શ્રદ્ધા માટે એકાર્થવાચક તરીકે પ્રચલિત છે. શાસ્ત્રકારોએ શ્રદ્ધાનો ભારે મહિમા બતાવ્યો છે. શ્રદ્ધાનો ગુણ એ ધર્મની ઈમારતનો મૂળભૂત પાયો છે. આ ગુણ વગરનો માનવ દાનવના રૂપમાં ફેરવાઈ જાય છે. શ્રદ્ધા જો વિવેકથી શૂન્ય હોય તો તે અંધશ્રદ્ધાના નામથી જ ઓળખાય છે. અધ્યાત્મસાધનામાં શ્રદ્ધાનું ઘણું જ મહત્ત્વ છે. તાત્ત્વિક શ્રદ્ધાની ઉત્પત્તિના મૂળમાં રહેલાં તત્ત્વોમાં મુખ્ય સુયુક્તિ અને સ્વાનુભવ છે. મહત્પુણ્યના ઉદયવાળા કોઈ મહાન પરાક્રમી પુરુષને જ વસ્તુસ્વરૂપની સાચી શ્રદ્ધા થાય છે. સ્વાનુભવ માટે અભ્યાસરૂપ સતત પરિશ્રમ, ધીરજ, સદ્‌બોધ અને સદ્‌ગુણસંપન્નતાની જરૂર છે. આમ, "શ્રદ્ધા પરમ દુલ્લહા" એવું શાસ્ત્રનું વચન ખરેખર ચરિતાર્થ થાય છે.

જ્ઞાન તે જીવનો સ્વભાવ અને આત્માનો ખજાનો છે. પરંતુ શ્રદ્ધાના અભાવે તે જ્ઞાન, જ્ઞાનની કોટિમાં ગણાતું નથી.જ્ઞાનને સમ્યક્ બનાવનાર તત્ત્વ પણ શ્રદ્ધા જ છે. શ્રદ્ધાને સમ્યગ્ રૂપે ટકાવનાર સમ્યગ્જ્ઞાન છે. આત્મજ્ઞાનને આગળ કરનાર જો યથાર્થ શ્રદ્ધાની વાત ન સમજે તો તે જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમે છે. જીવનની સદોષતા અને નિર્દોષતાનો આધાર બુદ્ધિ કે જ્ઞાન પર નથી. પણ શ્રદ્ધા ઉપર જ છે. વિપરીત શ્રદ્ધાથી જ્ઞાન પણ વિપરીત બને છે. વિચરીત શ્રદ્ધા શાસ્ત્રજ્ઞાન કે સ્વઅધ્યયનને અજ્ઞાનરૂપ બનાવે છે. આથી જ જ્ઞાનમાર્ગને દુરાધ્ય કહ્યો છે. જ્ઞાનના અભિમાનમાં જો જીવ ફૂલાઈ જાય તો શ્રદ્ધાને ટકાવવી દુષ્કર થઈ પડે છે. શ્રદ્ધાની કસોટીમાં સો ટચ સોનાની માફક પાર ઉતરતાં જેને આવડે તે જ સમ્યગ્દૃષ્ટિ પાવન આત્મા ગણાય. શ્રદ્ધાની સઘનતા અને પ્રગાઢતાને પ્રથમ સમજવી પડશે. આત્મા સ્વયં સર્વશક્તિમાન છે. તમો તમારા સામર્થ્યમાં શ્રદ્ધાશીલ થશો તો જે મેળવવા માગશો તે અવશ્ય પ્રાપ્ત થશે. કોઈપણ ઉપલબ્ધિ આત્મવિશ્વાસ સિવાય સંપ્રાપ્ત થતી નથી. જગતના પદાર્થો ખરેખર જેવા છે તે સ્વરૂપે તેમને યથાર્થ રીતે જાણવા તે સત્યજ્ઞાન અને તેવી જ અંતરંગ માન્યતા કરવી તે સાચી શ્રદ્ધા.

ધર્મમાર્ગના ત્રણ પ્રકારમાં પહેલું અંગ શ્રદ્ધા છે. શ્રદ્ધાનો અર્થ છે લક્ષ્યબિંદુ. શ્રદ્ધા સંબંધી ઘણો ભ્રમ સેવાય છે. શ્રદ્ધા સંબંધી એવી માન્યતા થઈ છે કે, હું તો સર્વ યોગ્ય જ કરું છું. ધર્મક્ષેત્રમાં ગુરુવચન દ્વારા તત્ત્વોનો સ્વીકાર કરીને કંઈ વ્રતાદિ ધારણ કર્યા છતાં પણ તે તત્ત્વોની શ્રદ્ધામાં સંદેહ રહ્યા કરે છે. ધર્મમાર્ગમાં ગુરુજનોની વાતનો સ્વીકાર કર્યો છે. તે પણ વ્યવહારથી જ, નિશ્ચયથી નહીં. અંતરધ્વનિમાંથી નીકળતો 'તો' શબ્દ તેની સાક્ષી પૂરે છે કે શ્રદ્ધાનો સ્વીકાર કરવા માત્રથી સંશય દૂર થયો નથી. માનવી આસાનીથી ક્યાંય પોતાની શ્રદ્ધા ટેકવતો નથી અને ક્યારેક અંધશ્રદ્ધાના નામે પ્રપંચ પણ ખેલતો હોય છે. સદ્‌ગુરુનું કામ શિષ્યમાં શ્રદ્ધા પ્રેરવાનું છે. શિષ્યના આંતરજગતનો અંધકાર જાય અને બાહ્ય જગત પ્રત્યેની અજ્ઞાનદશાનું નિવારણ થાય એવી શ્રદ્ધા દૃઢ કરાવે છે. ઘોર નિરાશામાં પડેલા સાધકને ક્યારેક મનમાં જાગતી મોહબુદ્ધિ એના શુદ્ધ સંકલ્પને ચલાયમાન કરતી હોય છે. ત્યારે સાધનાપથ દૃઢપણે ટકાવી રાખવાની શ્રદ્ધા સદ્‌ગુરુ આપે છે. ભીતરમાં રહેલી મીઠી સુવાસને બહાર પ્રગટાવવામાં મદદરૂપ બને છે.સાધક એક નાનકડા બીજરૂપ છે. એ બીજમાં સદ્‌ગરુ એવી શ્રદ્ધા પ્રેરશે અને એનો વિકાસ એવો કરશે કે, વૃક્ષ મહાવૃક્ષ - વટવૃક્ષ બની જશે. સદ્‌ગુરુ શિષ્યને શ્રદ્ધાની આંખ અને પાંખ આપે છે.

શિષ્યના હૃદયમાં વસતા વૃત્તિરૂપી દૈત્યોનો વિનાશ કરી, એ વૃત્તિ જોવાની આંખ અને દુર્વૃત્તિ દૂર કરવાની કલા આપે છે. સાધકના હૃદયમાં શ્રદ્ધા પ્રગટાવી આત્માનુભૂતિ પ્રાપ્ત કરાવે છે. આત્મિક સુખ પાસે દૈવી સુખો તુચ્છ છે. સમ્યગ્ શ્રદ્ધાની આ ફળશ્રુતિ છે. આત્મહિતની ખુમારી શ્રદ્ધામાંથી જ જન્મે છે. જો ચિત્તમાં શુદ્ધિ હોય, બુદ્ધિમાં તીક્ષ્ણતા હોય, શ્રદ્ધા સમ્યક્ હોય તો જ્ઞાનીજનના નિર્મળતા અને કરુણાના સ્પંદનો સહાયક બને છે. જીવનની વ્યવહાર શુદ્ધિ અને ચિત્તની શુદ્ધિ પછીની ભૂમિકાને આ વસ્તુ આત્મસાત્ થાય છે. એ સૌના મૂળમાં તો સમ્યગ્ શ્રદ્ધા જ છે.

જીવને દુઃખ કે આપત્તિ તો પૂર્વે કરેલા અશુભ કર્મોને કારણે આવે છે. ધર્મ કરતાં-કરતાં દુઃખ આવ્યું એ તો પૂર્વભવમાં પાપ કર્યા છે એ ભૂલનું પરિણામ છે. બાકી અહીં વર્તમાનમાં જે ધર્મ કરી રહ્યાં છીએ એનું ફળ તો આગળ સારું મળવાનું છે. આવી શ્રદ્ધા ધર્મમા સ્થિર રહી ધર્મ પ્રત્યે વધારવાની છે. **ધર્મમાં દુઃખ જોવાને બદલે દુઃખમાં ધર્મ જોવાની જરૂર છે.** ધર્મથી બીજા કેટલાય સંચિત કરેલા પાપકર્મો નષ્ટ થઈ જાય છે, ને પુણ્ય વધે છે. ધર્મના માર્ગે કોઈપણ જાતની સાંસારિક ઈચ્છારહિત સતત શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ ખેડ્યાં કરતાં સમ્યગ્દૃષ્ટિ આત્માની સર્વ ધર્મક્રિયાઓ નિદાન રહિત, શુદ્ધ અને નિર્મળ, કર્મના નાશ માટે હોય છે. સંસાર પરિભ્રમણ ઘટાડવા અને મોક્ષપ્રાપ્તિના કારણ માટે જ સાધકની સર્વે ક્રિયાઓ હોય છે. કર્મક્ષય કરવા અર્થે, કર્મનિર્જરા અર્થે કરાતી ધર્મક્રિયા વખતે સંસાર-સુખના ગમે તેટલા પ્રલોભનો મળે પણ મારે ધર્મ છોડવો નથી આત્માનું કલ્યાણ કરવું છે એવી અંતરમાં દઢશ્રદ્ધા મુમુક્ષુ રાખે છે.

આપણા સંત-મહાત્માઓ, જ્ઞાનીઓએ પ્રભુ-પ્રાપ્તિ માટેની શરતરૂપે શ્રદ્ધાની વાત કરી છે. આ શ્રદ્ધા જ સાધકની આંતરચેતના અને બાહ્યજીવન બંને પર ગાઢ પ્રભાવ પાડે છે. મન અનેક લાલસા અને ઈચ્છાઓમાં સતત દોડ્યા કરે છે. અતિ ચંચળ, સ્વાર્થ-સાધક અને સુખપ્રિય ચિત્ત એક વાત પર ઠરીઠામ હોતું નથી તો તે ક્યાંથી પરમાત્મા પ્રત્યે દઢપણે શ્રદ્ધા રાખી શકે ? ઈશ્વરશ્રદ્ધા પર એકાગ્ર બની શકે ? પ્રયોજન સાથે સંકળાયેલી શ્રદ્ધા સ્વાર્થલક્ષી હોય છે. કંઈક પ્રાપ્તિનો હેતુ એમાં સમાયેલો હોય છે. શ્રદ્ધામાં તો શુદ્ધ પ્રેમ અને સર્વસ્વ સમર્પણ હોવાં જોઈએ. શ્રદ્ધા જ સાધકની ચેતનાને સંકલ્પબળ આપશે. જેના કારણે સાધકના જીવનમાં આવતા વિકલ્પો અને ચંચળતા દૂર રહેશે. શ્રદ્ધાયુક્ત નિર્મળ દૃષ્ટિ, તત્ત્વનું શ્રદ્ધાન, સર્વજ્ઞ ભગવાને કહેલા પર-પદાર્થથી, ભિન્ન સ્વરૂપની શ્રદ્ધા-ભક્તિ એ પૂર્ણ શ્રદ્ધાના સાધનો છે.

જ્ઞાનીપુરુષમાં પ્રેમ અને શ્રદ્ધા હોવા અત્યંત આવશ્યક છે. તેના વિના પરમાર્થમાર્ગમાં એક ડગ પણ આગળ વધી શકાતું નથી. પ્રેમ અને શ્રદ્ધાના બળ થકી અર્પણભાવનો જન્મ થાય છે. સદેહે વિદ્યમાન એવા જ્ઞાનીપુરુષ પ્રત્યે પોતાના પ્રેમથી ભીંજાયેલ હૃદયમાંથી પ્રેમની ધારા અદશ્યપણે વહે ત્યારે આત્મા આત્મા વચ્ચે અનુસંધાન થાય છે. ભક્તિમાન ભવ્ય જિજ્ઞાસુ આત્માનું જ્ઞાની ભગવંતના આત્મા સાથે થોડી ક્ષણો માટે થતું અદષ્ટ મિલન આત્માનુભવનું ઉપકારી સર્જન કરવા સમર્થ થાય છે. જ્યાં પ્રેમ છે ત્યાં શ્રદ્ધા અવશ્ય છે. અધ્યાત્મજીવનના પ્રારંભ અને વિકાસ માટે, તેની પવિત્રતા અને નિર્મળતાની પ્રાપ્તિ અર્થે તથા તેની દિવ્યતા અને અલૌકિકતાનો અનુભવ કરવા માટે શ્રેષ્ઠ અને પરમ મંગલકારી ઉપાય એ છે કે, કોઈપણ સજીવનમૂર્તિ, પ્રેમમૂર્તિ, શાંતમૂર્તિ સત્પુરુષને શરણે જવું. તે પુરુષમાં અચળ પ્રેમ અને અડગ શ્રદ્ધા રાખવી.

શ્રદ્ધાશીલ વ્યક્તિની શ્રદ્ધા દેવ-ગુરુ અને ધર્મ - આ ત્રણ તત્ત્વો જે અમૂલ્ય રત્નસમાન મળ્યાં છે તેના પર અડગ રહેલી છે. તે દઢ શ્રદ્ધાપૂર્વક કહે છે કે, આત્મ સંનિષ્ઠ સત્પુરુષ તે જ મારા ગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મ, જે ભવ્યાત્માઓને મોક્ષોન્મુખ બનાવે તે જ મારો ધર્મ છે. જન્મમરણના ફેરા ટાળવા હોય તો વીતરાગ વચન પર શ્રદ્ધા કરવી પડશે. આ ત્રણ તત્ત્વોની શ્રદ્ધા મને ભવોભવ હોજો, સદાય એનું શરણું હોજો. ■

# સત્સંગ વગર વિકારમુક્તિ અશક્ય

**ધૂની માંડલિયા**

સાધક અવસ્થાનું પ્રથમ સોપાન વિકાર મુક્તિ છે. વિકારમુક્ત ચિત્ત જ આત્મચિંતન પ્રતિ વળી શકે અને ત્યાર બાદ જ વિચારશૂન્યની સ્થિતિ શક્ય બને.

અગ્નિમાં ઘી નાખવાથી આગ વધારે પ્રજ્વલે એ જ પ્રમાણે કામ-વિકાર અને સંસારના ભોગો ભોગવવાથી તૃષ્ણા, વાસના, સ્પૃહા, લાલચોના વિકાર વધુ ભડકે છે. વિકારમુક્તિ વગરની સર્વ સાધનાઓ એળે જાય છે.

વિકાર એટલે ભૌતિક પદાર્થોમાં રુચિ. સુખ જો પાપમાં ફસાવતું હોય તો દુઃખ કરતા પણ વધારે ખતરનાક છે ! દુઃખ જો ઉદ્વેગ અને આવેશ લાવીને બહિર્મુખ બનાવતું હોય, ખોટી પ્રવૃત્તિમાં ઘસડવું હોય તે પાપનું ફળ છે. સત્સંગમાં લઈ જતું હોય તો એ દુઃખ પુણ્યનું ફળ છે. એ પુણ્યમિશ્રિત દુઃખ છે. સુખ જો વિકારોમાં લઈ જતું હોય તો એ પાપમિશ્રિત પુણ્ય છે. વિનોબાજી કહે છે કે શતરંજની રમત પણ આધ્યાત્મિક બની શકે - જો હારજીતથી સાંપડતા સુખ-દુઃખથી ચિત્ત અલિપ્ત હોય તો.

જેનું શુદ્ધ પુણ્ય હોય છે એ શુદ્ધ સુખમાં જાય છે. શુદ્ધ પુણ્ય હોય છે એને દુઃખ પણ સુખના દ્વારે લઈ જાય છે. પુણ્ય જો પાપમિશ્રિત હોય તો સુખ પણ વિકારના ખાડાઓમાં પાડે. વિકારથી બચવાનો એક જ ઉપાય છે - પ્રભુપ્રીતિ અને સતત સત્સંગ. આ માટે ભગવાં વસ્ત્રો પહેરવાની જરૂર નથી. આ માટે સર્વ છોડીને નિર્જન જંગલમાં જવાની પણ જરૂર નથી. જ્યાં છો ત્યાંજ રહી પ્રભુપ્રીતિ થઈ શકે છે. પ્રભુ પર જ નજર રાખવાનું કામ તમારે કરવાનું છે. પ્રભુ પ્રત્યે દૃષ્ટિ એટલે અન્ય પદાર્થોમાંથી રસનું ઊડી જવું.

અમુક ધાર્મિક માન્યતા ધારણ કરવાથી સ્વર્ગે જવાતું નથી. ધાર્મિક જીવન જીવવાથી જ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. માણસની મહત્તા એના હૃદયની શુદ્ધતા અને ઉદાત્તતા પર રહેલી છે. જેનું જીવન નિર્વિકાર તેજ સાચો ધાર્મિક માણસ કહેવાય. જેમ કોલસો બળી જવાથી જ એનું ઉષ્ણતામાં રૂપાંતર થાય છે તેમ તપ દ્વારા, તિતિક્ષા દ્વારા, જીવનનું રૂપાંતર થાય છે. જેને આપણે આધ્યાત્મિક સાધનો કહીએ છીએ તે આપણા જ હૃદયની અંદર ચાલતો પોતાની જ સામેનો સત્યાગ્રહ છે. આ સત્યાગ્રહ માટે સતત સત્સંગ જરૂરી છે. સત્સંગ વગર વિકારોનું શમન થવું શક્ય નથી.

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે જિજ્ઞાસુઓ અને સાધકોને લખેલા અંગત વૈરાગ્ય પત્રોમાંના મહત્તમ પત્રોમાં તેમણે સત્સંગ ઉપર ભાર મૂક્યો છે.

જેઠ સુદ ૭, શનિવાર - ૧૯૪૭ના રોજ તેમણે મુંબઈથી એક જિજ્ઞાસુ સાધકને લખેલો પત્ર સૌ કોઈ માટે આજે પણ એટલો જ ઉપકારક પત્ર છે,


“કરાળ કાળ હોવાથી જીવને જ્યાં વૃત્તિની સ્થિતિ કરવી જોઈએ તે કરી શકતો નથી. સદ્ધર્મનો ઘણું કરીને લોપ જ રહે છે તે માટે આ કાળને કળિયુગ કહેવામાં આવ્યો છે. સદ્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં, કારણકે અસત્‌માં સત્ હોતું નથી.

ઘણું કરીને સત્પુરુષના દર્શનની અને જોગની આ કાળમાં અપ્રાપ્તિ દેખાય છે. જ્યારે એમ છે, ત્યારે સદ્ધર્મ સમાધિ મુમુક્ષુ પુરુષને ક્યાંથી પ્રાપ્ત થાય ? અને અમુક કાળ વ્યતીત થયા છતાં જ્યાં તેવી સમાધિ પ્રાપ્ત થતી નથી ત્યારે મુમુક્ષુતા પણ કેમ રહે ?


ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે તે પરિચયરૂપ પોતાને માને છે. જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્યકુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢપણે માને છે, અને આર્યત્વ વિશે મતિ કરતો નથી.

મોટા મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.

**(અનુસંધાન પાના નં. ૭ પર...)**



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## કેવી નમ્રતા !

ગુરુકુળ કાંગડીના વાર્ષિકોત્સવ નિમિત્તે આયોજિત આર્ય ભાષા સંમેલનની અધ્યક્ષતા કરવા મુન્શી પ્રેમચંદજીને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

સ્વાગત સમિતિના સભ્યો હરિદ્વાર સ્ટૅશન પર હાથમાં હારતોરા લઈને પ્રેમચંદજીનું સ્વાગત કરવા ઊભા રહ્યા હતા.

ટ્રેન સ્ટૅશન પર આવી એટલે બધા એકએક ડબો જોવા લાગ્યા, પણ પ્રેમચંદજી તેમની નજરે પડ્યા નહિ !

નિરાશ થઈને તેઓ બધા ગુરુકુળ કાંગડી પાછા ફર્યા.

બધાના મનમાં બસ એ જ ચિંતા થઈ રહી હતી કે, આ સંમેલનની અધ્યક્ષતા હવે કોણ કરશે?

બીજા કોઈને અધ્યક્ષ બનાવવાનું તેઓ વિચારી રહ્યા હતા, ત્યાં તો પ્રેમચંદજી આવતા દેખાયા ! તેમની પાછળ સામાન ઊંચકીને એક મજૂર ચાલ્યો આવતો હતો.

એક આયોજકે પ્રેમચંદજીને પૂછ્યું, ''આપ લખનૌવાળી ટ્રેનમાં ન આવ્યા ?''

''અરે ! હું તો એ જ ટ્રેનમાં આવ્યો હતો ! પણ સ્ટૅશન પર મેં ઘણા માણસોને હાથમાં હારતોરા લઈને ઊભેલા જોયા, એટલે મને થયું કે કોઈ મોટા માણસનું સ્વાગત કરવા આ લોકો આવ્યા હશે. એટલે હું એ લોકોની નજર ચૂકાવીને છાનોમાનો પ્લેટફોર્મની બહાર નીકળી ગયો અને બહાર આવીને એક કૂલી કરીને અહીં આવી પહોંચ્યો !''

પ્રેમચંદજી પૂરા ત્રણ માઈલનો માર્ગ કાપીને, પગે ચાલતા અહીં ગુરુકુળ કાંગડી આવ્યા હતા, છતાં તેમનો ચહેરો પ્રસન્નતાથી ચમકી રહ્યો હતો ! થાક લાગ્યાનું કોઈ ચિહ્ન તેમના મુખ પર વરતાતું નહોતું.

આયોજકોએ કહ્યું, ''આપે કેવું ખોટું અનુમાન કર્યું ! અમે જ તો આપનું સ્વાગત કરવા માટે હાથમાં હારતોરા લઈને સ્ટૅશન પર ઊભા હતા !''

પ્રેમચંદજી તરત જ સહજતાથી બોલી ઊઠ્યા, ''અરે, ભાઈ ! હું વળી ક્યાંનો મોટો માણસ કે તમે બધા હારતોરા લઈને મારું સ્વાગત કરવા આવો !''

## સાચી નેતાગીરી

૧૯૪૫ના એપ્રિલની ૨૬મીની આસપાસનો એક પ્રસંગ છે.

નેતાજી સુભાષચંદ્ર બોઝ રાણી ઝાંસી રેજિમેન્ટની યુવતીઓને અને પોતાની ફોજના શેષ સાથીઓને લઈને રંગુનથી બેંગકોક તરફ લૉરીઓમાં રવાના થયા. થોડા માર્ગ કપાયો કે લૉરીઓ કાદવમાં ફસાઈ ગઈ.

બાકીના માર્ગ હવે તેમણે પગે ચાલીને જ કાપવાનો રહ્યો.

બ્રિટિશ સેનાના સૈનિકો તેમની પાછળ પડ્યા હતા, તેથી નેતાજીના માણસોએ દિવસ આખોય જંગલ કે કોઈ ગામમાં જ છુપાઈ રહેવું પડતું ! નેતાજીની એ ફોજે આથી રાતના જ પ્રયાણ કરવું પડતું.

અંધારી રાત હોય કે વરસતો વરસાદ હોય તો પણ પગે ચાલીને જ તેમણે આગળ વધવું પડતું.

આ રીતે ચાલી ચાલીને નેતાજીના પગમાં ફોલ્લા ઊઠી આવ્યા. શરીર પર ઠેર ઠેર જખમ પડ્યા અને તેમાંથી લોહી પણ વહેવા લાગ્યું. પોતાની આવી હાલત હોવા છતાં નેતાજી પોતાની ફોજનું નેતૃત્વ સંભાળી રહ્યા હતા.

ફોલ્લાવાળા પગથી લંગડાતા લંગડાતા ચાલતા નેતાજીએ એમ છતાં પોતાનું નેતૃત્વ છોડવાનું વિચાર્યું નહિ.

તેમની સાથે એક જાપાની અફસર હતો.

તેનાથી નેતાજીનું આ દુઃખ જોઈ શકાતું નહોતું.

એક દિવસ તે નેતાજીને કહેવા લાગ્યો, ''આપ આટલું બધું કષ્ટ શા માટે ઉઠાવી રહ્યા છો ? આપણી પાસે એક ગાડી તો છે ! ચાલો, આપ એ ગાડીમાં બેસી જાઓ ! આવા ફોલ્લાવાળા પગે ચાલવાનું માંડી વાળો !''

નેતાજીએ આ અફસરને જવાબ આપતાં કહ્યું, ''આવી લાગણી બતાવવા બદલ તમારો આભાર ! પણ માફ કરજો, હું એમ કરી શકીશ નહિ !''

''કેમ ?''

''હું ગાડીમાં બેસીને પ્રયાણ કરું અને મારી સાથે રહેલા મારા સાથીદારો પગે ચાલે એ કેમ બની શકે ? મારા બેટા અને મારી બેટીઓ જેવા એ સાથીઓને છોડીને હું ગાડીમાં કઈ રીતે બેસી શકું ?'' નેતાજીએ પેલા અફસરને જવાબ આપ્યો.

## સંયમ

ગુજરાતના મૂકસેવક સ્વ. રવિશંકર મહારાજના જીવનનો એક પ્રસંગ છે, જે તેમનામાં નિયમપાલનની કેવી ઉત્કૃષ્ટ ભાવના હતી તેનો દ્યોતક છે.

એક વખત તેઓ સેવાકાર્ય કરતા કરતા રાધનપુરના રણવિસ્તારમાં ઘૂમી રહ્યા હતા. ઉનાળાના દિવસો અને તાપ કહે મારું કામ ! જમીન તાપથી ધગધગી ઊઠી હતી, છતાંય પગના પગરખાં નહિ પહેરવાના નિયમવાળા મહારાજ ઉઘાડા પગે જ આ તપી ઊઠેલી જમીન પર ચાલી રહ્યા હતા.

તેમને રાધનપુર પહોંચવાનું હતું અને રાધનપુર હજી તો નવદસ માઈલ દૂર હતું.

ઉનાળાનો દિવસ હોવાથી મહારાજને તરસ લાગી. સવારથી પાણી પીધું નહોતું અને અત્યારે મધ્યાહ્ન થવા આવ્યો હતો એટલે તરસ લાગે તે સ્વાભાવિક હતું. એવામાં ત્યાં નજીકમાં મંદિર તેમના જોવામાં આવ્યું.

મંદિરે કદાચ પાણી મળી રહેશે એમ માની મહારાજે મંદિરની દિશામાં ડગલાં ભરવા માંડ્યા.

થોડીવારે તેઓ મંદિર પર પહોંચ્યા.

મંદિરના મહંતજી રવિશંકર મહારાજ અને તેમની લોકસેવાથી પરિચિત હતા.

મહંતે મહારાજને એક વૃક્ષ નીચેના ઓટલા પર આદરપૂર્વક બેસાડ્યા અને મહારાજને પીવા માટે ખાંડવાળું પાણી આપ્યું.

મહારાજે પાણીનો લોટો મોઢે માંડ્યો અને પાણીનો એક કોગળો ભર્યો પણ તે ખાંડવાળું હોવાની જાણ થતાં જ તેમણે મોંમાં ગયેલું પાણી બહાર કાઢી નાખ્યું અને મહંતને પૂછ્યું, ''તમે આમાં ખાંડ નાખી છે ?''

'હા', મહંતે જવાબ આપ્યો.

મહંતે 'હા' કહી કે તરત જ મહારાજે ઊભા થઈને ચાલવા માંડ્યું કારણ કે ખાંડ ન લેવાનો તેમણે નિયમ લીધો હતો !

લીધેલા નિયમનો કદી ભંગ થવા દેવો ન જોઈએ એવા નિયમ-પાલક મહારાજે પછી રસ્તામાં ક્યાંય પણ પાણી પીધું નહિ. રાધનપુર પહોંચીને જ તેમણે પાણી પીધું.

• • •

## પુસ્તક સમાલોચના

— મિતેશભાઈ એ. શાહ

(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)


પુસ્તકનું નામ : **તત્ત્વાનુશીલન**

**લેખકઃ** પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ શેઠ • **આવૃત્તિઃ** ચોથી, ડિસે.૨૦૧૩ • ૨૨૪ પૃષ્ઠ • **કિંમતઃ** રૂ.૨૦

**પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :** વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂ. કાનજીસ્વામી માર્ગ, ભાવનગર - ૩૬૪૦૦૧. ફોન : ૨૪૨૩૨૦૭, ૨૫૧૫૦૦૫

આ પુસ્તકમાં ૨૧ જેટલા અધ્યાત્મસંબંધી ભિન્ન ભિન્ન વિષયો પર પૂ. ભાઈશ્રી શશીભાઈ શેઠના લેખોનો સંગ્રહ છે. મુમુક્ષુઓની ભૂમિકાને સ્પર્શતા એવા આત્મરુચિ, સત્પાત્રતા, જ્ઞાન, ભક્તિ, સરળતા, સમક્તિનું બીજ, ધર્મ અને વિજ્ઞાન, સમ્યક્ત્વ જેવા વિષયો પર સરળ છતાં સચોટ શૈલીમાં, તલસ્પર્શી, અનુભવપ્રધાન સૂક્ષ્મ જ્ઞાન પીરસવામાં આવ્યું છે.

■ ■ ■



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## BUILDING BRIDGES

Once upon a time two brothers who lived on adjoining farms fell into conflict. It was the first serious rift in 40 years of farming side by side, sharing machinery, and trading labor and goods as needed without a hitch.

Then the long collaboration fell apart. It began with a small misunderstanding and it grew into a major difference, and finally it exploded into an exchange of bitter words followed by weeks of silence.

One morning there was a knock on John's door. He opened it to find a man with a carpenter's toolbox. "I'm looking for a few days work," he said. "Perhaps you would have a few small jobs here and there. Could you help me?"

"Yes," said the older brother. "I do have a job for you. Look across the creek at that farm. That's my neighbor, in fact, it's my younger brother. Last week there was a fight between us and he took his bulldozer to the river levee and now there is a creek between us. Well, he may have done this to spite me, but I'll go one step further. See that piece of wood pile. I want you to build me a fence - an 8-foot fence - so I won't need to see his place anymore."

The carpenter said, "I think I understand the situation. Show me the nails and the post-hole digger and I'll be able to do a job that pleases you."

The older brother had to go to town for supplies, so he helped the carpenter get the materials ready and then he was off for the day.

The carpenter worked hard all that day measuring, sawing, nailing.

About sunset when the farmer returned, the carpenter had just finished his job. The farmer's eyes opened wide, his jaw dropped.

There was no fence there at all. It was a bridge... a bridge stretching from one side of the creek to the other! A fine piece of work handrails and all - and the neighbor, his younger brother, was coming across, his hand outstretched.

"You are quite a fellow to build this bridge after all I've said and done."

The two brothers stood at each end of the bridge, and then they met in the middle, taking each other's hand. They turned to see the carpenter hoist his toolbox on his shoulder. "No, wait! Stay a few days. I've a lot of other projects for you," said the older brother.

"I'd love to stay on," the carpenter said, "but, I have many more bridges to build."

## QUALITY TIME

My husband has a demanding job. He leaves the house early in the morning, before the kids are awake and will come back home a little before supper time.

One of my big worries when we decided to have kids was that I'd be a "married single parent." We discussed it and he promised to be there as much as possible and that I wouldn't feel alone. He followed through his promise, he spends 90% of his free time with us. I was still very worried because the kids only spend about 15 hours a week with him while they spend all their time with me (stay at home mom.) However, this week end my 3 year old just proved me otherwise.

My husband was telling him that he'd become a geologist because he loves rocks and I said "nah, he'll become an engineer because he loves to understand and solve things." My son replies to both of us "nope, I want to be a dad, just like daddy." My husband asks him "what does a daddy do?" He says "a daddy plays with his babies, picks them up, puts them on his shoulder, reads them good night stories and gives them hugs." Instant smile and tears on both of us.

It kind of made me realize that it's not the time spent with a person but the quality of the time you spend with that person. So in life, always give the best quality time to the person you're spending time with, those are the moment they remember.

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૮-૭-૨૦૧૫ | અષાઢ સુદ બીજ | શનિવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ |
| ૩૦-૭-૨૦૧૫ થી ૨-૮-૨૦૧૫ | અષાઢ સુદ પૂનમ | ગુરુવાર થી રવિવાર | શ્રી ગુરુપૂર્ણિમા શિબિર |
| ૧૦-૯-૨૦૧૫ થી ૧૭-૯-૨૦૧૫ | શ્રાવણ વદ તેરસ થી ભાદરવા સુદ પાંચમ | ગુરુવાર થી ગુરુવાર | શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના |
| ૨૮-૧૦-૨૦૧૫ | આસો વદ એકમ | બુધવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા પૂ. લઘુરાજસ્વામીની જન્મતિથિ |
| ૯-૧૧-૧૫ થી ૧૨-૧૧-૧૫ | આસોવદ તેરસ થી કાર્તિક સુદ એકમ | સોમવાર થી ગુરુવાર | શ્રી દીપાવલી આરાધના શિબિર |
| ૧૩-૧૧-૧૫ થી ૧૫-૧૧-૧૫ | કાર્તિક સુદ બીજ થી કાર્તિક સુદ ચોથ | શુક્રવારથી રવિવાર | શ્રી યુવાશિબિર |
| ૧૬-૧૧-૧૫ | કાર્તિક સુદ પાંચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૫-૧૧-૧૫ | કાર્તિક સુદ પૂનમ | બુધવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતી |
| ૧-૧૨-૧૫ થી ૩-૧૨-૧૫ | કાર્તિક વદ છઠ્ઠ થી કાર્તિક વદ આઠમ | મંગળવાર થી ગુરુવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |
| ૨-૦૧-૨૦૧૬ | માગસર વદ આઠમ | શનિવાર | શ્રી કુંદકુંદસ્વામીનો આચાર્ય આરોહણદિન |
| ૧૨-૨-૧૬ થી ૧૫-૨-૧૬ | - | શુક્રવાર થી સોમવાર | આધ્યાત્મિક શિબિર |
| | ચૈત્ર સુદ તેરસ | | ભ. મહાવીર જન્મકલ્યાણકદિન |
| | ચૈત્ર વદ પાંચમ | | શ્રી પરમકૃપાળુદેવનો દેહોત્સર્ગદિન |
| | વૈશાખ સુદ આઠમ | | પૂ. લઘુરાજસ્વામીનો દેહોત્સર્ગદિન |
| | વૈશાખ સુદ દશમ | | સંસ્થા સ્થાપના દિન |

## શ્રી ગુરુપૂર્ણિમા શિબિરમાં પધારવા નિમંત્રણ

તા. ૩૦-૭-૨૦૧૫ થી તા. ૨-૮-૨૦૧૫ દરમ્યાન ગુરુપૂર્ણિમા નિમિત્તે સંસ્થા દ્વારા ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમિયાન આદ.પં.શ્રી ફૂલચંદજી શાસ્ત્રીની પરમકૃપાળુદેવ વિરચિત 'મૂળ મારગ સાંભળો જિનનો રે...' વિષય પર સ્વાધ્યાયશ્રેણી યોજાશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર.આદ.શ્રી સુરેશજીના સ્વાધ્યાય ઉપરાંત પૂજા, ધ્યાનનો અભ્યાસ, ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્વ-પર કલ્યાણ અર્થે સૌને પધારવા નિમંત્રણ છે. આપના આગમનની જાણ સંસ્થામાં અગાઉથી કરવા વિનંતી, જેથી આપની સુવિધાઓ અમો સાચવી શકીએ.

## સંસ્થામાં પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન

મુમુક્ષુ ભાઈ-બહેનોને ઘનિષ્ઠ સત્સંગનો લાભ મળે તે હેતુથી સંસ્થામાં તા. ૮-૮-૨૦૧૫ થી તા. ૮-૯-૧૫ (એક મહિના) દરમિયાન પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગત નીચે મુજબ છે.

**સ્વાધ્યાયનો વિષય : શ્રી શિવકોટિ આચાર્ય વિરચિત 'શ્રી ભગવતી આરાધના'**

**સમય : સવારે ૧૦.૧૫ થી ૧૧.૧૫**

આત્મકલ્યાણ અર્થે સત્સંગનો લાભ લેવા સૌને હાર્દિક નિમંત્રણ છે.

## નેપાળના ભૂકંપપીડિતો માટે સંસ્થા દ્વારા આર્થિક યોગદાન

તાજેતરમાં નેપાળમાં આવેલા ભૂકંપથી ભારે તારાજી સર્જાઈ છે અને જાનમાલને ઘણું નુકસાન થયેલ છે. 'ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સામાન' એવી પરમકૃપાળુદેવની અનુભવવાણી છે. ફૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે યત્કિંચિત નેપાળના ભૂકંપપીડિતોને રાહત મળી રહે તે હેતુથી સંસ્થા દ્વારા ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો; જેમાં યથાશક્તિ મુમુક્ષુ ભાઈ-બહેનોએ આર્થિક સહયોગ આપ્યો હતો. એકત્ર થયેલ રકમ નેપાળના ભૂકંપપીડિતોને પહોંચાડવામાં આવી છે. કરુણાની ભાવનાને ચરિતાર્થ કરવા બદલ મુમુક્ષુ ભાઈ-બહેનોને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળનું એસ.એસ.સી.નું ૧૦૦% પરિણામ

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનું બોર્ડનું પરિણામ ૧૦૦% આવેલ છે; જેની વિગત નીચે મુજબ છે :

| નં. | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક | નં. | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|---|---|---|---|
| (૧) | રાવળ વિશાલ આર. | ૯૫.૦૩ | (૬) | રામ વિજય કે. | ૭૩.૦૦ |
| (૨) | ગઢવી અશ્વિન જે. | ૮૬.૯૮ | (૭) | ચંપાવત યુવરાજ આર. | ૬૧.૭૮ |
| (૩) | પારગી પ્રતીક એમ. | ૮૬.૫૮ | (૮) | મકવાણા રાકેશ બી. | ૫૫.૦૧ |
| (૪) | ચૌધરી હર્ષ ડી. | ૮૫.૭૯ | (૯) | ભાટી દિવ્યરાજ વાય. | ૫૧.૧૪ |
| (૫) | મેર રાહુલ ડી. | ૭૫.૮૯ | (૧૦) | પ્રજાપતિ પાર્થ આર. | ૪૯.૮૬ |

એસ.એસ.સી.ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ ઉપરોક્ત વિદ્યાર્થીઓ, ગૃહપતિ આદ.શ્રી નરેશભાઈ તથા ગુરુકુળ કમિટિને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

## સંસ્થામાં પૂ.આચાર્યશ્રી ૧૦૮ પુષ્પદંતસાગરજી મહારાજનું મંગલ આગમન

આપણી સંસ્થામાં તા. ૨૫-૫-૨૦૧૫ના દિવસે પૂ.આચાર્યશ્રી ૧૦૮ પુષ્પદંતસાગરજી મહારાજનું મંગલકારી આગમન થયું હતું; જેથી સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોમાં ધર્મોલ્લાસ વ્યાપી ગયો. ગુરુપૂજનમાં સૌ સહભાગી થયા. આચાર્યશ્રીને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે વિશેષ ધર્મવાત્સલ્ય ભાવ છે. બોધ આપતાં પૂજ્ય આચાર્યશ્રીએ જણાવ્યું કે જે પોતાના સ્વભાવમાં જીવવાનો પ્રયત્ન કરે છે તે સત્ય સુધી પહોંચે છે સમ્યગ્દર્શનના Stages : સ્નેહદર્શન → સત્યદર્શન → સુખદર્શન. જ્યાં સ્નેહ છે ત્યાં મંદકષાય છે. તત્ત્વની શ્રદ્ધા છે ત્યાં સમ્યગ્દર્શન છે. મુનિ જ્યારે આત્માના અતીન્દ્રિય આનંદનો આસ્વાદ લે છે ત્યારે શાંત અને મૌન થાય છે.

## નવનિર્મિત શ્રી રાજકુટિરમાં મુમુક્ષુનિવાસ (ત્રીજો માળ) માટે દાનની અપીલ

આધ્યાત્મિક જગતની વિરલ વિભૂતિઓમાં શ્રીમદ્ રાજચંદ્રજી અગ્ર પંક્તિમાં બિરાજે છે. મહાત્મા ગાંધીજીએ તેઓને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા હતા. કૃપાળુદેવે દર્શાવેલા માર્ગની વિશેષ પ્રભાવના થાય તે હેતુથી સ્વપર કલ્યાણમાં અહોનિશ લાગેલા એવા પૂ.સંતશ્રી આત્માનંદજીની પ્રેરણાથી કોબા મૂકામે શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રની સ્થાપના ઈ.સ. ૧૯૮૨માં કરવામાં આવી હતી. ત્યારબાદ આ સાધનાકેન્દ્રમાં જૈન-જૈનેતર લોકોનું સમુચ્ચય વ્યક્તિત્વ આધ્યાત્મિક જીવન તરફ વળે તેવા શુભ ઉમદા આશય સાથે કેન્દ્ર તરફથી વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે; જેમાં અધ્યાત્મ શાસ્ત્રોનું અને અનેકાંત વિદ્યાનું અધ્યયન, ભક્તિ-સંગીતની સાધના, તીર્થયાત્રા, આધ્યાત્મિક સાહિત્ય પ્રકાશન, વિદ્યાર્થીઓ માટે ગુરુકુળ, મેડિકલ કેમ્પ, રક્તદાન શિબિર, અનાજ-કપડાં તથા છાશનું નિઃશુલ્ક વિતરણ સામેલ છે. શ્રી જિનભગવાનના મંદિર ઉપરાંત પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું એક ભવ્ય મંદિર પણ સંકુલમાં બનાવેલ છે, જે ભક્તજનોની સાધનામાં ઉલ્લાસ અને આત્મજાગૃતિ પ્રેરક છે. આ રીતે મુમુક્ષુઓનો આધ્યાત્મિક વિકાસ થાય અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિથી સમાજને પણ સહકાર મળે તે આશયથી પૂ.શ્રી આત્માનંદજીની નિશ્રામાં ઘણાં મુમુક્ષુઓ અહીં કાયમી ધોરણે રહીને પોતાનો વિકાસ કરે છે. આ આશયથી એક સુંદર 'શ્રી રાજકુટિર' આવાસ યોજનાનું આયોજન કરેલ છે; જેમાં કુલ ૩૦ બ્લોક બનાવેલ છે અને એક ડોરમેટ્રી જેમાં કુલ ૧૨ બેડ રાખી શકાય તેવું આયોજન છે. બહારથી પધારેલા જે મુમુક્ષુઓને સંસ્થામાં સાધના-સેવા-ભક્તિ કરવી હોય તેમને માટે સુંદર આવાસ બનાવેલ છે. તો આ પ્રસંગે શ્રી રાજકુટિર આવાસ યોજનામાં એક રૂમના રૂા. ૪,૨૫,૦૦૦/- (કુલ ૬ રૂમ માટે) તથા ડોરમેટરીના એક બેડના રૂા. ૧,૨૫,૦૦૦/- (કુલ ૧૨ બેડ માટે) દાનરાશિ નક્કી કરેલ છે. આ પુણ્યકાર્યમાં આપને સહભાગી થવાનું આહ્વાન કરવામાં આવે છે. આપ સૌના ભાવ અને શક્તિ પ્રમાણે આ કાર્યક્રમમાં સહાયભૂત થશો એવી આશા રાખવામાં આવે છે. દાતાશ્રીની નામની તકતી જે તે રૂમના દરવાજા ઉપર લગાવવામાં આવશે અને રૂમોના દાતાશ્રીઓને વર્ષ દરમ્યાન ૧૫ દિવસ આવાસ સંસ્થાના નિયમાનુસાર નિઃશુલ્ક આપવામાં આવશે. **(નોંધ : શ્રી નવનિર્મિત રાજકુટિરની તસવીર આ અંકના ટાઈટલ પેજ-૨ પર આપવામાં આવી છે.)**

## નૂતન વર્ષની દિવાળી પુસ્તિકા 'જીવનઅર્ક'

નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી શકાય તેમજ સદ્વાચન દ્વારા સુસંસ્કારો જાગૃત થઈ શકે તે હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે દિવાળી પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવે છે. વિ.સં. ૨૦૭૨ની દિવાળી પુસ્તિકા 'જીવનઅર્ક' પ્રગટ થશે; જેની તૈયારીઓ ચાલી રહી છે. પુસ્તિકાને સુવિચારો, વિદ્વાનોના મનનીય લેખો, સંતોના બોધામૃત, રત્નકણિકાઓ તેમજ જીવનોપયોગી વિવિધ માહિતીઓ દ્વારા સજાવવામાં આવી છે.

## નૂતન રાજકુટિરમાં પ્રભુ-ગુરુના ચિત્રપટાદિની સ્થાપના સંપન્ન

**[૧]** આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુમુક્ષુ ભાઈશ્રી કિરીટભાઈ કે. શાહ/હર્ષાબેન કે.

શાહની નૂતન રાજકુટિરમાં તા. ૧૯-૫-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના વરદ હસ્તે પ્રભુ મહાવીરની મૂર્તિ, પરમકૃપાળુદેવ તથા સંતોના ચિત્રપટાદિની સ્થાપના ઉલ્લાસસભર ધર્મમય વાતાવરણમાં કરવામાં આવી. આ પ્રસંગે આદ. શ્રી કિરીટભાઈના સગાસંબંધીઓ તથા મુમુક્ષુ ભાઈ-બહેનો. ઉપસ્થિતિ રહ્યા હતા. બે માસ અગાઉ તેઓની રાજકુટિરમાં સૌ પ્રથમ કુંભસ્થાપન થયેલ.

પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે 'मम इति संसार: न मम इति मोक्ष: ।' દુનિયાના કોઈ પણ પદાર્થો મારા નથી - એવો અભિપ્રાય દૃઢ કરવો. નિર્મમત્વનો અભ્યાસ કરવો અને જાણનાર-દેખનાર આત્માના લક્ષપૂર્વક સત્સાધનોને સેવવાં.

કાર્યક્રમ બાદ શ્રી કિરીટભાઈ પરિવાર તરફથી સૌને પ્રસાદ તેમજ રૂ. ૩૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી અને ભોજનાલયમાં સૌને કેરી આપવામાં આવી હતી. આદ. શ્રી કિરીટભાઈ શાહ પરિવાર નૂતન રાજકુટિરમાં રહીને ધર્મની ખૂબ આરાધના કરે તેવી શુભેચ્છાઓ.

**[૨]** આપણી સંસ્થામાં અવારનવાર સેવા/ સાધના અર્થે પધારતા શાંતસ્વભાવી મુમુક્ષુ બહેન આદ. શ્રી સુશીલાબેન પ્રફુલભાઈ કારાણીની નૂતન રાજકુટિરમાં તા. ૨૩-૫-૧૫ના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી તથા મુમુક્ષુ ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં કુંભસ્થાપન તથા ૐકાર આદિની સ્થાપના કરવામાં આવી. આ પ્રસંગે પૂજ્યશ્રી તથા મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિ કરી હતી. આદ. સુશીલાબેન કારાણી પરિવાર તરફથી સૌને પ્રસાદ આપવામાં આવ્યો તથા રૂ. ૧૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી. આદ. શ્રી સુશીલાબેન કારાણી પરિવાર નૂતન રાજકુટિરમાં નિવાસ કરીને સાધનામાર્ગમાં આગળ વધતા રહે તેવી અભ્યર્થના.

**[૩]** આપણી સંસ્થામાં સેવા-સાધના અર્થે અવારનવાર પધારતાં સેવાભાવી, વિનયવાન મુમુક્ષુ આદ.શ્રી પંકજભાઈ આર. શાહની નૂતન રાજકુટિરમાં તા. ૩૧-૫-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં કુંભસ્થાપન તથા ચિત્રપટાદિની સ્થાપનાનો કાર્યક્રમ ધર્મમય ઉલ્લાસસભર વાતાવરણમાં સંપન્ન થયો. ધૂન અને મંત્રોના ઉચ્ચારણ સહ પવિત્ર વાતાવરણમાં પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે ૐકારાદિનું આલેખન તથા ચિત્રપટાદિની સ્થાપનાવિધિ સંપન્ન થઈ. આ પ્રસંગે આદ.શ્રી પંકજભાઈ શાહ પરિવાર તરફથી પ્રસાદ તથા રૂા. ૧૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી પંકજભાઈ શાહ પરિવાર નૂતન રાજકુટિરમાં નિવાસ કરીને ધર્મની આરાધના દ્વારા સ્વકલ્યાણ સાધે તેવી કોબા પરિવારની શુભેચ્છાઓ છે.

## ઈડર આશ્રમ અમૃત મહોત્સવ વર્ષની ઉજવણીનો ઉત્સાહપૂર્વક પ્રારંભ

વિ. સં. ૧૯૫૫માં પરમકૃપાળુદેવ પ્રભુશ્રી સહ સાત મુનિઓ સાથે ઈડર ઘંટિયા પહાડ પર પધારેલ ત્યારે જે શિલા પર બિરાજી મુનિઓને અપૂર્વ બોધ આપેલ તે પવિત્ર સિદ્ધશિલા પર વિ.સં. ૧૯૯૬ના વૈ.વ.૧ના શુભદિને કૃપાળુદેવની પાદુકાજીની સ્થાપના કરી ગુરુમંદિરનું નિર્માણ કરેલ અને આશ્રમની પ્રવૃત્તિઓનો પ્રારંભ થયેલ; જેને ૭૫ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડળ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ, વડવા, ઈડર) તરફથી આ સમગ્ર વર્ષ અમૃત મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે; જેમાં સહભાગી થવા ભારતભરના તમામ આશ્રમો/સંસ્થાઓને અનુકૂળતા મુજબ ધર્મયાત્રા યોજવા નિમંત્રણ પાઠવેલ છે.

જેના પ્રારંભરૂપે સૌ પ્રથમ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - અગાસ, વવાણિયા, મોરબી તથા નરોડાના ૩૦૦ જેટલા મુમુક્ષુ ભાઈબહેનોની ધર્મયાત્રા ગત તા. ૪ થી ૬ મેના દિવસોએ ઉલ્લાસપૂર્વક યોજાઈ. આ પ્રસંગે ભક્તિ, આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ તથા શ્રી પારસભાઈ જૈનના 'દ્રવ્યસંગ્રહ' પર ત્રણ સ્વાધ્યાયનું આયોજન થયું તથા

ગુરુમંદિરમાં નૂતન પદોની સ્થાપનાવિધિ કરવામાં આવી હતી; તેના નકરાના તથા અન્ય પૂજનોના ચઢાવાના રૂા. ૧૫ લાખ ઉપરાંતની બોલી થઈ હતી. આ પ્રસંગે શ્રી દીપકભાઈ શાહ, શ્રી બિપીનભાઈ શાહ, શ્રી બટુકભાઈ શાહ, શ્રી ભરતભાઈ મનુભાઈ મોદી, શ્રી પંકજભાઈ કામદાર, શ્રી અતુલભાઈ જૈન, શ્રી હસમુખરાય સંઘવી સહિત ચારેય સંસ્થાના અગ્રણી ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોબા, વડવા, ખંભાત અને અમદાવાદના મુમુક્ષુઓની ઈડર તીર્થક્ષેત્રની ધર્મયાત્રાનું આયોજન

ઈડર આશ્રમના અમૃત મહોત્સવની ઉજવણીમાં સહભાગી થવાના ઉદ્દેશથી, સંસ્થાના નિમંત્રણને માન આપી કોબા, વડવા, ખંભાત અને અમદાવાદના મુમુક્ષુઓની ધર્મયાત્રાનું આયોજન તા. ૨૭/૨૮ જૂન (શનિ, રવિ) દરમિયાન કરવામાં આવ્યું છે. યાત્રામાં સહભાગી થવા ઇચ્છતા મુમુક્ષુઓએ જે તે આયોજક સંસ્થાઓનો સંપર્ક સાધવા વિનંતી છે.

## શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, વિલેપાર્લા - શાંતાક્રુઝ, મુંબઈ દ્વારા આયોજિત શ્રી ૧૦૦૮ શાંતિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનું વિલેપાર્લા (પશ્ચિમ) મધ્યે રવિવાર ૧૭ મે થી શુક્રવાર, ૨૨ મે, ૨૦૧૫ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સુંદર ભાવવાહી ભક્તિસંગીત, સ્વાધ્યાય આદિ કાર્યક્રમો યોજાયા હતા. આવા સુંદર આયોજન બદલ વ્યવસ્થાપકોને પૂજ્યશ્રી આત્માનંદજી તથા સમસ્ત કોબા પરિવાર ધન્યવાદ પાઠવે છે.

## 'અક્ષરદીપને અજવાળે ચાલ્યો એકલવીર' નાટકમાં સર્જકના જીવનથી પ્રેક્ષકો અભિભૂત થઈ ગયા

ગુજરાતી સાહિત્યમાં ૩૦૦ જેટલાં પુસ્તકોનું સર્જન કરનાર પ્રસિદ્ધ લેખક જયભિખ્ખુના પુત્ર અને પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ લખેલા એમના જીવનચરિત્ર પરથી 'અક્ષરદીપને અજવાળે ચાલ્યો એકલવીર' નામનું નાટક ચીનુભાઈ ચીમનલાલ સભાગૃહ અમદાવાદમાં રજૂ કરવામાં આવ્યું. ગુજરાત સમાચારની 'ઈંટ અને ઈમારત' કૉલમના લેખક તથા તેના અધિષ્ઠાપક તંત્રી શ્રી શાંતિલાલ શાહના પરમ મિત્ર એવા સાહિત્યકાર શ્રી જયભિખ્ખુના કાર્યક્રમનો મંગલપ્રારંભ શ્રી શ્રેયાંસભાઈ શાહ અને શ્રી બાહુબલિ શાહે દીપપ્રાગટ્ય કરીને કર્યો.

આ પ્રસંગે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના ગ્રંથનો પરિચય આપતાં અતિથિવિશેષ શ્રી બાલકૃષ્ણ દોશીએ કહ્યું કે મેં ઘણાં ચરિત્રો વાંચ્યાં છે, પરંતુ આવું ચરિત્ર ક્યારેય વાંચ્યું નથી. જ્યારે ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ કહ્યું કે બાવન પ્રકરણ અને પાંચ પરિશિષ્ટમાં લખાયેલું આ ચરિત્ર કલમથી નહીં, પણ હૃદયમાં કલમ ડૂબાડીને લખ્યું છે. કુમારપાળભાઈએ જે રીતે પિતૃઋણ અદા કર્યું છે, તે એક પેઢીને નહીં, પણ ઈકોતેર પેઢીને તારે તેવું છે. ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાક્ષર શ્રી ચંદ્રકાન્ત શેઠે કહ્યું કે જિંદાદિલ અને ખેલદિલ, સાચદિલ અને સાફદિલ સાહિત્ય સર્જક જયભિખ્ખુએ એમના જીવનને સાર્થક રીતે પસાર કર્યું અને એમના જીવન વિશે આપણને એક ઉત્તમ પુસ્તક મળ્યું છે.

ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે જયભિખ્ખુ પોતાની રીતે જીવ્યા. ક્યારેય કોઈ નેતાની પ્રશંસા ન કરી, બલ્કે પ્રજાજીવનનો ધબકાર ઝીલીને લોકોની પીડાને વાચા આપી. એ ડાયરાના માણસ હતા. દિલાવરીના માણસ હતા અને એમનું જીવન એ સતત અગરબત્તીની સુવાસની જેમ મહેકતું રહ્યું.

પુત્રએ લખેલા પિતાના ચરિત્ર પરથી ગુજરાતી સાહિત્યમાં નાટક રચાયું હોય, તેવી આ પ્રથમ ઘટના છે. અલ્પા શાહે લખેલા નાટક 'અક્ષરદીપને અજવાળે ચાલ્યો એકલવીર' રજૂ કરવામાં આવ્યું અને જેમાં જયભિખ્ખુનાં ૬૧ વર્ષના જીવનનાં પ્રસંગોનું એવું હૃદયસ્પર્શી આલેખન થયું કે દર્શકો રસતરબોળ બની ગયા.

## શાસનસમ્રાટભવનમાં અપૂર્વ અધ્યાત્મકૃતિ 'શાંતસુધારસ' પર વ્યાખ્યાન

ઇન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી અને શાસનસમ્રાટભવનના ઉપક્રમે મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજીની અપૂર્વ કૃતિ 'શાંતસુધારસ'માં આલેખાયેલી ભાવનાઓ વિશે જૈનદર્શનના તત્ત્વચિંતક શ્રી કુમારપાળ દેસાઈએ વક્તવ્ય આપતાં કહ્યું કે શાંતસુધારસ એ શાંતિ, સમતા, પ્રસન્નતા અને સમાધિ આપતું અક્ષરતીર્થ છે. મહામહોપાધ્યાય વિનયવિજયજીએ લોકપ્રકાશ, નયકર્ણિકા કે શ્રીપાલરાસ જેવી કૃતિઓ લખી છે, પરંતુ છેલ્લા અઢી હજાર વર્ષમાં જૈનધર્મમાં આવી કોઈ વૈરાગ્યભરી કે અધ્યાત્મપૂર્ણ રચના મળતી નથી. આ કૃતિના મંગલાચરણમાં જિનવાણીના મહિમાગાનની વાત કરીને દર્શાવ્યું કે આયુષ્ય, રિદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ કે સુખ એ અનિત્ય હોવાથી વ્યક્તિએ નિત્ય એવા આત્મજ્ઞાનની શોધ કરવી જોઈએ. આત્મા અને શરીર ભિન્ન છે એવું ભેદજ્ઞાન જરૂરી છે અને એ નિત્ય એવા આત્માને અને એના સ્વરૂપને ઓળખવું જોઈએ અને તો જ સુખનો સાચો અનુભવ પામી શકે.

## અમદાવાદ મુકામે આદ. શ્રી ભંવરલાલજીનો દીક્ષા મહોત્સવ સંપન્ન

તા. ૩૧-૫-૧૫ના રોજ દિલ્હીના ઉદ્યોગપતિ શ્રી ભંવરલાલજી દોશીની દીક્ષાગ્રહણવિધિ અમદાવાદ મુકામે ધર્મમય વાતાવરણમાં સંપન્ન થઈ. તેઓશ્રીને મુનિશ્રી ભવ્યરત્નવિજયજી મ.સા. નામ આપવામાં આવ્યું છે. આવો વૈભવ અને શ્રીમંતાઈ છોડીને દીક્ષા લેનાર મહારાજ સાહેબના ત્યાગ અને વૈરાગ્ય ભાવનાની સમસ્ત કોબા પરિવાર ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

## વૈરાગ્ય સમાચાર

## પરમકૃપાળુદેવના અનન્ય ભક્તસાધક બા.બ્ર.પૂજ્યશ્રી મગનબાપાનો દેહવિલય



**[૧] મુંબઈ (મુલુંડ) :** પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત **બા.બ્ર.પૂજ્યશ્રી મગનબાપા**નો તા. ૩૦-૫-૨૦૧૫, જેઠ સુદ બારસના રોજ સાંજે ૬-૨૫ કલાકે ૧૦૦ વર્ષની વયે મુંબઈ (મુલુંડ) મુકામે શાંતિપૂર્વક દેહવિલય થયો છે.

પૂજ્ય મગનબાપાએ પોતાની જીવનરૂપી લતાને અનેક સદ્‌ગુણોરૂપી સુમનોથી સદા નવપલ્લવિત રાખી હતી. તેઓશ્રીનું જીવન મુમુક્ષુઓ માટે ખૂબ પ્રેરણાદાયક છે.

વૈષ્ણવ કુટુંબમાં તેઓશ્રીનો ઉછેર થયો હતો. આઠ વર્ષની બાળવયે તેઓશ્રીને પૂજ્ય લઘુરાજસ્વામીજીના દર્શન થયા હતા. ૧૩ વર્ષની વયે શાળાના પગપાળા પ્રવાસ દરમ્યાન વડવા આશ્રમમાં પરમકૃપાળુદેવના ચિત્રપટના દર્શન થતાં જ પૂર્વભવના શુભ સંસ્કારો જાગૃત થયા. ત્યારબાદ છ મહિના સુધી સ્વપ્નમાં તેઓને પરમકૃપાળુદેવના દર્શન થતા હતા. બીજના ચંદ્રની જેમ પરમકૃપાળુદેવ પ્રત્યેનો તેઓનો અલૌકિક અને નિઃસ્પૃહ પ્રેમ વર્ધમાન થવા લાગ્યો.

માત્ર ૧૯ વર્ષની વયે પૂજ્યશ્રી લઘુરાજસ્વામીજી (પૂ. પ્રભુશ્રીજી) અને પૂજ્ય બ્રહ્મચારીજીની આજ્ઞા અને સાન્નિધ્યમાં આજીવન બ્રહ્મચર્યવ્રત, સ્મરણમંત્ર, ભક્તિ, સપ્તવ્યસન ત્યાગ અને આજીવન રાત્રિભોજનત્યાગના નિયમ લીધા હતા. જુઓ મહાપુરુષની ત્યાગધર્મ પ્રત્યેની નિષ્ઠા અને દઢતા ! તેઓશ્રીનું જીવન આપણને ત્યાગના

પંથે આગળ વધવાની પ્રેરણા આપે છે. તેઓ વ્યવસાયે શિક્ષક હતા, પછી આચાર્ય બન્યા. બાળકો માટે તેઓશ્રીએ પાઠશાળા શરૂ કરી હતી; જેમાં શ્રી મોક્ષમાળાના પાઠ અને જૈન ધર્મનું પ્રારંભિક શિક્ષણ આપતા. રજાઓ દરમિયાન તેઓ પૂજ્ય બ્રહ્મચારીજી પાસે જતા અને તેઓની આજ્ઞા પ્રમાણે સદ્‌વાંચન, ભક્તિ આદિ કરતા.

તેઓશ્રીએ નિવૃત્તિ લઈને પરમકૃપાળુદેવના અનેક આશ્રમો જેવા કે ધામણ, વડવા, ઘાટકોપર (મુંબઇ), દેવલાલી અને બાંધણીમાં સત્સંગ - સ્વાધ્યાય - ભક્તિ અર્થે રહ્યા હતા. વૈરાગ્ય અને ભક્તિપ્રધાન સ્વાધ્યાય એ તેઓના વ્યક્તિત્વની વિશેષતા હતી. તેઓ તેમની ગ્રામ્ય ભાષામાં ગમ્મત સાથે જ્ઞાન પીરસતા. પૂજ્યશ્રી આત્માનંદજી કોબા સંઘ સાથે યાત્રાએ જતા બાંધણી પધારતા ત્યારે મગનબાપા સુણાવથી બાંધણી સત્સંગ અર્થે આવી જતા અને સૌને સ્વાધ્યાયનો લાભ આપતા. જુઓ સત્સંગ માટે તેઓની અપૂર્વ રુચિ અને સ્વાધ્યાયનિષ્ઠા !

તેઓ સરળ સ્વભાવી, નિષ્ઠાવાન અને અભ્યાસુ ભક્ત હતા. તેઓશ્રીના લોહીના કણેકણમાં પરમકૃપાળુદેવ પ્રત્યેની ભક્તિ વણાઇ ગઇ હતી. તેઓ અત્યંત સરળ અને વિનયી હતા. મહાત્મા ગાંધીજીના સંપર્કમાં તેઓ આવ્યા હતા. તેઓશ્રીએ અપનાવેલ સાદગી આંખે ઊડીને વળગે તેવી હતી. બે જોડી કપડાં અને ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવનનિર્વાહ કરવો તે તેમના જીવનના ધ્યાનાકર્ષક ગુણો છે. તેઓના દર્શન માત્રથી મુમુક્ષુઓને સાદુ જીવન જીવવાની પ્રેરણા મળતી. ભગવાન મહાવીરના અપરિગ્રહના સિદ્ધાંતને તેઓશ્રીએ આત્મસાત્ કર્યો હતો. તેઓશ્રીના સમગ્ર જીવનનું અવલોકન કરતાં ખાતરી થાય છે કે તેઓ પૂર્વભવના આરાધક હતા અને આ ભવમાં પણ પ્રમાદત્યાગ કરી, તીવ્ર પુરુષાર્થપૂર્વક ધર્મની આરાધના કરીને માનવભવને સફળ બનાવ્યો હતો.

તેઓશ્રીનો જીવનમંત્ર હતો : પા - ઉ - પ - જ. <u>પા</u> એટલે ઓછા પાપે જીવવું, <u>ઉ</u> એટલે ઉપાધિઓ ઓછી કરવી, <u>પ</u> એટલે પરઆશ્રય ન કરવો (સ્વાવલંબી બનવું), <u>જ</u> એટલે જરૂરિયાતો ઓછી કરવી - દીનતા ન કરવી. તેઓશ્રી કહેતા કે પરમકૃપાળુદેવની સંસ્થાઓની પરબ મંડાઈ છે. જેને તરસ હશે તે પીવા પામશે અને વહેલો મોડો તરી જશે. પૂ. મગનબાપા જ્યારે કોબા પધારતા ત્યારે સૌને સ્વાધ્યાયનો લાભ આપતા.

દેહવિલયના દિવસે પણ તેઓશ્રીએ શ્રી આત્મસિદ્ધિ, મંત્રજાપ અને ભક્તિક્રમ બપોરે કરી લીધા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી પૂ. મગનબાપા સેવાભાવી, સાધકભક્ત આદ.ડૉ. દીપકભાઈ તુરખિયાના મુલુંડ (મુંબઈ)ના નિવાસસ્થાને રહેતા હતા. ડૉ. દીપકભાઈ અને તેમના ધર્મપત્નીએ પૂ. મગનબાપાની નિઃસ્વાર્થભાવે અને પ્રેમપૂર્વક ઉત્કૃષ્ટ સેવા કરીને સમગ્ર મુમુક્ષુ સમાજ માટે નિઃસ્વાર્થ સેવાનું ઉજ્જવળ દૃષ્ટાંત પૂરું પાડેલ છે. આ માટે સમગ્ર કોબા પરિવાર ડૉ. દીપકભાઈને ધન્યવાદ પાઠવે છે.

પૂ. મગનબાપાને સમગ્ર કોબા પરિવાર વંદન કરે છે અને તેઓશ્રીનો આત્મા આવતા ભવમાં વિશેષ ધર્મઆરાધના કરી પરમપદને પ્રાપ્ત કરે તેવી હૃદયપૂર્વકની પ્રભુને પ્રાર્થના કરે છે.



**[૨] ટાકાટુકા (તા. ભિલોડા) : આદ.શ્રી જોઈતારામ કોદરભાઈ પ્રજાપતિનું** તા. ૧૬-૫-૨૦૧૫ના રોજ ૭૮ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી દેહાવસાન થયું છે. તેઓ પૂજ્ય જેશીંગબાપાના અનન્ય ભક્ત હતા. સાબરકાંઠા વિસ્તારમાં સંતપુરુષ તરીકે સુવિખ્યાત હતા. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે પણ તેઓને ભક્તિભાવ હતો. તેઓ અવારનવાર આપણી સંસ્થામાં સાધના અર્થે પધારતા હતા. સાબરકાંઠા વિસ્તારમાં યોજાતા સત્સંગ-મેળાવડાઓનો તેઓ અચૂક લાભ લેતા. તેઓ ધર્મપ્રેમી, કરુણાશીલ હૃદયવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# અંતર-અવલોકન

સંકલન : પૂર્ણિમાબેન શાહ

- જેમ વાદળ વડે તેજસ્વી સૂર્ય પણ ઢંકાઈ જાય છે તેમ તારા કર્મોથી મળેલા શરીર, ધન, સ્ત્રી અને કુટુંબમોહ વડે, તું પણ શક્તિરૂપે લોકાલોક પ્રકાશક હોવા છતાં તારી શક્તિ ઢંકાઈ જાય છે તેનો તું વિચાર કર.
- આ તારો દેહ વિવિધ વ્યાધિરૂપ વૈરીઓને વશ થતો હોવા છતાં તું એના ઉપર શા માટે મમત્વ કરે છે ?
- ઉત્તમ પ્રકારના ભોજન, પાન, સ્નાન-શૃંગાર અને વિલેપન વડે પોષાયેલો આ દેહ ક્ષણભંગુર છે. એ ક્યારે તને દગો દેશે તે ખબર નથી. તું શા માટે એનો મોહ રાખે છે ?
- હે જીવ ! અનેક પ્રકારના કષ્ટ સહન કરીને તેં જે ધન ઉપાર્જન કર્યું છે અને તેની ઉપર આસક્તિના કારણે તું એને ખર્ચી પણ શકતો નથી તેથી તારા મૃત્યુ પછી અહીં જ પડ્યું રહેશે અને બીજાના હાથમાં જશે, તેનો તું કેમ વિચાર કરતો નથી ?
- જેમ જેમ તું પરિગ્રહ વધારતો જાય છે, તેમ તેમ અધિક ભારથી ભરેલી નાવની જેમ તને ભવસાગરમાં ડૂબાડશે એ તું કેમ સમજતો નથી ?
- હે જીવ ! તું ચિત્તશુદ્ધિ માટે અભિલાષા રાખે છે છતાં સ્ત્રીના હાવભાવમાં અને વિષયરસમાં તું લુબ્ધ બની જાય છે એ તારી કેવી મૂઢતા છે ? ગળીથી રંગેલા વસ્ત્રમાં શ્વેતતા ટકી શકે ખરી ?
- હે જીવ ! મોહરાજાએ તને સ્નેહરૂપી બેડીઓ વડે બાંધીને, સંસાર કારાગૃહમાં નાખ્યો છે અને તેમાંથી તું નાસી ન જાય તે માટે કુટુંબકબિલાદિ સ્નેહીઓના રૂપમાં પહેરેગીર મૂક્યા છે. તેમના ઉપર તું રાગ કેમ કરે છે ?
- હે આત્મન્ ! તું એવું અંતરંગ કુટુંબ કર કે, ધર્મ એ જ તારા પિતા, કરુણા એ જ તારી માતા, વિવેક એ જ તારો ભાઈ, ક્ષમા-સમતા એ જ તારી સ્ત્રી અને જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સદ્‌ગુણો એ જ તારા સુપુત્રો થાય.
- હે આત્મન્ ! તું જ કર્મો કરે છે અને તે કારણે તું ચારગતિમાં ભટકે છે. તેમ છતાં હે આત્મવૈરી ! તે માટે તું બીજાને શા માટે દોષિત ગણે છે ?
- હે ચેતન ! પાંચ ઇન્દ્રિયોરૂપી દુષ્ટ ચોરો, મનરૂપી યુવરાજની સાથે મળી જઈને, તેને વિષયોમાં આસક્ત બનાવીને તારા જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યરૂપી સંપત્તિને લૂંટે છે તો તું તેમને કેમ રોકતો નથી ?
- હે આત્મન્ ! અનંતકાળથી તું મોહરૂપી મદિરા પીને, પુરુષાર્થહીન બનીને મડદા જેવો બની ગયો છે, તો જો જ્ઞાનીપુરુષોના આવા હિતવચનથી જાગૃત થયો હોય તો પોતાના સ્વરૂપનો હવે તું વિચાર કર.
- હે આત્મન્ ! તું લોકપ્રમાણ, અસંખ્યપ્રદેશાત્મક ચેતનસત્તા છે તેમજ અનંતજ્ઞાન અને વીર્ય-શક્તિવાળો છે. તું તારી મૂળ શક્તિને સંભારી-પ્રમાદ ત્યજી સાવચેત થા.
- હે આત્મન્ ! પુરુષાર્થ કરીને જે શિવપુરનો તું વાસી બની શકે એમ છે તે છોડીને આ દુ:ખમય સંસારમાં શા માટે રખડ્યા કરે છે ?
- હે આત્મન્ ! સંસારરૂપી પર્વતને હવે તું ધ્યાનરૂપી વજ્ર વડે ભેદીને સંસારપરિભ્રમણનો નાશ કર.
- હે વિલક્ષણ ! જે મહાપુરુષોને આત્મજ્ઞાન થયું છે, તે જ્ઞાનને તું મોક્ષસુખ આપનારું નિશ્ચયજ્ઞાન જાણ અને બાકીનું ગમે તેટલું જ્ઞાન મેળવ્યું હોય તો પણ વ્યવહારજ્ઞાન જાણ.
- હે જીવ ! હે આત્મન્ ! હવે તું એવું જ્ઞાન મેળવ, એવું ધ્યાન કર અને એવું આચરણ કર કે જેથી તું આત્મિકસુખનો ભોક્તા બની શકે, સહજ સમાધિરૂપ નંદનવનમાં શાશ્વત આનંદનો અધિકારી બની શકે. એને જ તારો આ માનવભવની સફળતાનો પરમ ધર્મ સમજ.

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

# રાજભક્તિ

- મધુભાઈ પારેખ (રાજકોટ)



મારા ગુરુજીને એટલું કેજો, જોઉં તમારી વાટ;
કરુણાસાગર કૃપા કરીને, પકડી લેજો હાથ.
ચાર ગતિમાં ભૂલો પડ્યો છું, કોઈ ન આપે સાથ;
સગા સંબંધી શરણું ન આપે, એક તમારો સંગાથ.
ધન વૈભવમાં શાંતિ મળી નહીં, વધ્યો તાપઉતાપ;
સંતોષમાં સુખ માન્યું નહીં, ના માની તમારી વાત.
રાગ-દ્વેષમાં રાચી રહ્યો, રુચ્યો નહીં સત્સંગ;
મિથ્યા જ્ઞાનમાં મ્હાલી રહ્યો, ડૂબી રહ્યો દિનરાત.
પરને કાજે પ્રપંચ બહુ કીધા, સેવ્યા નહીં ગુરુસંત;
પોતે પોતાને ભૂલી ગયોને, પરમાં પ્રીતિ અમાપ.
હવે તમારા વચનામૃતનો, ગ્રહણ કરું છું સાર;
આત્મસિદ્ધિમાં શોધી રહ્યો છું, ખોવાયેલો આપ.
અપૂર્વ અવસર આપજો એવો, મૂળ મારગ સમજાય;
બિના નયનનું જ્ઞાન તમારું, સહજમાં સમજાય.
જડ-ચેતનનો વિવેક પામી, યમનિયમ આધાર;
ધન્ય રે દિવસ આવે એવો, સ્વરૂપ પ્રતીતિ થાય.
કેવળ કરુણામૂર્તિ તમે છો, ઉગારોને આ બાળ;
રાજપ્રભુ તમ શરણ ગ્રહું છું, સ્નેહથી રાખજો સાથ.

**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ સ્વ. શ્રી છોટાલાલ નાનજીભાઈ ભીમાણીના આત્મશ્રેયાર્થે**

હસ્તે : આદ. શ્રીમતી ઇન્દિરાબેન છોટાલાલ ભીમાણી (રાજકોટ), તેઓના પુત્રો, પુત્રી તથા પરિવારજનો તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ શ્રીમતી નીતાબેન ભાવેશભાઈ દોશી અને શ્રી ભાવેશભાઈ સુમતિચંદ્ર દોશીના લગ્નતિથિ નિમિત્તે** - ઘાટકોપર, મુંબઈ, હસ્તે : શ્રીમતી નયનાબેન સુમતિચંદ્ર દોશી તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007, Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah